Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૩૦
તા.૨૬-૦૯-૨૦૧૭, મંગળવાર
સંવત ૨૦૭૩ આસો સુદ- ૦૬
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૧ સૂર્યાસ્ત : ૦૬:૩૧

તાપમાન: ડીસા ૩૪.૨, અમદાવાદ ૩૩.૩, ગાંધીનગર ૩૫.૦, વડોદરા ૩૩.૪, સુરત ૩૨.૪, નલિયા ૩૧.૮

ચાંદી : ૪૦,૩૦૦ સોનું : ૩૦,૨૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# નોટબંધી-જીએસટીના કારણે દેશને નુકશાન : રાહુલ

**દ્વારકાધીશમાં દર્શન કરીને રાહુલે પ્રચારના શ્રીગણેશ કર્યા : મોદીએ નાના દુકાનદારો તેમજ વેપારીઓને ફટકો પડે તે રીતે જીએસટીને અમલી બનાવ્યું હોવાનો આક્ષેપ**

અમદાવાદ

દ્વારકાથી સૌરાષ્ટ્રઝોનમાં કોંગ્રેસનો ચૂંટણી પ્રચાર શરૂ કરનાર કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે પોતાની જાહેરસભા દરમ્યાન મોદી સરકાર અને ભાજપ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, નોટબંધી અને જીએસટીના કારણે દેશને ખાસ કરીને ખેડૂતો, ગરીબો, મધ્યમવર્ગ તેમ જ નાના વેપારીઓ- લઘુ ઉદ્યોગને કલ્પી ના શકાય તેવું પારાવાર નુકસાન થયું છે. મોદી સરકાર અને ભાજપ એ પાંચ-છ ઉદ્યોગપતિઓ અને કંપનીઓ માટે નિર્ણયો કરે છે. ગરીબો અને ખેડૂતોને વીજળી-પાણી પૂરું પાડવાને બદલે મોદી સરકાર તેમની માનીતી કંપનીઓને સસ્તા ભાવે જમીન, પાણી અને વીજળી પૂરી પાડે છે. જો કોંગ્રેસની સરકાર આવશે તો, ખેડૂતો, યુવાઓ અને ગરીબોની સરકાર બનશે. સૌકોઈને કોંગ્રેસ રાહત આપશે. ડીઝીટલા ઈઝેશનના લીધે ખેડૂતોને કોઈ ફાયદો નથી. ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા પ્રચાર માટે પહોંચેલા રાહુલે વડાપ્રધાન ઉપર પ્રહારો કર્યા હતા. મોદીએ કોઈની સલાહ લીધા વગર ભારતના અર્થતંત્ર ઉપર જોરદાર આક્રમણ કરી દીધું છે.

## બનાસકાંઠાના એન. એચ. એમ.ના કર્મીઓ હડતાલ પર



સંજય જોષી

**કરાર આધારિત ૩૦૦ જેટલા કર્મીઓ હડતાલ પર જતા આરોગ્ય સેવા ખોરવાઈ**

પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના લઘુતમ વેતન અને સમાન કામની માંગને લઈને કરાર આધારિતએન. એચ. એમ. અને ઈ. C.H. ના કર્મીઓ અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરી ગયા હતા.

આ હડતાળમાં ઈજરના ડોકટર અને પ્રોગામ ઓફિસર સહિતના કર્મીઓ પણ હડતાલ પર ઉતર્યા છે. ૩૦૦ જેટલા કર્મીઓ હડતાલ પર જતાં જીલ્લામાં આરોગ્ય

અનુસંધાન પાના નં.૬

## ચડોતર પાસે ટ્રક અને કાર વચ્ચે અકસ્માતમાં ૧ નું મોત:૩ ઘાયલ



સંજય જોષી

પાલનપુર

પાલનપુર-ડીસા હાઈવે પર ચડોતર નજીક ટ્રક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જયારે ૩ લોકોને ઈજા થતા તેઓને સારવાર અર્થે ખસેડાયા હતા.

પાલનપુર તાલુકાના ચડોતર હાઈવે પર હોટલ ડિસન્ટ પાસે ટ્રક અને અમદાવાદ પારસિંગની કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એક ૩૫ વર્ષીય અજાણ્યા યુવકનું તો ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. જયારે ૩ લોકોને ઈજાઓ થતા તેઓને ૧૦૮ મારફતે સારવાર અર્થે ખસેડાયા હતા.

અનુસંધાન પાના નં.૬

## ગરીબોને ૨૪ કલાક વિજળી આપતી સૌભાગ્ય સ્કીમ લોંચ

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગ્રામીણ અને શહેરી ક્ષેત્રોમાં તમામ ઘર સુધી વિજળી પહોંચાડવા માટે આજે સૌભાગ્ય યોજનાની શરૂઆત કરી હતી. વડાપ્રધાન જનસંઘના વિચારક દિનદયાળ ઉપાધ્યાયની જન્મજયંતિ પર દેશને કેટલીક મહત્વપૂર્ણ માહિતી આપી હતી. સૌભાગ્ય યોજનાનો મતલબ પ્રધાનમંત્રી સહજ વિજળી દરેક ઘરની યોજના છે. આ હેઠળ દરેક ગામ, દરેક શહેરના દરેક ઘર સુધી વિજળી પહોંચાડવાનું લક્ષ્ય રાખ્યું છે. ૩૧મી માર્ચ ૨૦૧૯ સુધી આને પૂર્ણ કરી લેવામાં આવશે.

## ગનાપીપળીના ઢાળમાં વિચિત્ર ત્રિપલ અકસ્માત

**પોલીસે રેસ્ક્યુ ઓપરેશન કરી કાટમાળમાં ફસાયેલા ટ્રેલર ચાલકને બહાર કાઢ્યો**



હિતેન્દ્ર અગ્રવાલ

અંબાજી

દાંતા તાલુકાના ગના પીપળીના ઢાળમાં સર્જાયેલ ત્રિપલ અકિસ્માતમાં પોલીસે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી ટ્રેલરના કાટમાળમાં ફસાયેલ ડ્રાયવરને સહી સલામત બહાર કાઢી સારવાર અર્થે દવાખાને ખસેડ્યો હતો.

બનાવની મળતી વિગતો મુજબ હડાદ પોલીસ સ્ટેશન હદના ગનાપીપળીના ઢાળમાં ત્રિપલ અકસ્માત થયો હોવાની જાણ થતા પી.એસ.આઈ. એસ.કે. પરમાર સ્ટાફ સાથે તાબડતોબ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. જે વિચિત્ર અકસ્માતમાં ટ્રેલરનો ડ્રાયવર કાટમાળમાં ફસાઈ ગયો હતો. તેથી તરત જે.સી.બી. મશીન અને કેન બોલાવી હાઈવે ઉપરથી પસાર થતા વાહન ચાલકો અને મુસાફરોની મદદથી લકઝરી કેબિન ઉપર ન પડે તે માટે ટેકો રાખી ક્રેનથી લકઝરી બસને ઉંચી કરી કેબિનનો દરવાજો હટાવી ટ્રેલરના બોનેટ ઉપર સ્ટેયરીંગ વચ્ચે ફસાયેલા ડ્રાયવરને ત્રણ કલાકની ભારે જહેમત બાદ માંડ બહાર કાઢી તેને ૧૦૮ મોબાઈલ વાન દ્વારા સારવાર અર્થે અંબાજીની કોટેજ હોસ્પિટલ ખસેડ્યો હતો.

અનુસંધાન પાના નં.૬





## કુંપટ ગામમાં બે દિવસમાં બે લાંબા અજગર દેખાતા ગ્રામજનોમાં ફફડાટ

**બંને અજગર પકડી સુરક્ષિત સ્થળે છોડી દેવાયા**

પ્રતિનિધી વડાવળ



નરસિંહ દેસાઈ

ડીસા તાલુકાના બનાસ નદીના તટે આવેલ ગામોમાં અવારનવાર જંગલી જાનવરો ઘુસી આવતા હોય છે ત્યારે ગત શનિવારના દિવસે કુંપટ ગામે નદી કિનારે આવેલ બાબુજી વજેસિંગના ખેતરોમાં એક ૭ ફુટ લાંબા અજગરે દેખા દેતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. ગામના સરપંચ લાખુસિંગ સહિત અન્ય આગેવાનો દ્વારા આ અંગે ડીસા ફોરેસ્ટ વિભાગને જાણ કરવામાં આવતા ફોરેસ્ટ વિભાગ દ્વારા વિશાળકાય અજગરને પકડી સુરક્ષિત જગ્યાએ છોડવામાં આવ્યો હતો. ત્યારે ફરી બીજા અજગરે પણ દેખા દેતા કુંપટ ગામમાં બે દિવસમાં બે અજગર આવતા ગામલોકો જોવા માટે ટોળે વળ્યા હતા. શીતળા માતાના મંદિર નજીક ખેતરમાંથી બીજા અજગરને વાઈલ્ડ લાઈફ એન્ડ નેચરલ કન્ઝરવેશનના યુવાનોને જાણ કરતાં અજગરને ઝડપી પાડ્યો હતો અને સુરક્ષિત વિસ્તારમાં છોડવાની તજવીજ હાથ ધરાઈ હતી. ત્યારે નદીકિનારે આવેલા કુંપટ ગામમાં બે દિવસમાં બે અજગર આવતા ગામમાં પણ ફફડાટ ફેલાઈ જવા પામ્યો હતો.

**જાહેર હરાજી**

છાણીયા ખાતર (ઉકરડા) ની જાહેર હરાજી

તા.૨૬/૦૯/૨૦૧૭, મંગળવાર
સવારે ૧૦.૦૦ વાગે

શ્રી રાજારામ
ગૌશાળા આશ્રમ
ટેટોડા, તા.ડીસા, જિ.બ.કાં.
ફોન : ૦૨૭૪૪ - ૨૪૩૪૩૩
મો.૯૭૨૪૩૨૫૩૨૯, ૯૭૨૪૩૨૫૩૧૧



સૂર્યોદય - ૬.૩૧ સૂર્યાસ્ત - ૬.૩૧

## તિથિદર્શન

આસો સુદ-૬ મંગળવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ આસો સુદ :છઠ્ઠ મંગળવાર નવરાત્રી નક્ષત્ર : અનુરાધા સવારે ૭.૦૨ પછી જયેષ્ઠા યોગ :પ્રિતી કરણ : ગર આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન.ય.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

**મનીષિણઃ સન્તિ ન તે હિતષિણો,**
**હિતેષિણઃ સન્તિ ન તે મનીષિણઃ**
**સુદચ્ય વિદ્વાનપિ દુર્લભો તૃણાં**
**યથૌષધં સ્વાદુ હિત્તં દુર્લભમ્**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ' નો આ શ્લોક છેઃ-

'જે બુદ્ધિમાન છે તે બધા જ કંઈ લોકોનું હિત ઈચ્છનારા હોતા નથી અને જેને ખરેખર લોકસેવા કરવી છે એ બધા કંઈ એટલા બુદ્ધિમાન પણ હોતા નથી. હિતૈષી- લોકહિત શુભેચ્છક પણ હોય અને બુદ્ધિમાન પણ હોય એવો સુભગ સમન્વય દુર્લભ હોય છે. જેમ કે, હિત કરનાર દવા- ઔષધ પણ હોય અને સ્વાદિષ્ટ પણ હોય! અર્થાત્ ઔષધ તો કડવું તૂરું- બે સ્વાદમાં જ હોય...'

આપણી સરકાર- સચિવાલયો અને સેવાભાવી સંગઠનોમાં બુદ્ધિમાન લોકોનો કંઈ દુષ્કાળ નથી. આમ છતાં અનાજ ખાય, ઘાસચારો ખાય, ટેલિફોનનાં દોરડાં ખાય, સૈનિકોના નામે મકાન- પ્લોટ ખાય, સ્વૈચ્છિક સેવાના નામે મેવા ખાતી સંસ્થાઓ પણ છે. બુદ્ધિમાનો હિતૈષી જ હોય એવું નથી.

બીજું લોકોનું ખરેખર હિત ઈચ્છનારા અન્ના- મશરૂ જેવા કોઈની સલાહથી સરકારની હડફેટે ચઢી જાય છે. નાહક બદનામ થઈ જાય!

બુદ્ધિમાન અને હિતેચ્છુ બંને એકસાથે દુર્લભ છે. દવાઓ કડવી જ હોય, દવા પણ હોય ને મીઠી પણ હોય એવું ભાગ્યે જ બને!

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) મનમાં વ્યર્થ ક્રોધ રહે. સ્નેહિ- પડોશીથી સંઘર્ષ ટાળવો.**
**વૃષભ : (બ.વ.ઉ.) વાહન-મકાનની ખરીદી થાય. લાભની તક સાંપડે.**
**મિથુન :(ક.છ.ઘ.) ભાગીદારીથી લાભ થાય. પ્રિય પાત્રનો સહકાર મળે.**
**કર્ક : (ડ.હ.) નાણાંભીડ તીવ્ર બને. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.**
**સિંહ : (મ.ટ.) મિલન-મુલાકાતમાં સફળતા મળે. વ્યવસાયિક કાર્યો સફળ થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.) માનસિક ચિંતા રહે. નાણાંભીડ અનુભવાય.**
**તુલા : (ર.ત.) ચિંતાનો ઉકેલ મળે. આરોગ્ય સંભાળવું.**
**વૃશ્ચિક :(ન.ય.) કાર્યબોજ હળવો બને. નવિન શુભ સમાચાર મળે.**
**ધન : (ભ.ફ.ધ.) જમીન-મકાનને લગતા કાર્યોમાં સફળતા મળે. ધન ખર્ચ થાય.**
**મકર : (ખ.જ.) સ્નેહિથી મિલન, સંતાનોથી લાભ, મન પ્રફુલિત રહે.**
**કુંભ : (ગ.શ.સ.) પુરૂષાર્થ પછી વિશેષ ફળ મળે. પ્રવાસમાં લાભ થાય.**
**મીન : (દ.ચ.જ.થ.)ભાઇ-ભાંડુથી લાભ થાય. નવિન આયોજન કરી શકશો.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

આરંભમાં ઉગ્ર ક્રાન્તિકારી અને પાછળથી ગાંધીજીની વિચારસરણીથી પ્રાભવિત થઈને તેમની ચળવળમાં અગ્રણી બની ભાગ લેનાર પંડિત સુંદર તોતારામની જન્મજયંતી છે.

પંડિત સુંદરલાલનો જન્મ ઉત્તર પ્રદેશ મુઝફરપુર નગરના ખાટોલી ગામે થયો હતો. જન્મ ૨૬-૯-૧૮૮૬ ૧૯૫૧ માં ચીનના ભારતીય સંસ્કૃતિક મંડળના નેતા તરીકે તેઓ ગયા હતા. અને ત્યાંતી અમેને ચાઈના ટુડે નામનું પુસ્તક લખ્યું હતું. ૯-૫-૧૯૮૧ ના રોજ એમનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## નિફ્ટી ફ્યુચર ૯૯૦૯ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ...!!!

**તા ૨૫.૦૯.૨૦૧૭ ના રોજ નિફટી ફ્યુચર બંધ ભાવ (૯૮૮૦) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૮૩૦ પોઈન્ટના પ્રથમ અને ૯૮૦૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૯૯૦૯ પોઈન્ટ થી ૯૯૧૯ પોઈન્ટ, ૯૯૫૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૯૮૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) મારૂતી ઉધોગ (૭૯૮૦) :- ઓટો ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૭૯૪૪ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૭૯૦૯ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૮૦૦૮ થી રૂ.૮૦૩૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૮૦૩૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) ઇન્ડસિન્ડ બેન્ક (૧૭૦૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૬૯૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૬૭૬ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૭૨૪ થી રૂ.૧૭૩૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) મહેન્દ્રા - મહેન્દ્રા (૧૨૬૨) :- રૂ.૧૨૩૭ પ્રથમ તેમજ રૂ.૧૨૨૩ ના બીજા સપોર્ટથી ઓટો સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૨૮૪ થી રૂ.૧૨૯૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) ડિવિસ લેબ (૯૫૭) :- ફાર્મા સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૯૭૩ થી રૂ.૯૮૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૯૩૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) ઓરબિન્દો ફાર્મા (૭૦૧) :- રૂ.૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૬૯૦ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ફાર્મા સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૭૨૩ થી રૂ.૭૩૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) એશિયન પેઈન્ટ (૧૨૦૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ પેઈન્ટસ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૨૧૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૧૮૮ થી રૂ.૧૧૭૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૨૩૦ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૨૪૪) :- રૂ.૧૨૬૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૨૭૯ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૨૧૭ થી રૂ.૧૨૦૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૨૮૧ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) ઈન્ફોસિસ ( ૯૦૨ ) :- ટેક્નોલૉજી સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૯૨૩ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૮૮૮ થી રૂ.૮૮૧ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) રિલાયન્સ ઈન્ડ (૮૨૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રિફાઇનરી સેક્ટરનો આ સ્ટોક રૂ.૮૪૪ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૮૧૧ થી રૂ.૮૦૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૮૪૮ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) સિપ્લા લિમિટેડ (૫૭૮) :- રૂ.૫૮૯ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૯૫ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૫૬૧ થી રૂ.૫૪૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૫૯૬ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

### ગણપત યુનિ.ની વિશેષ વ્યાખ્યાન શ્રેણી

## "એનહાન્સમેન્ટ ઓફ ક્વોલિટી ઈન હાયર એજ્યુકેશન" વિશે ડો.(મિસ)પી.કે.તુલસીનું પ્રેરણાત્મક વ્યાખ્યાન યોજાયું




ગણપત યુનિવર્સિટી

બે વર્ષ પહેલા ઉજવાયેલા દશાબ્દિ-વર્ષ નિમિત્તે ગણપત યુનિવર્સિટીએ એક વિશેષ શ્રેણીનો પ્રારંભ કર્યો જેમાં દર મહિને કોઈ વિષયના જ્ઞાતાનું પ્રવચન યોજાય છે. ગત શનિવારે તા.૨૩ મીના રોજ આવું જ એક વિશેષ વ્યાખ્યાન યોજાઈ ગયું જેમાં ચંદીગઢના નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનિકલ ટિચર્સ ટ્રેઈનિંગ એન્ડ રિસર્ચના ડો.(મીસ.)પી.કે.તુલસી નિષ્ણાત વ્યાખ્યાતા પધાર્યા હતા અને એમણે "એનહાન્સમેન્ટ ઓફ ક્વોલિટી ઈન હાયર એજ્યુકેશન" વિષય ઉપર પોતાના મનનીય વિચારો રજુ કરી ગણપત યુનિ.ના પ્રાધ્યાપકો અને અભ્યાસુઓને ભારે પ્રભાવિત કર્યા હતા.

પ્રારંભે ગણપત યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ પ્રો.ડો.મહેન્દ્ર શર્માએ મહેમાન મેડમ ડો.(મિસ)પી.કે.તુલસીનું સ્વાગત કરી, વ્યાખ્યાનની ભૂમિકા સમજાવતા આધુનિક શિક્ષણની દિશા વિશે કેટલાંક સંકેતો આપી તેમાં ક્વોલિટીની અનિવાર્યતા કેટલી મહત્વની બની રહેશે તે જણાવ્યું હતું, જેમાં તેમણે ઓનલાઈન એજ્યુકેશન, ફિઝીકલ કલ્સારૂમનું અસ્તિત્વ, ઈન્ડસ્ટ્રીયલ પ્રિમાઈસીસમાં જ શું ક્લાસરૂમ ઉભા થઈ જશે ? શિક્ષણમાં શિક્ષકની ભુમિકા જળવાઈ રહેશે.? શુ થશે ? શું નહીં અનેક મુદ્દાઓ છોડીને એમણે એજ્યુકેશન ક્વોલિટીની આવશ્યકતા ઉપર વાત લાવીને મેડમ ડો.પી.કે.તુલસીને એમના વિચારો વ્યક્ત કરવા આહવાન આપ્યું હતું. ડો.(મિસ)તુલસીએ ક્વોલિટી એજ્યુકેશન માટે જરૂરી ઈન્ફ્રાસ્ટક્ચરના અભાવે દેશભરમાં ૮૦૦ જેટલી એન્જિનિયરીગ કોલેજો બંધ કરવાનો આદેશ આપ્યો છે. એવી વિગત આપી ક્વોલિટી એજ્યુકેશન માટે શું છે.? શું નથી વગેરે વાતો એક પછી એક મુદ્દા અને દાખલા સાથે પોતાના વ્યાખ્યાનની માંડણી કરી હતી.

કાર્યક્રમનું આયોજન પ્રો.ડો.આનંદ મંકોડિયાએ કર્યું હતુ. તો આયોજનને સફળ બનાવવામાં રજિસ્ટ્રાર ડો.અમિત પટેલ અને ગણપત યુનિવર્સિટી પરિવારના દરેક સભ્યોએ મહત્વનું પ્રદાન કર્યું હતું.

## ડીસા ખાતે સ્વર્ગસ્થ દાનવીર નારણબાપા ભાયાણીની શ્રધ્ધાંજલી સભા યોજાઈ

ડીસા

મૂળ ભારતના વતની અને કિસુમુ-કેન્યા ખાતે રહેતા તેમજ તાજેતરમાં તા.૨૦/૯/૨૦૧૭ ને બુધવારે લંડન ખાતે ૮૪ વર્ષની જૈફ ઉંમરે મૃત્યુ પામેલા જાણીતા દાનવીર ગરીબોના બેલી એવા નારણબાપા ભાયાણીને ડીસા ખાતે નવરાત્રિ મહોત્સવ દરમ્યાન તા. ૨૩/૯/૨૦૧૭ ને શનિવારે રાત્રે શ્રદ્ધાંજલિ આપવા ચાહત બંગ્લોઝ ખાતે પ્રાર્થનાસભા યોજાઈ હતી. ચાહત બંગ્લોઝના અગ્રણી ભગવાનભાઈ બંધુએ નારણબાપા ભાયાણીના ઉદાર અને દાતાર જીવન વિશે માંડીને વાત કરી હતી અને તેમના લીધે અનેક જરૂરિયાતમંદોને મળેલ મદદની પણ વાત કરી હતી.

પૂજ્ય નારણબાપા ભાયાણીના દિવ્ય આત્માને શાંતિ મળે તે માટે બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. આ અવસરે ચાહત બંગ્લોઝ તેમજ આજુબાજુની સોસાયટીઓમાંથી પણ સારી સંખ્યામાં ભાઈ- બહેનો ઉપસ્થિત રહ્યાં હતા. શ્રદ્ધાંજલિ સભામાં સર્વ ભગવાનભાઈ બંધુ, સેવંતીભાઈ સોની, વસંતભાઈ રાફુવાળા, શંભુભાઈ બારોટ, રમેશભાઈ જોષી, પ્રકાશભાઈ ઠક્કર, નરેશભાઈ આચાર્ય, ધર્મેન્દ્રભાઈ પટેલ, ડૉ.મનીષભાઈ ઠક્કર, જયંતિભાઈ આચાર્ય, નિરંજનભાઈ પાંચાણી, પિયુષભાઈ ઠક્કર, નીરવભાઈ કાનાબાર, મહેશભાઈ પોપટ, રજનેશભાઈ હીરાણી, સુરેશભાઈ જે. ઠક્કર, વિનોદભાઈ ભીલડીવાળા, પુનિતભાઈ તન્ના, રાજુભાઈ ઠક્કર(નોટરી), અમિતભાઈ દેસાઈ,

**અનુસંધાન પાના નં.૬**

# 'ફૂલ ગજરો રે મારો હીર ગજરો....'



બનાસકાંઠા જિલ્લામાં નવરાત્રિ ધીમા પગલે જામી રહી છે ત્યારે શહેરી વિસ્તારમાં ડી.જે.ના તાલે અને ગ્રામ્ય વિસ્તારમાં હળવી કંઠથી ગવાતા માતાજીના ગરબાની ધૂમ મચી છે. માતાજીની ગરબી ફરતે બાળાઓ ગરબા ગાઈ રહી છે. ડીસા - પાલનપુરના શહેરી વિસ્તારમાં જુદી જુદી વેશભૂષામાં સજજ યુવક - યુવતીઓ અવનવા સ્ટેપ્સ સાથે ગરબે ઘૂમી રહ્યા છે. પાર્ટી પ્લોટમાં યુવા હૈયાઓ મનમુકીને આધુનિક સીસ્ટમના તાલે ગરબાની રમઝટ માણી રહ્યા છે. (ભરત સુંદેશા, સંજય જોષી)

## "સ્વચ્છતા" અભિયાન માટે જનકભાઈ ઠક્કર ગાંધીનગરના "બ્રાન્ડ એમ્બેસેડર" બન્યા



ગાંધીનગર

જ્યારથી નરેન્દ્રભાઈ મોદી દેશના વડાપ્રધાન બન્યા છે ત્યારથી તેમણે દેશને એક માત્ર સ્વચ્છ બનાવવાની નેમ લીધી છે. "સ્વચ્છ ભારત" અંતર્ગત આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે અને દેશને વધુમાં વધુ સ્વચ્છ કેવી રીતે રાખી શકાય તેના પ્રયત્નો કરવામાં આવ્યા એવા જ મિશન જેમાં દરેક નગરપાલિકામાં "બ્રાન્ડ એમ્બેસેડર" સ્વચ્છતા અભિયાન અંતર્ગત કોઈ મહાનુભાવની નિમણૂંક કરવામાં આવે છે જે કોઈ ખૂબજ જાણીતા શહેરમાં હોવાથી લોકોમાં વધુને વધુ જાગૃતિ આવે.

"સ્વચ્છ ભારત" અભિયાન અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા હમણાં જ ગાંધીનગરના "બ્રાન્ડ એમ્બેસેડર" તરીકે જનક જશવંતભાઈ ઠક્કરની નિમણૂંક કરી છે.

જનકભાઈ ઘણી ગુજરાતી ફિલ્મોમાં મુખ્ય અભિનેતા તરીકે કામ કરી ચૂક્યા છે. ઘણી હિન્દી તથા ગુજરાતી સીરીયલમાં પણ મુખ્ય ભૂમિકા ભજવી ચૂક્યા છે અને હાલમાં તેમની "કલર્સ ગુજરાતી" પર આવતી સિરીયલ "સુરી" કે જેમાં તેઓ મુખ્ય અભિનેતા તરીકે કામ કરી રહ્યા છે. આ સિરીયલ હાલ ગુજરાતની નં.૧ સિરીયલ તરીક ચાલી રહી છે.

**અનુસંધાન પાના નં.૬**

## ડીસા ખાતે ક્રિષ્ના કાઠીયાવાડી ગાર્ડન રેસ્ટોરન્ટનો ૧૧ વર્ષમાં મંગલ પ્રવેશ



ભરત સુંદેશા

ક્રિષ્ના કાઠીયાવાડી રેસ્ટોરન્ટ એ.સી.ગાર્ડન સાથે આધુનિક વ્યવસ્થા સાથે ૧૧ માં વર્ષ માં ભવ્ય મંગલ પ્રવેશ થયેલ. જેમોં આશીર્વચન આપવા માટે ઢીમાથી સુરદાસ બાપુ,ગમનપૂરા ભૂવાજી નારણભાઈ,ડીસા નાં ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ, માર્કેટયાર્ડનાં ચેરમેન માવજીભાઈ દેસાઈ, નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ માળી, ડી.કે. દેસાઈ સંઘ નાં ચેરમેન, રાણાભાઈ દેસાઈ, બાબુભાઇ પાનકુટા, જગદીશભાઈ ચાવડા, પ્રકાશભાઈ ભરતીયા, દીપકભાઈ પટેલ, ગફૂલભાઈ, બાબરભાઈ તેમજ ડીસા શહેર નાં વેપારીઓ, ડોક્ટરો, બિલ્ડરો, અધિકારી ગણ તેમજ આજુ બાજુ ગામનાં આગેવાનો, સરપંચો, યુવાનો, બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. જેમનો સ્વ હાથિભાઈ દેસાઈ બાઈવાડા વતી કરશનભાઈ સરપંચ, નરસિંહભાઈ, બાબુભાઈ, અમરતભાઈ, સાગરભાઈ, ક્રિષ્ના કાઠીયાવાડી હૉટલ પરિવાર તરફથી ખુબ ખુબ આભાર માન્યો હતો.

## મોટી આખોલ ખાતે નવરાત્રિ ગરબાની રમઝટ



વિપુલસિંહ દરબાર

રાજયભરમાં નવરાત્રિ દ્વારા ગરબાની રમઝટ જામવા લાગી છે ત્યારે ડીસા તાલુકાના મોટી આખોલ ખાતે ટી.એલ.ફાર્મમાં આવેલ મેલડી માતાજીના મંદિરે ગરબાનું આયોજન કરાયું છે. જેમાં દરબાર પરિવારના તખતસિંહ, સરદારસિંહ, ચેતનસિંહ, કનુભા, ચિનુભા, જીતુભા, ગોદડસિંહ, અર્જુનસિંહ તથા વિપુલસિંહ વગેરે યુવાનો સેવા આપી રહ્યા છે.

## સપ્રેડા હાઈસ્કુલમાં ચિત્ર સ્પર્ધા યોજાઈ



વર્ધાજી ચૌહાણ

પ્રતિ. ઢીમા

વાવ તાલુકાની સપ્રેડા વિદ્યાલય ખાતે તાલુકા કક્ષાની ચિત્ર સ્પર્ધા ધો.૧ થી ૫, ધોરણ ૬ થી ૮ બાળકવિ ઉત્સવ યોજાયેલ. બી.આર.સી. રામજીભાઈ પટેલ(ટડાવ) સી.આર.સી. નટવરભાઈ જોષીની અધ્યક્ષતામાં યોજાયેલ ઉત્સવથી ૧ થી ૩ નંબરના વિજેતાઓને ઈનામો આપેલ. બહોળી સંખ્યામાં વિદ્યાર્થી શિક્ષક મિત્રો હાજર રહ્યા હતા.

## આસેડા પ્રાથમિક શાળામાં નવરાત્રિની ઉજવણી



ચેતન શ્રીમાળી

પ્રતિ. આસેડા

ડીસા તાલુકાના આસેડા પ્રાથમિક શાળામાં રાસ ગરબા યોજાયા હતા તેમાં શાળાના તમામ વિદ્યાર્થીઓ સહિત શાળાના સ્ટાફગણે નવરાત્રિના ગરબામાં જોડાઈને માના ગુણ ગાન ગાયા હતા. તેમાં બાળકોને નાસ્તા વિતરણ કરાયું હતું.

## અમીરગઢ કોલેજમાં થેલેસેમિયા રોગનિદાન કેમ્પ યોજાયો

અમીરગઢ

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી અમદાવાદ તથા સરકારી વિનયન કૉલેજ, અમીરગઢના સંયુક્ત ઉપક્રમે તા. ૨૨/૯/૨૦૧૭ શુક્રવારના રોજ થેલેસેમિયા રોગનિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદના કેમ્પ ઈન્ચાર્જ પ્રવિણભાઈ, લેબ ટેકનીશીયન જગદીશભાઈ ઉપસ્થિત રહ્યા હતા. સૌપ્રથમ થેલેસેમિયા કેમ્પના ઈન્ચાર્જ પ્રવિણભાઈએ વિદ્યાર્થીઓને થેલેસેમિયા રોગ વિશે જાણકારી આપી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ત્યારબાદ પ્રથમ વર્ષના ૧૧૦ વિદ્યાર્થીઓના લોહીના નમૂના લેવામાં આવ્યા હતા. આ કેમ્પનું આયોજન આચાર્ય નરેશભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. કો.ઓર્ડિ. એન.બી. રાવલે કર્યું હતું.

## ખીમત ગામે ડાભી પરિવારના મોભીનું અવસાન

(તા.પ્રતિનિધિ) ધાનેરા

ગત તા.૨૩/૦૯/૨૦૧૭ ના રોજ ધાનેરા તાલુકાના ખીમત ગામે કુમર,ખીમત અને છીડીવાડા એમ ત્રણ ગામના મોભી, વડીલ, આગેવાન એવા હરીભાઈ ગજાભાઈ ડાભી અવસાન પામ્યા છે. સદગત હરીભાઈની સ્મશાન યાત્રામાં સગા-સબંધી સહિત ઘણા માણસો જોડાયા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે સ્વ.હરિભાઈ પરિવારની સાથે સમાજ માટે પણ પ્રેરણાદાયી જીવન જીવ્યા છે.પરિવારના દરેક કાર્યમાં સૌને સાથે રાખી હંમેશાં દરેકને ભાવતા.પરિવારના શૈક્ષણિક, સામાજિક અને આર્થિક વિકાસ માટે સતત હકારાત્મક ચિંતા કરતાં હતા.એમનું અવસાન થતા ડાભી પરિવારમાં મોટી ખોટ પડી છે.પરિવાર અને ઉપસ્થિત સૌ જનોએ સદગત આતમાને શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

# થરા નગરમાં ગરબા - ગરબીને ભવાઈની રમઝટ ચાચર ચોકમાં પ્રાચીન પરંપરા મુજબ આજે પણ જામે છે


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ થરા

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા નગરમાં જુના ગામ તળમાં પ્રાચીન બહુચરાજી મંદિર ઉપરાંત ગોગાચોક, તેરવાડીયાવાસ ખાતે આજે પ્રાચીન પરંપરા મુજબ નવલા નવરાત્રીમાં ગરબા - ગરબી અને ભવાઈ વેશ થાય છે. જેમાં મહિલા - પુરૂષ - યુવક - યુવતીઓ ચાચરચોકની મર્યાદા મુજબનો પોષાક પહેરી ગરબા - ગરબી રમે છે. તીથી મુજબ ત્રણેય સ્થળે ભવાઈ વેશ થાય છે. લોકોને આજે પરોઢીયા સુધી ભવાઈ વેશમાં મનોરંજન સાથે ધાર્મિક બોધપાઠ પણ મેળવે છે. રાજાશાહી સમયથી સ્થાપિત આ ઐતિહાસિક બહુચર માતાજીના સ્થાનકના વિકાસમાં માઈ - મંડળના તમામ સભ્યોનું યોગદાન અનોખું છે. જ્યાં ન કોઈ વિવાદમાં શક્તિનું કાર્ય છે ને કરવાનું છે. સ્વ.ડોસારામ જોષી, સ્વ.જશંવતલાલ સોની, સ્વ. દેહળજી પરમાર, સ્વ. બાલાજી પરમાર, સ્વ. સેવતીલાલ ધાણધારા (ભી), કિર્તિલાલ શાહ (ટોકીઝવાળા), સ્વ.ભીખાભાઈ જોષી, ઈશ્વરભાઈ ઉકાભાઈ પ્રજાપતિ, જોઈતાભાઈ પ્રજાપતિ, ફરશુરામભાઈ જોષી,

અનુસંધાન પાના નં.૬

# પંડવાઈ સુગરની ૨૭ મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

પ્રતિ. અંકલેશ્વર

તા.૨૪ મી સપ્ટેમ્બરના રોજ અંકલેશ્વર, હાંસોટ, વાલિયા, ઓલપાડ, માંગરોલ અને માંડવી તાલુકામાં કાર્યરત એવી શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિમિટેડ પંડવાઈની ૨૭મી વાર્ષિક સાધારણ સભા કંપની સંકુલ ખાતે યોજાઈ હતી. આ સભામાં રાજ્યકક્ષાના મંત્રી અને સંસ્થાના ચેરમેન ઈશ્વરસિંહ પટેલના અધ્યક્ષ હેઠળ સર્વાનુમતે કામો મંજુર કરાયાં હતાં. ગત વર્ષે ૮.૫ મેગા વોટનું ટર્બોઈન બેસાડવાની નક્કી કરવામાં આવ્યું હતું. તો જેનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યુ છે. ચાલુ કંપનીને ફાઈબરઝરનું ઈલેક્ટ્રીફીકેશન કરવામાં આવશે રાજ્ય સરકારના ૧ કરોડની સહાય પણ મળનાર છે. સભાસદના અકસ્માત કુટુંબ વીમો ૧ લાખની પોલીસી આગામી નવેમ્બર ૨ લાખ કરવાનું આયોજન છે. ચેરમેન ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે ખાંડ ઉદ્યોગના પાછલા વર્ષોનો અભ્યાસ કરતા જોઈ શકાય છે કે ૨ થી ૩ વર્ષ ખાંડનું ઉત્પાદન વધુ થાય છે જેથી ખાંડના ભાવમાં ઘટાડો થતો હોય છે અને જ્યારે ૨ થી ૩ વર્ષ ખાંડનું ઉત્પાદન ઓછું થાય છે ત્યારે ખાંડનો ભાવ વધતો હોય છે. ખેડૂત મિત્રો ૨૦૧૪-૧૫ માં ખાંડનું વધારે ઉત્પાદન થવાથી શેરડીના પ્રતિ ટન ૧૮૭૭ અને ગત સીઝનમાં લગભગ એનાથી બમણું થયું હતું. પ્રતિ ટન ૩૫૭૮ ભાવ ચુકવી શક્યા હતા. ઓક્ટોબર-૧૬ થી જાન્યુઆરી ૧૭ માસ ફેક્ટરી બેઠા રૂપિયા ૪૦૭૮, ફેબ્રુઆરી ૧૭ માં ૪૦૯૮ અને માર્ચ ૪૧૧૮ તથા વધુ રિકવરી આપતી જાતોનું વધુ વાવેતર થાય તે માટેના પ્રયત્નો કરવામાં આવ્યા છે. આ પ્રસંગે મેનેજીંગ ડિરેક્ટર એ.એચ.પટેલ દ્વારા કામો રજુ કરવામાં આવ્યા હતા અને વાઈસ ચેરમેન હિતેન્દ્રભાઈ પટેલે આભારવિધિ કરી હતી.

# અમદાવાદ પ્રિતમનગર કુંથુનાથજી જૈન સંઘમાં આચાર્યશ્રી રાજપરમસૂરીશ્વરજીની નિશ્રામાં વિવિધ અનુષ્ઠાનો ઉજવાયા

ડીસા

શ્રી કુંથુનાથજી જૈન સંઘ, પ્રિતમનગર અમદાવાદમાં કલિકુંડવાળા પૂ.આચાર્યદેવ શ્રી રાજપરમસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રા અને પૂ.સાધ્વીજીશ્રી સંવરગુણાશ્રીજી મ.આદિ ઠાણાઓના સાનિધ્યમાં તપ-ત્યાગના વિવિધ અનુષ્ઠાન ઉજવાયા છે. ડુવા ધાનેરા નિવાસી પિતા-માતા શ્રીમતી રેશ્માબેન મનિષભાઈ પોપટલાલ શેઠના લાડકવાયા સંસારી પુત્ર બાલમુનિરાજ શ્રી રાજરમ્યવિજયજી મ.સા.ના ૩૬ આયંબીલ અને ૮ બીયાસણા તપના પારણા પ્રસંગે ત્રિદિવસીય આરાધના મહોત્સવ ઉજવાયેલ છે. પૂજા-પૂજન અને પ્રતિક્રમણ આરાધના સુંદર રીતે થઈ હતી. બાલમુનિશ્રીના પારણાં પ્રસંગે ચાંદીના સિક્કા અને રોકડા રૂપીયાયુક્ત સમકિત મોદકની પ્રભાવના કરવામાં આવેલ. તપ અનુમોદના માં ૪૦૦ ભાઈ-બહેનો જોડાયા હતા. મહાઆરતીનું ભવ્ય આયોજન થયેલ. પ્રખર વ્યાખ્યાનકાર મુનિરાજ શ્રી રાજધર્મવિજયજી મ.એ. તપોત્સવ કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું હતું.

શ્રી કુલિકુંડ અને શ્રી સમ્મેતશિખર તીર્થોધ્ધારક સરાગજાતિના ધાર્મિક ઉત્કર્ષકર્તા પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ની ૯૨ મી માસિક પુણ્યતિથિ પ્રસંગે શ્રી કુન્થુનાથ સંઘના આંગણે શક્રસ્તવનું ભવ્યનિધાન લાભાર્થી શ્રી ભાનુમતીબેન હસમુખભાઈ શાહ(ડીસાવાળા)અને ઉદબોધક કૃણાલભાઈ દ્વારા યોજાયેલ. બપોરના પૂ.સાધ્વીજી મ.ની. પ્રેરણા અને પરિશ્રમ વડે પ્રિયતનગર અખાડા સાંસ્કૃતિક હોલમાં ૧૫૦૦ બહેનોની ઉપસ્થિતિમાં ત્યાગ-વૈરાગ્યને દ્દઢ બનાવતું જંબુકુમારનું ભવ્ય નાટક શ્રાવિકાઓ અને યુવતિઓએ રજૂ કરેલ. મનીષભાઈ ગીરનારી દ્વારા પ્રાતઃ ગુરૂગુણગાન ભક્તિ તથા વ્યાખ્યાન સમયે ગુણાનુવાદ યોજાયેલ

અનુસંધાન પાના નં.૬

# બી.એસ.એફ જવાનો દ્વારા દાંતીવાડા કોલોનીમાં સફાઈ અભિયાન હાથ ધરાયું




ઈશ્વર રબારી

(પ્રતિનિધિ) દાંતીવાડા

તાલુકા મથક દાંતીવાડા કોલોનીમાં આવેલ બી.એસ.એફ ૩૭ બટાલિયન અને નાંદોત્રા ભ્રા.વાસ ગ્રામ પંચાયતના સહયોગથી બી.એસ.એફના જવાનોએ ૩૭ બટાલિયન ટુ.આઈ.સી એ.કે તિવારી, ડેપ્યુટી કમાન્ડન્ટ લલન કુમાર (સેક્ટર હેડક્વાટર ગાંધીનગર) ની હાજરીમાં બી.એસ.એફ ના ૧૩૦ જવાનોએ કોલોની માં જાહેર રસ્તા તેમજ મંદિર સંકુલ અને હાઈવે સાઈડોની આજુ બાજુ પડેલા કચરાના ઢગ દુર કરી ઝાડી ઝાંખર વ્યવસ્થિત કાપી ઝાડુ હાથમાં પકડી તમામ જવાનોએ શ્રમદાન કર્યું હતું.

આ શ્રમદાનમાં નાદોત્રા ભ્રા.વાસ ગ્રામ પંચાયતના સરપંચ અશોકભાઈ ભોજાણી, કોંગ્રેસ તાલુકા સમિતિના પ્રમુખ નટવરસિંહ વાઘેલા, અમિતભાઈ જોષી, માલસિંહ વાઘેલા, દિલીપભાઈ ભોજાણી, મોતીભાઈ દેસાઈ, ભુરાભાઈ જોશી સહીત સ્થાનિક યુવાનો સફાઈ અભિયાનમાં જવાનો સાથે જોડાયા હતા.

# લાખણી પ્રેસ ક્લબ ના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરાઈ

પ્રતિનિધિ લાખણી

આજના સમયમાં સંગઠન એજ શક્તિ હોવાથી દરેક ક્ષેત્રે એસોસિએશન બનાવી સંગઠન ને મજબૂત બનાવે છે ત્યારે લાખણી પ્રેસ ક્લબ ની સ્થાપના ૧૦ વર્ષ પૂર્વે થયેલ છે ત્યારે નિયમ મુજબ દર વર્ષે દિવાળી અગાઉ બેઠક બોલાવી વિવિધ મુદ્દાઓ ઉપર ચર્ચાઓ કરવામાં આવે છે અને નવીન હોદ્દેદારો ની પણ વરણી કરવામાં આવતી હોય છે ત્યારે આ વર્ષ ની બેઠક લાખણી ખાતે આવેલ આઈડિયા ઑફિસમાં રાખવામાં આવેલ હતી અને બેઠક ની શરૂઆત દીપપ્રાગટય થી કરવામાં આવી ત્યારબાદ સંગઠન ની વાર્ષિક કામગીરી નું વિવરણ કરાયા બાદ પ્રમુખશ્રી એ પોતાની કામગીરી વર્ણવી ને નવીન હોદ્દેદારો ની વરણી કરવા જણાવતાં હાજર તમામ સભ્યો એ સર્વાનુમતે છેલ્લા ૧૦ વર્ષ થી મીડિયા સાથે સંકળાયેલ ભરતભાઈ દવે નું નામ જાહેર કરતાં હાજર સભ્યો એ તાળીઓ ના ગગડાટ થી વધાવી લીધું અને તમામ સભ્યોએ ફુલહાર પહેરાવી નવીન પ્રમુખ નું સન્માન કર્યું હતું અને મોં મીઠું કરાવ્યું હતું ત્યારબાદ ઉપપ્રમુખ તરીકે મુકેશભાઈ સોની અને મંત્રી તરીકે વિક્રમભાઈ રાજપૂત ની વરણી કરવામાં આવી હતી.

# કાંકરેજ તાલુકા કિસાન મોરચા કારોબારી બેઠક યોજાઈ


કિશોર પ્રજાપતિ

પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકા અને થરા શહેર કિસાન મોરચાની કારોબારી બેઠક બાબુભાઈ પટેલ (ખસા) ની જીનમાં યોજાઈ હતી. બનાસકાંઠા જિલ્લા ભાજપ મહામંત્રી ભારતસિંહ ભટેસરીયા, પ્રદેશ કિસાન મોરચા ઉપાધ્યક્ષ કિર્તીસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં દિપ પ્રગટાવી વંદે માતરમ ગાન સાથે બેઠકની શરૂઆત કરવામાં આવેલ.

કાંકરેજ તાલુકા કિસાન મોરચાના પ્રમુખ બાબુભાઈ માલાભાઈએ સ્વાગત પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે ભારતસિંહ ભટેસરીયાએ જણાવ્યું હતું કે કોંગ્રેસના શાસનમાં ખેડુતોને વિજળી મળતી ન હતી. ડી.પી. ઓ બદલવા બે મહિના રાહ જોવી પડતી હતી. જ્યારે વર્તમાન ભાજપ સરકારમાં ૨૪ કલાક વીજળી રસ્તા સહિત વિકાસ કાર્યોની સાથે ૯૦૦ રૂપિયાના ટેકાના ભાવે મગફળી ખરીદવાનું કામ કર્યું છે.

પંડિત દિન દયાળ ઉપાધ્યાયની આજે જન્મ જયંતિ નિમિત્તે પ્રદેશ કિસાન મોરચા ઉપપ્રમુખ કિર્તિસિંહ વાઘેલાએ તેમના જીવન ચરિત્ર ઉપર પ્રકાશ પાડ્યો હતો. ડાયાભાઈ પીલીયાતર (તાલુકા ભાજપ પ્રમુખ), ભગવાનભાઈ પટેલ(જિલ્લા કિસાન મોરચા પ્રમુખ), મહામંત્રી વનરાજસિંહે પણ સરકાર દ્વારા બહેનોના હિતમાં થયેલ કાર્યોની ચર્ચા કરાઈ હતી. આ પ્રસંગે તાલુકા ભાજપ મહામંત્રી કિશોર પ્રજાપતિ ઈસુભા વાઘેલા, સુખદેવસિંહ સોઢા, રમેશભાઈ વાયડા, અખાભાઈ પટેલ, પરસોતમભાઈ જોષી, કપુરજી પરમાર, મફાજી સોલંકી, જશવંતભાઈ રાવળ, દશરથભાઈ ઠક્કર, નિરંજનભાઈ ઠક્કર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# વડગામના મગરવાડા તિર્થસ્થાને ભવ્ય લોકમેળો ભરાયો

## ઘીમાં તરબોળ ગરમાગરમ સુખડીના પ્રસાદનું નોંધપાત્ર વેચાણ થયું


પુષ્કર ગૌસ્વામી

તા.પ્રતિનિધી વડગામ

વડગામ તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી માણિભદ્ર વિર તિર્થસ્થાને ગઈકાલે સોમવાર તા. ૨૫/૯/૨૦૧૭ ના રોજ આસો સુદ-૫ (પાંચમ) નો મહામેળો યોજાયો હતો. જેમાં મગરવાડાના ગ્રામજનો દ્વારા પરંપરા મુજબ યજ્ઞ યોજાયો હતો. ઉત્તર ગુજરાત સહિત દૂર- દૂરના પ્રાંતમાંથી ઉમટી પડેલ દાદાના ભક્તોએ મોટા પ્રમાણમાં ઘીની આહુતિ આપી. શ્રીફળનો પ્રસાદ ધરાવ્યો હતો અને ઘીમાં તરબોળ ગરમાગરમ સુખડીનું નૈવેધ ધરાવી પ્રસાદ આરોગ્યો હતો. ટ્રસ્ટના ગાદીપતિ યતિવર્યશ્રી વિજયસોમજી મ.સા.ના સીધા માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટના કાર્યકરો, દાદાના સેવાભાવી ભક્તોએ દર્શનાર્થીઓ માટે સુંદર સગવડો ઉપલબ્ધ કરાવી હતી. સ્થાનિક ગ્રામ સચિવાલયના સરપંચ પ્રકાશસિંહ સોલંકીની ટીમ દ્વારા મેળાના વિસ્તારમાં પ્રાથમિક સગવડો ઉપલબ્ધ હતી. ઉપરાંત વડગામ, છાપી પોલીસ, હોમગાર્ડઝ દ્વારા ચુસ્ત બંદોબસ્ત દ્વારા કાયદો વ્યવસ્થાની કામગીરી કરાઈ હતી. પાલનપુર એસ.ટી. વિભાગ દ્વારા મેળાની સ્પેશ્યલ બસો દોડાવી હતી.

# ડીસા તાલુકા કોંગ્રેસ દ્વારા શિક્ષિત બેરોજગારો અને ખેડુતોના દેવા માફીના ફોર્મ ભરવાની કામગીરી શરૂ

ડીસા

ડીસા શહેર કોંગ્રેસ પ્રમુખ દિપકભાઈ પટેલ તથા ડીસા તાલુકા કોંગ્રેસ ઈન્ચાર્જ પ્રમુખ મુકેશભાઈ સોલંકી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા જાહેર કરાયેલ. શિક્ષિત બેરોજગારોને બેકારી ભથ્થુ અને ખેડુતોના સંપૂર્ણ દેવામાફીની યોજના જાહેર કરેલ. તેના અનુસંધાને બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ડીસા મત વિસ્તારોના વિવિધ ગામોમાં શિક્ષિત બેરોજગાર ભાઈ- બહેનો જેમાં ધો.૧૨ થી પોસ્ટ ગ્રેજ્યુએટ સુધીના શિક્ષિત બેરોજગાર ભાઈ બહેનોના ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરેલ. જેમાં ધો.૧૨ પાસ સુધીના બેકાર ભાઈ બહેનોને ૩૦૦૦ રૂા. ગ્રેજ્યુએટ બેરોજગારોને રૂા. ૩૫૦૦, તેમજ પોસ્ટ ગ્રેજ્યુએટ બેરોજગારોને રૂા. ૪૦૦૦ માસિક ભથ્થુ જ્યાં સુધી નોકરી ન મળે ત્યાં સુધી ભથ્થુ આપવાની બાંહેધરી સાથે ફોર્મ ભરેલ.

આ સાથે ગામડે- ગામડે ખેડુતોના સંપૂર્ણ દેવા માફી માટેના ફોર્મ વિતરણ કરી ફોર્મ ભરી નોંધણી કરેલ. જેમાં અનુક્રમે ડીસા તાલુકાના ડેલીગેટ મુકેશભાઈ સોલંકી, જિલ્લા ડેલીગેટ અરજણભાઈ સોલંકીએ લોરવાડા, સોતમલા ડેડોલ, ખેટવા, ઝેરડા, પમરૂ, ચોરા, સુથીયા, વિઠોદર, બુરાલ, ભાચરવા, કોચાસણા, રમુણ, ધનાવડા, રામસણ, ટેટોડા તેમજ નાગફણા વગેરે જેવા ગામોમાં તા. ૨૨ અને ૨૩ ૨ દિવસ સતત કોંગ્રેસના જિલ્લા તાલુકા ડેલીગેટો સાથે કોંગ્રેસના મોટી સંખ્યામાં કાર્યકરો જોડાઈને નોંધણી કરેલ.

આ ઝુંબેશમાં ડીસા શહેરમાં શિક્ષિત બેરોજગારોમાં ફોર્મ ૨૫૦૦ થી વધુ ભરેલ અને અનેક ગામડાઓમાં ૩૫૦૦ થી વધુ બેરોજગાર અને ૫૦૦૦ થી વધુ ખેડુતોના દેવા માફીના ફોર્મ ભરેલ.

અનુસંધાન પાના નં.૬

# રશિયાના મોસ્કો કો-ઓપરેટીવ કોન્ક લેવમાં યુવા સહકારી આગેવાનનું સન્માન

## દેશ- વિદેશના સહકારી આગેવાનોની વિશેષ ઉપસ્થિતિ


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

રશિયાના મોસ્કો ખાતે યુવા ભાજપ આગેવાન અને જિલ્લાના યુવા સહકારી આગેવાન જીગરભાઈ ભગવાનભાઈ દેસાઈ(વાઈસ ચેરમેન બનાસ બેંક) એ કો-ઓપરેટીવ કોન્કવેલમાં ભાગ લીધો હતો. જેઓ પ્રાથમિક જિલ્લા કક્ષા રાજય લેવલેથી હવે આંતરરાષ્ટ્રીય કક્ષાએ વારસામાં મળેલ ગુણોનો લાભ સહકારી માધ્યમથી સામાન્ય લોકોને કેવી રીતે આપી શકાય? તે અંગે સતત ચિંતિત હોય છે. તેના ભાગરૂપે સામાન્ય લોકો તેમજ સભાસદના લાભ અને જરૂરિયાત જાણવા સહકારી ક્ષેત્રે કેવી રીતે વધુ મદદરૂપ થઈ શકે? તે અંગે ભારતભરમાંથી પહોંચેલા સહકારી આગેવાનો તેમજ સમૃધ્ધ દેશોમાં થતી સહકારી પ્રવૃત્તિ અંગેની પરામર્શ કરવામાં આવી હતી. જેથી સહકારનો મુળભુત 'વિના સરકાર નહીં ઉધ્ધાર' નો મૂળ ઉદેશ સાચા અર્થમાં સાકાર થશે. મોસ્કોમાં તારીખ ૨૫ મી સપ્ટેમ્બર સુધી કો. ઓપરેટીવ કોન્કવેલ યોજાઈ હતી. તેમાં સાંપ્રત પરિસ્થિતિમાં સહકારી ક્ષેત્ર કેવી રીતે મદદરૂપ થઈ શકે

અનુસંધાન પાના નં.૬

# ભાભર પોલીસ દ્વારા વધુ ૧૦ બાઈક 'ડિટેઈન'

## રોમિયોગીરી કરતા તત્વોમાં ફફડાટ

તા.પ્રતિ. ભાભર

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ભાભરમાં બેફામ ઝડપે વાહનો હંકારતા રોમીયો સામે પોલીસે લાલ આંખ કરી શનિવારે ૨૩ બાઈક ડિટેઈન કર્યા બાદ ગઈકાલે વધુ ૧૦ બાઈક ડિટેઈન કરતા રોમિયોગીરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

ભાભરમાં છેલ્લા ઘણાં સમયથી કેટલાક યુવકો બેફામ ઝડપે બાઈક હંકારી રાહદારીઓના જીવ અધ્ધર કરી દે છે. તો કેટલાક યુવકો રસ્તામાં જ બાઈક સહિતના વાહનો પાર્ક કરતા ટ્રાફીકનો પ્રશ્ન સર્જાય છે. ગત શનિવારે પૂરઝડપે દોડતા બાઈકે એક કિશોરને અડફેટમાં લેતા તે ગંભીર હદે ઘવાયો છે. જેથી જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજરે આવા રોમિયાઓ સામે કાર્યવાહી કરવા સુચના આપેલ હતી. જેના પગલે નવરાત્રિ ટાંણે પી.એસ.આઈ. એમ.જે.ચૌધરીએ સ્ટાફ સાથે વિશેષ ઝુંબેશ હાથ ધરી છે. જેમાં પ્રથમ દિવસે રજીસ્ટ્રેશન કાગળો ન હોય, ત્રણ સવારી, અમાન્ય હોર્ન ધરાવતા, ટ્રાફીકને નડતરરૂપ પડેલા અને બેફામ ઝડપે દોડતા ૨૩ બાઈક ડિટેઈન કર્યા હતા. દરમ્યાન બીજા દિવસે પણ ઝુંબેશ ચાલુ રાખી અલગ અલગ સ્થળેથી વધુ ૧૦ બાઈક ડિટેઈન કર્યા હતા.

# વડગામ વિધાનસભા વિજય સંકલ્પ સંમેલન યોજાયું



પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

વડગામ એપીએમસી ખાતે રવિવાર સાંજે વડગામ વિધાનસભા વિજય સંકલ્પ સંમેલન યોજાયું હતું. કેન્દ્રીય ભાજપ યુવા મોરચા સદસ્ય ડૉ.હિતેશભાઈ પી. ચૌધરી, દર્શનભાઈ ઠાકરે મિશન ૨૦૧૭ વિધાનસભા ચૂંટણી માટે તૈયાર રહેવા હાકલ કરી હતી. બન્ને અગ્રણીઓએ રાજ્ય સરકારની પ્રજાલક્ષી વિકાસ કૂચની વિસ્તૃત ચર્ચા કરી હતી. તા. ભાજપ પ્રમુખ પ્રવિણસિંહ જે. રાણાએ પ્રાસંગિક વિચારો વ્યક્ત કર્યા હતા. તા. યુવા મોરચા પ્રમુખે સ્વાગત પ્રવચન કર્યું હતું, જિ.પં. પૂર્વ પ્રમુખ વિજયભાઈ ચક્રવર્તી, તા.ભાજપ ઉપપ્રમુખ અશ્વિનભાઈ સકસેના, દશરથજી ઠાકોર, ડી.વી. સોલંકી, જયેશભાઈ દવે, ભરતભાઈ પરમાર, જયેશભાઈ દેસાઈ, ધવલભાઈ બારોટ, દિગવિજયસિંહ સોલંકી વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આઈટી સેલ રાકેશભાઈ ચૌધરી, ઘેમરભાઈ ચૌધરી, મહામંત્રી ગોવિંદભાઈ ચૌધરી સહિત યુવા ટીમે કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. ભોજનના દાતા જિ.પં.પૂર્વ પ્રમુખ વિજયભાઈ ચક્રવર્તી, અશ્વિનભાઈ સકસેનાનું તા. યુવા ભાજપ દ્વારા વિશિષ્ટ સન્માન કરાયું હતું.

કેન્દ્રીય યુવા નેતા ડૉ.હિતેશભાઈ ચૌધરી સાયંમકાલે રવિવારે માર્કેટયાર્ડ આવી પહોંચ્યા ત્યારે તા. ભાજપ પ્રમુખ પી.જે.રાણા, મહામંત્રી ગોવિંદભાઈ ચૌધરી, મહામંત્રી દશરથજી ઠાકોરે અભિવાદન કરી સુત્રોચ્ચાર દ્વારા સામૈયું કર્યું હતું.

# ડીસા ખાતે જાણીતા કથાકાર યશવંત શાસ્ત્રીજીના પુસ્તક સંતવાણીનું લોકાર્પણ

ડીસા

નવલા નવરાત્રમાં ચારેબાજુ મા અંબાની ભક્તિ ગરબા સ્વરૂપે થઈ રહી છે. સાથેસાથે અનેક ભાવિકો અનુષ્ઠાન પણ કરી રહેલ છે ત્યારે ડીસાના રીજમેન્ટ વિસ્તારમાં આવેલ માજીસા મંદિર ખાતે જાણીતા કથાકાર યશવંત શાસ્ત્રીજી મહારાજની દેવી ભાગવત કથા પણ ચાલી રહી છે. દેવી ભાગવત કથાના બીજા દિવસે તાઃ ૨૨/૯/૨૦૧૭ ને શુક્રવારે યશવંત શાસ્ત્રીજી દ્વારા લખાયેલ અને સંપાદિત થયેલ સંતવાણી નામના પુસ્તકનું લોકાર્પણ પણ કરાયું હતું. આ પ્રસંગે યશવંત શાસ્ત્રીજી મહારાજનો પરિચય અને પુસ્તક વિશેની વાત ડીસાના અગ્રણી સામાજીક કાર્યકર ભગવાનભાઈ બંધુએ કરી હતી. પાલનપુર અને બનાસકાંઠાનું ગૌરવ એવા જાણીતા શિક્ષણવિદ્ ગિરીશભાઈ ઠાકરે સંતવાણી પુસ્તકનું લોકાર્પણ કરી વિવિધ ધાર્મિક બાબતો વિશે પોતાનું વિદ્વતાપૂર્ણ પ્રવચન કર્યું હતું અને યશવંતશાસ્ત્રીજીને પણ આશીર્વાદ અને શુભકામનાઓ પાઠવી હતી.

આ દિવ્ય અવસરે જાણીતા કર્મકાંડી અને સુખદેવ સંસ્થાનના અગ્રણી સત્યનારાયણજી મહારાજ, ડીસા સાંઈબાબા મંદિરના પ્રમુખ સતીષભાઈ પંચાલ, ડીસા જલારામ મંદિરના જાણીતા સેવક અને કાર્યકર સુરેશભાઈ દેવવાળા, પ્રોફેસર મયૂરભાઈ જોષી, પુસ્તકના પ્રેરણાસ્ત્રોત સમાન રાવજી પરિવારના સભ્યો તેમજ ખુબ સારી સંખ્યામાં ભાઈ- બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

યશવંત શાસ્ત્રીજીએ પણ કથા દરમ્યાન પોતાની દિવ્ય અમૃતવાણી થકી નવરાત્રિનું મહત્વ,

અનુસંધાન પાના નં.૬

# મુડેઠા ગામે નવરાત્રિ ગરબાની રમઝટ

પ્રતિ. મુડેઠા

ડીસા તાલુકાના મુડેઠા ગામ શ્રી નકળંગયુવક મંડળ દ્વારા તા.૨૧-૯-૨૦૧૭ થી તા.૨૯-૯-૨૦૧૭ સુધી ભવ્ય નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં પ્રથમ નોરતાની શરૂઆત તા.૨૧-૯-૨૦૧૭ ના મુડેઠા ગામના મહાકાળી મંદિર ના મહંત ભોમારામ બાપજીના હસ્તે અંબેમાની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં મહાઆરતી શ્રી નકળંગ યુવકમંડળના સભ્યો દ્વારા કરવામાં આવી હતી. મુડેઠા ગામે શ્રી નકળંગ યુવક મંડળના સભ્યો દ્વારા નવ દિવસમાં અલગ અલગ કલાકારો દ્વારા ગરબાઓ રજૂ કરવામાં આવે છે.

# બનાસકાંઠા જિલ્લાના રાજ્ય અને રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા શિક્ષકોને સ્માર્ટકાર્ડ અપાયાં

ડીસા

તા.૨૪-૯-૨૦૧૭ ને રવિવારના રોજ ગાંધીનગર ખાતે ગુજરાત રાજયના રાષ્ટ્રીય અને રાજય પારિતોષિક એવોર્ડ વિજેતા શિક્ષકોને મનુભાઈ કોટડીયાના હસ્તે સ્માર્ટકાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં બનાસકાંઠા જિલ્લાના ૧૭ જેટલા પારિતોષિક એવોર્ડ વિજેતા શિક્ષકોને સ્માર્ટકાર્ડ આપવામાં આવ્યા છે. આ સ્માર્ટકાર્ડથી એવોર્ડ વિજેતા શિક્ષકો ગુજરાત રાજ્યની તમામ બસોમાં નિઃશુલ્ક મુસાફરી કરી શકશે.

આ પ્રસંગે એવોર્ડ યુનિયનના પ્રમુખે આનંદીબેન પટેલ, શંકરભાઈ ચૌધરી અને મનુભાઈ કોટડીયા અને સંજયભાઈ દેસાઈનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ડીસા કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળની રચના


ભરત સુંદેશા

ડીસા

ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની Alumni Association Committee દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળની રચના માટે ગત રવિવારે તા. ૨૪ સપ્ટેમ્બરના રોજ યોજાયેલ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ અને મંડળમાં તેમનું રજીસ્ટ્રેશન કરવામાં આવેલ. આ વિદ્યાર્થીમંડળના પ્રમુખ પદે પ્રહલાદભાઈ ઠક્કર તેમજ ઉપપ્રમુખ પદે જયેશભાઈ દેસાઈની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ. આ સાથે મંત્રી, સહમંત્રી, ખજાનચી અને અન્ય ૧૧ સભ્યો સહિત કુલ ૧૬ સભ્યોની કારોબારી સમિતિની નિમણુંક થયેલ. ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળમાં કુલ ૬૦ થી વધુ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન થયેલ છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કન્વીનર પ્રો.રાજુભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવેલ. કમિટિના અન્ય સભ્યો પ્રા.વંદનાબેન, ડૉ.ભાનુભાઈ, ડૉ.સંકેત પારેખ, પ્રા.સુનિતાબેન પ્રા.દિવ્યાબેન દ્વારા સક્રિય સહયોગ આપવામાં આવેલ અને નવનિયુક્ત મંડળના તમામ સભ્યોને શુભેચ્છાઓ અપાયેલ. ઉપસ્થિત વિદ્યાર્થીઓએ પોતાના કોલેજ કાળના સંસ્મરણો અને અનુભવો પ્રસ્તુત કરેલ. પ્રમુખે મંડળની ભાવી કામગીરી અને યોજના બાબતે પ્રશંસનીય ઉદબોધન કરેલ.

# તંત્રી સ્થાનેથી ...

## દેવું, શત્રુ અને વ્યાધીનો જલ્દી નાશ કરવો જોઈએ.

## બેહાલ બનતી અર્થતંત્રની સ્થિતિને સુધારવી જરૂરી

અર્થતંત્ર ભલે ગમે તેટલું ગુલાબી હોય તેનાથી ચૂંટણીમાં વિજય થશે તેવી ગેરન્ટી આપી શકાય નહિં. મોટાભાગના રાજકીય પક્ષોની બેઠકોનો દોર શરૂ થઈ ચુક્યો છે. ભાજપ, કોંગ્રેસ સહિત બીજા રાજકીય પક્ષો પોતાની રીતે નીતનવા ભાષણો આપતા રહે છે. પરંતુ દેશની જનતા છેતરાય તેમ નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્તમાન સંજોગોમાં પોતાના મોટાભાગના પ્રવચનોમાં વર્ષ-૨૦૨૨ માં આઝાદીના ૭૫ વર્ષની સંભવિત ઉજવણી દરમ્યાન પોતાની સરકાર હવે શું કરશે? એનો દાવો કરતાં પરોક્ષ રીતે પ્રજાને પ્રતિતિ કરાવે છે કે વર્ષ ૨૦૧૯ ની ચૂંટણી તો જાણે કે ભાજપ જીતી જ ગયું છે. આ વાત ખૂબજ હાસ્યાસ્પદ જણાય છે. કારણ કે દ્વિપક્ષોનું કોઈ ઠેકાણું નથી. વેરવિખેર થઈ ચૂક્યાં છે.

બિહારમાં નીતિશકુમાર ખેલ ખેલી રહ્યા છે. વિપક્ષો જે તેમની ઉપર મદાર રાખતા હતા. એ આજે બિહારમા ભાજપના ટેકાથી પુનઃ મુખ્યમંત્રી બની ચુક્યા છે. આ રાજકીય કાવાદાવા બાબતે બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુપ્રસાદ યાદવ આજકાલ લાલઘુમ બનીને ફરી રહ્યા છે. પરંતુ વર્તમાન સંજોગોમાં તેમનું કંઈ ચાલી શકે તેમ નથી. તેઓ નીતિશકુમારને પછાડવાના પ્રયત્નો કરી રહ્યા છે. પરંતુ તે શક્ય નથી. વળી રાહુલ ગાંધી પક્ષના પ્રમુખ બને તેવી હવે શક્યતાઓને નકારી શકાય તેમ નથી. જો કે પક્ષ પાછળ સોનિયા ગાંધીએ જે મહેનત કરી હતી. તેવી મહેનત રાહુલ ગાંધી કરી શકે તેમ નથી. માત્ર ચર્ચાઓ વાતો અને ભાજપનો દરેક જગ્યાએ વિરોધ કર્યા સિવાય તેમની પાસે કંઈ રહ્યું નથી.

ફુગાવો એકદંરે અંકુશમાં હોવા છતાં દૈનિક જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવમાં કોઈપણ જાતનો ઘટાડો જોવા મળતો નથી. મોટાભાગના વેપારીઓ પોતાની નીતિ મુજબ પ્રજા પાસેથી વધુ ભાવ લઈને પ્રજાને ધોળે દિ' છેતરી રહ્યા છે. થોડા સમય પહેલાં ટામેટાં અને સફરજનના ભાવ એક સરખા થઈ ગયા હતા. આવી આવી સ્થિતિમાં ગરીબજનોની હાલત કથળી હતી. પરંતુ તેમનું સાંભળે કોણ?

વળી કેન્દ્રીય મંત્રી જેટલીએ જીએસટીનો ભાર સામાન્ય વેપારીથી માંડીને સમગ્ર ઉદ્યોગ જગત પર નાખી દીધો છે. પરિણામે અર્થતંત્રની હાલત ચિંથરે હાલ બની ગઈ છે. જ્યારે નોટબંધીના પગલે સરકારની એવી ગણતરી હતી કે દેશનું તમામ કાળું નાણું પકડાશે. વિદેશમાં ચાલતા હવાલા કૌભાંડ અંકુશમાં આવશે. તેમજ પાક.સ્થિત ત્રાસવાદને મળતો ઓક્સિજન (નાણાં) નો સપ્લાય અટકી જશે અને બેનામી તમામ પ્રકારના વ્યવહારો પર પ્રતિબંધ આવશે. પરંતુ વડાપ્રધાનનો પ્લાન ઉંધો પડી ચુક્યો છે, આમા મોટા મગરમચ્છો છટકી ગયા છે અને નાની માછલીઓ મોતને ઘાટ ઉતરી ચુકી છે. અર્થતંત્ર ગતિશીલ થાય તેમાં કોઈ એંધાણ નજરે પડતાં નથી. ત્યારે મેન્યુફેકચરીંગ ટેક્ષટાઈલ, ડાયમંડ, સ્મોલ એન્ડ મિડીયમ ઈન્ડસ્ટ્રીઝ તથા સૌથી વધુ રોજગારી ઉત્પાદિત કરતા રીયલ એસ્ટેટ સેગમેન્ટને સૌથી વધુ માર પડ્યો છે અને પરિણામે દેશમાં બેરોજગારીની સમસ્યા ગંભીર બની ચુકી છે.

નોટબંધી લાદવાનો મુખ્ય હેતુ એ હતો કે કાળાં નાણાં પર નિયંત્રણ ભ્રષ્ટાચાર પર કાબુ ત્રાસવાદ પર અંકુશ પરંતુ આ તમામ બાબતોમાં કોઈ તફાવત પડ્યો નથી. કેમ કે ખુદ રિઝર્વ બેઠકે સ્વીકાર્યું છે કે ૯૯૦૨ ટકા નોટો પાછી આવી ગઈ છે અને હજુ બાકીની નોટો આવશે તેવી આશા રિઝર્વ બેંક સેવી રહી છે. મતલબ એક જ કે નોટબંધીનો નિર્ણય તદ્દન નિષ્ફળ જ નિવડ્યો છે.



અમદાવાદની સૌથી મોટી સંસ્થા શ્રી વર્ધમાન તપ આયંબીલ સંસ્થા એલીસબ્રીજ દશા પોરવાડ સોસાયટી પાલડીમાં અમદાવાદ મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળીના ટ્રસ્ટી દિલીપભાઈ ભોગીલાલ શાહ (ભાલક)ની ટ્રસ્ટી તેમજ ઉપપ્રમુખ તરીકેની વરણી કરવામાં આવી છે.

**"આસો નવરાત્રિ અનુષ્ઠાન"**

## સંયમિત જીવન સુખી જીવન-૩

૩.અર્થસંયમ : અર્થસંયમ એટલે પોતાના નાણાં વિવેકપૂર્ણ ઉપયોગ. ખોટા ખર્ચા બંધ કરવા જોઈએ. ખોટા ખર્ચાઓથી બચવું, કંજુસાઈ નથી. કંજુસાઈ પણ એટલી જ નુકશાનકારક છે જેટલા ખોટા ખર્ચાઓ અર્થાત નકામી બરબાદીથી બચેલા ધનના એક ભાગને ઉદારતાપૂર્વક અને નિયમિતરૂપે સેવાના કાર્યોમાં અને સત્કાર્યોમાં લગાવતા રહેવું જોઈએ. આપની આ ઉદારતા સમાજ અને ધર્મ માટે જેટલી કલ્યાણકારી અને પ્રેરણાદાયક હશે, તેનાથી અનેકગણી વધારે આધ્યાત્મિક પ્રગતિમાં સહાયક સાબિત થશે. જો ફેશન, વ્યસન અને દુર્વ્યય વગેરેથી ધન બચાવી તેને શ્રેષ્ઠ કાર્યોમાં લગાવનારા અર્થસંયમની સાધનાની ટેવ પાડવામાં આવે તો કુટુંબના તથા સમાજના શ્રેષ્ઠ કાર્યો માટે પૂરતા પ્રમાણમાં આર્થિક સાધનો એકઠા થવા લાગે છે.

લગ્ન, મુંડન તેમજ અન્ય પ્રસંગોએ થતાં અઢળક ખર્ચાઓ અત્યંત નુકશાનકારક છે આ બાબત પાછળ માત્ર બે પ્રેરણાઓ જ કામ કરે છે. ૧.રાજાશાહી પ્રથાની નકલ તથા ૨.પોતે અત્યંત ધનવાન છે એવું જગ જાહેર કરવાની ઈચ્છા વૃત્તિ. આપ આપના ઘરમાં દરેક પ્રસંગો સાદગીપૂર્ણ રીતે કરવાની જાહેરાત કરો. શાંત મનથી પણ પરંતુ દૃઢ ચિત્તથી જાહેરાત કરો, કુટુંબવાળાઓ તેની ટીકા શરૂ કરશે. તેની ઉપર ધ્યાન આપો ન કોઈ વિવાદ ઉભો કરો. શાંત તથા મજબુતથી ટકી રહો. થોડા સમયમાં જ તેઓ શાંત થઈ જશે. આ નિર્ણયથી સમાજ તમારી નિંદા નહી કરે કારણ કે, બરબાદીના બોજથી ત્રાસેલો છે. એ ચોક્કસ છે કે તમારા દ્વારા આરંભ કરાયેલ પરંપરા દ્વારા બીજા પણ કેટલાક લોકોને પ્રેરણા મળશે. તેઓ પણ આપની જેમ સાહસ કરવા લાગશે. આપનું આ સાહસ સમાજ માટે પથદર્શક બની જશે.

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## ભારતનો સૌથી મોહક નૃત્ય શો પાછું આવી ગયું છે!

*સુપર ડાન્સર ચેપ્ટર ૨ નું પ્રસારણ ૩૦ સપ્ટેમ્બર, શનિવાર- સાંજે ૮:૦૦ વાગ્યે ફક્ત સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર*



ભારતના ૧ ડાન્સ રિયાલિટી શો અને સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનની માલિકીની ફોર્મેટ, ફરી એક વાર શ્રેષ્ઠ પગલુ આગળ મૂકવા તૈયાર છે. સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનના સુપર ડાન્સર, એક એવું કાર્યક્રમ જેણે ગયા વર્ષે તેની રોચક નૃત્ય પ્રતિભા અને સમૃદ્ધ પ્રદર્શનથી રાષ્ટ્રમાં ઉત્સાહ ભર્યો હતો, તે એક નવા મંત્ર મેજિક મેહનત મેં હૈ સાથે પુનરાગમન કરવા માટે તૈયાર છે. બોલિવૂડ સુપરસ્ટાર - શિલ્પા શેટ્ટી, પ્રખ્યાત ફિલ્મસર્જક - અનુરાગ બાસુ અને પ્રખ્યાત કોરિયોગ્રાફર - ગીતા કપૂર, ત્રણેય મૂળ સુપર જજો ને જાળવી રાખવી; આ શોનું આયોજન રિતવીક ધંજાની અને પરિતોષ ત્રિપાઠી દ્વારા કરવામાં આવશે. દરેક સ્પર્ધકને સમગ્ર દેશમાંથી આવેલા સુપર ગુરુસ તરફથી વ્યાપક તાલીમ અને માર્ગદર્શન મળશે.દરેક ડાન્સરની જાદુઈ કામગીરી પાછળ તેમના ગુરુની મહેનત અને પ્રતિબદ્ધતા રહેલી છે. સુપર ડાન્સર પ્રકરણ ૨ દરેક માર્ગદર્શક અને તેમના માનસની તાકાત, માન્યતા અને સમર્પણની ઉજવણી કરશે અને પ્રદર્શન કરશે. ફ્રેમ્સ પ્રોડક્શન્સ દ્વારા નિર્મિત, સુપર ડાન્સર પ્રકરણ ૨, ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૭ ના રોજ, શનિ-રવિએ ૮:૦૦ વાગ્યે ફક્ત સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર પ્રીમિયર થશે.ભારતની જાદુઈ નૃત્ય પ્રતિભા માટેના રાષ્ટ્રીય શોધખોળની શરૂઆત જુલાઈ મહિનામાં શરૂ થઈ હતી, જેમાં ૧૦ શહેરોમાં આ કાર્યક્રમ માટે ઓડિશન કરવામાં આવેલ બાળકો હતા. આ મોટા કલાકારોની સંખ્યામાં, ૧૨ સ્પર્ધકો આ કાર્યક્રમમાં ચૂંટાયા છે અને ટૂંક સમયમાં જ ભારતની આગામી સુપર ડાન્સરના રૂપાંતરિત ટાઈટલ સ્પર્ધામાં જોવા મળશે. આ કાર્યક્રમ ડાન્સ-ડિઝાયર, શિસ્ત અને નિર્ધારણના ૩ઠ ના પ્રદર્શન માટે યુવાવા નૃત્યકોને એક અનન્ય રાષ્ટ્રીય પ્લેટફોર્મ આપશે.

## કોર્ટયાર્ડ બાય મેરિયોટ્ટદ્વારા આયોજીત 'રન ટુ ગીવ'માં રક્તપિત્ત પિડીત બાળકોની સહાય માટેની દોડમાં ૧૦૦ લોકો સામેલ થયા




અમદાવાદ
કોર્ટયાર્ડ બાય મેરિયોટ્ટદ્વારા આયોજીત 'રન ટુ ગીવ'માં રક્તપિત્ત પિડીત બાળકોની સહાય માટેની દોડમાં ૧૦૦ લોકો સામેલ થયા હતા. રક્તપિતથી પિડીત બાળકોના જીવનમાં હકારાત્મક અસર માટેની આ દોડને કોર્ટયાર્ડ બાય મેરિયોટ્ટના તમામ એસોસિએટ હોસ્પિટાલિટી પાર્ટનર્સનો સર્વાનુમતે સહયોગ પ્રાપ્ત થયો હતો. આ દોડ દ્વારા મળેલી રકમ આ ઉદ્દેશ માટે સતત કામ કરતી ચેન્નાઈ સ્થિત સ્વૈચ્છિક સંસ્થા રાઈઝીગ સ્ટાર આઉટરિચને આપવામાં આવશે. મેરિયોટ્ટ ઈન્ટરનેશનલ દ્વારા એશિયા પેસિફિકમાં દર વર્ષે યોજાતી આ દોડ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે યોજાઈ હતી અને તેમાં પ્રસિધ્ધ ઓપન વિમેન નેશનલ ટ્રાયેથોલોનનાં ચેમ્પિયન પ્રજ્ઞા મોહન સમારંભમાં હાજર રહ્યાં હતાં.દોડ પૂરી થતાં દોડમાં સામેલ થયેલા સભ્યોને સર્ટિફિકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

*એડલાઈફ ફાઉન્ડેશન અને સ્ટર્લિંગ કેન્સર હૉસ્પિટલ દ્વારા સ્ત્રીઓમાં સર્વાધિક જાગૃતિ હેતુ*

## ઓક્ટોબર માસમાં સ્તન કેન્સર જાગૃતિ અભિયાનની એક અભિનવ પહેલ સ્વામી શ્રી અધ્યાત્મનંદજી દ્વારા પુસ્તિકા વિમોચન તથા કેન્સર નિષ્ણાતો દ્વારા માહિતીસભર કાર્યક્રમ યોજાયો



અમદાવાદ
સ્તન કેન્સર આજના આધુનિક સમયમાં પણ આપણા સમાજમાં સ્વાસ્થ્ય માટે ચિંતાનો વિષય બની રહ્યો છે. ખાસ કરીને મહિલાઓમાં થઈરહેલાં સ્તન કેન્સરના નિદાન માટે અત્યાધુનિક ટૅકનોલૉજી અને વહેલું નિદાન કરી તેના બચાવની શક્યતાઓને વધારી શકાય છે, સવિશેષ,મહિલાઓમાં મહત્તમ લોકજાગૃતિ ફેલાવવા માટે એડલાઈફ ફાઉન્ડેશન ખૂબ સક્રિય ભૂમિકા ભજવી રહ્યું છે, જેમાં સ્ટર્લિંગ કેન્સર હૉસ્પિટલ,અમદાવાદ પણ તમામ સ્તરે મદદરૂપ થઈ રહી છે. આ સેવા પ્રકલ્પને સતત આગળ વધારવાના ભાગરૂપે શહેરના જાણીતા ડૉક્ટર્સની હાજરીમાંએક વિશેષ કાર્યક્રમનું આજ રોજ આયોજન કરવામાં આવ્યું હતું. સ્તન કેન્સર સારવાર તથા તેની અગમચેતી માટેના પ્રયત્નો દર્શાવતી એક માહિતી પુસ્તિકાનું આ પ્રસંગે શિવાનંદ આશ્રમના અધ્યક્ષશ્રી પ.પૂ. સ્વામી શ્રી અધ્યાત્મનંદજી દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું.'તમસો મા જ્યોતિર્ગમય' – કાર્યક્રમમાં સ્તન કેન્સર થયા બાદ તેની પર વિજય મેળવી પુન સ્વસ્થ જીવન મેળવ્યું હોય તેવી મહિલાઓ અને તેમનાપરિજનો, નગરજનો તથા સ્ટર્લિંગ કેન્સર હૉસ્પિટલ અને એડલાઈફ ફાઉન્ડેશનના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમમાં ઉદબોધન આપતાશિવાનંદ આશ્રમના અધ્યક્ષ શ્રી, અધ્યાત્મનંદજી એ સ્વસ્થ જીવન જીવવાની કળા અને રોગ પર વિજય મેળવવા માટે સામાન્ય વ્યક્તિ પણ કઈ કઈબાબતોનું ધ્યાન રાખી શકે – તેવી બાબતો પર વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતુ વ્યક્તિ આહાર નિયમન, યોગ્ય દિનચર્યા,હકારાત્મકતા, શારીરિક વ્યાયામ, મહિલાઓ ખાસ કરીને સ્વ-જાગૃત બનીને પોતાના ઉત્તમ સ્વાસ્થ્યને યથાવત રાખી શકે છે. આજે અનાવૃતથયેલી પુસ્તિકા "સ્તનની વાત – સામાન્ય સમજ અને સંભાળ" માં મહિલાઓ માટે એક સ્વાસ્થ્ય સખીની ગરજ સારે તે પ્રમાણે એડલાઈફ ફાઉન્ડેશન દ્વારા તૈયાર કરવામાં આવી છે. આ કાર્યક્રમનો મુખ્ય આશય સ્ત્રીઓમાં સ્તન કેન્સરની સમસ્યાઓ વિશે માહિતગાર કરવી, જો સ્તન કેન્સર થાય તો અદ્યતન ટૅકનોલૉજી વડે વહેલું નિદાન કરી તેના સંભવિત નુક્શાનથી બચાવવા માટે છે. આજ રોજ જે પુસ્તિકા જન-સામાન્ય માટે સુલભ કરવામાં આવી છે, તેમા સ્તન કેન્સરની વિગતો, જોખમો, જાત તપાસ , વહેલા નિદાન દ્વારા થનારા લાભો વિગેરેનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે.

## સ્પાઈકર દ્વારા ઓટમ વિન્ટર યંગ એન્ડ રેસ્ટલેસ કલેક્શન ૨૦૧૭ની રજૂઆત



ભારતની અગ્રણી ફેશન બ્રાન્ડ ડેનીમ બ્રાન્ડ સ્પાઈકર લાઈફસ્ટાઈલ દ્વારા તેના ૨૦૧૭માં ઓટમ વિન્ટર યંગ એન્ડ રેસ્ટલેસ કલેકશનની રજૂઆત કરવામાં આવી છે. રોમાંચક નવી રેન્જમાં અદ્યત્તન ટ્રેન્ડ્સ અને સિઝનલ એવા સ્પાઈકર ઈથોસ સાથેના પરિધાનો યુવાઓ અને યુવાનોના રેસ્ટલેસ સ્પિરિટ સાથે પ્રાપ્ય બનશે.શહેરી યુવાઓના ફિનોમેનનથી પ્રેરિત પ્યોર નેચરને એક્સ્પ્લોર કરતું આ કલેક્શન ચોક્કસપણે વોર્ડરોબમાં નવો રોમાંચ સર્જશે. સિઝનના સ્ટાઈલ સેન્ટીમેન્ટને ઝડપીને, સુપર ટ્રેન્ડી ડેનીમ્સ, કેઝ્યુઅલ શર્ટ્સ અને ટી શર્ટ્સની વિશાળ રેન્જ ઓફર્સ કરાઈ છે જે સ્પેશિયલાઈઝ્ડ વોશ ટેકનીક્સ, ક્લીન જિયોમેટ્રીક પ્રિન્ટ્સ, કેઝ્યુઅલ ચેક્સ અને ડિટ્સી ફ્લોરલ્સ ધરાવે છે. પ્રકૃતિથી પ્રેરિત પ્રિન્ટ્સ કન્ટ્રીસાઈડ લૂક અને અનુભવ સાથે ખરીદીને યોગ્યતમ બનાવે છે. આ સિઝન માટે મોટા સમાચાર મહિલાઓનાં સ્ટાઈલ સાથે ડિઝાઈન થયેલા વસ્ત્રો છે. આ બ્રાન્ડ ગ્રાહકોને વન સ્ટોપ શોપની અને ફેશન ચાહકોને ટ્રેન્ડ સેટિંગ વસ્ત્રો આપવા વચન આપે છે.

સ્પાઈકરે તેના પ્રશંસકો માટે એક્ટીફક્લબ લોયલ્ટી પ્રોગ્રામ લોન્ચ કર્યો . તેને વધુ સરળ બનાવવા માટે ૯૯૨૦-૯૦૫-૯૦૫ નંબર પર મિસ કોલ કરો અને મેમ્બર બનીને ખાસ ઓફર્સનો લાભ ઉઠાવો.

## ઝી ટીવીના સૌથી મોટા પ્રશંસક આગ્રાથી-જયોતી કક્કડ ઝી રિશ્તે એવોર્ડસ ૨૦૧૭ ખાતે એવોર્ડસ પ્રસ્તુત કરવાની તક જીતે છે.



તારા અને અમાનત જેવા શોઝ સાથે મોટા થયેલા, જયોતિ જમાઈ રાજાના રવિ દૂબે માટે પોતાના આકર્ષણને કબૂલ કરે છે૨૫ વર્ષની પોતાના ઉત્સવો અને પોતાના પ્રશંસકો સાથે આટલા લાંબા ચાલ્યા આવતાં જોડાણની ઊજવણીના ભાગ રુપે, ઝી ટીવીએ દેશભરમાંથી પોતાના પ્રશંસકોને આ વર્ષના શ્રી રિશ્તે એવોર્ડસમાં ભાગ લેવા આમંત્રિત કર્યા હતાં. આ સબંધને સાચા" રિશ્તા મુબારકની "સ્ટાઈલમાં ઊજવણી કરતાં ચેનલે એવા એક પ્રશંસક-આગ્રાથી ઝી ટીવીના ભારે સંનિસ્ઠ એવા જયોતી કક્કડને પોતાના મનપસંદ એક્ટર્સ સાથે વાતચીત કરવા અને સ્ટેજ પર સ્પેશ્યલ એવોર્ડ પ્રસ્તુત કરવાની તક આપી.જ્યોતિને મોસ્ટ ફેવરીટ બઝબર્ગ માટેનો એવોર્ડ આપવા માટે મંચ પર બોલાવવામાં આવી. જયારે તેણી મંચ પર હતી, તો હોસ્ટસ રવિ દૂબે અને રિત્વિક ધનજાનીએ તેણીને એક દર્શક તરીકે ઝી ટીવી તથા તેના પાત્રો સાથેના તેણીના લાંબા ચાલ્યા આવતા સંબધ અંગે પૂછ્યું,એના માટે તેણીએ કહ્યું, "યહ રિશ્તા બહુત પુરાના હૈ." જયોતિએ પોતાના મનપસંદ શો તારા અને અમાનત તથા તારા,સંતોશી અને ડિન્કી જેવા પાત્રોએ તેઓની સુસંગતતાના લીધે એક વ્યક્તિ તરીકે તેણીને કેવી રીતે વધુ આત્મવિશ્વાસુ બનાવી તે અંગે વાત કરી. આવો આ અતુલ્ય મુસાફરીના સાક્ષી બનો અને ઝી રિશ્તે એવોર્ડસ ૨૦૧૭, સાથે રવિવાર, ૧૫મી ઓક્ટોબર ૨૦૧૭ના રોજ સાંજે ૭:૦૦ કલાકે મસ્તી, ગ્લેમર અને મનોરંજનનો અનુભવ લો, ફક્ત ઝી ટીવી પર !

## સિદ્ધાર્થ એજ્યુકેશનનો આઈપીઓ ૨૯ સ્પટેમ્બરે : રૂા. ૧૦ના શેરદીઠ પ્રાઈસબેન્ડ રૂા. ૩૦થી ૩૬




અમદાવાદ
મુંબઇ સ્થિત સિદ્ધાર્થ એજ્યુકેશન સર્વિસીસ લિ. કંપની રૂા.૧૦નો એક એવા ૨૯,૫૨,૦૦૦ ઈક્વિટી શેરોના આઈપીઓ સાથે તા. ૨૯ સ્પટેમ્બર ૨૦૧૭ના મૂડીબજારમા પ્રવેશ કરનાર છે અને ઈસ્યુનું ભરણું તા. પાંચ ઓક્ટોબર ૨૦૧૭ના બંધ થશે. રૂા. ૧૦ની ફેઈસ વેલ્યુના ઈક્વિટી શેરદીઠ પ્રાઈસબેન્ડ રૂા. ૩૦થી ૩૬ જાહેર કરાયા છે. ફેઈસ વેલ્યુના ત્રણ ગણા ફ્લોર પ્રાઈસ છે અને ફેઈસ વેલ્યુના ૩.૬૦ ગણા કેપ પ્રાઈસ છે. અરજદારે લઘુત્તમ બીડ ૩૦૦૦ ઈક્વિટી શેરો માટે અને ત્યારબાદ ૩૦૦૦ ઈક્વિટી શેરોના ગુણાંકમાં કરવાની રહેશે.ઈસ્યુના બુક રનિંગ લીડ મેનેજર-ગ્રેટેક્સ કોર્પોરેટ સર્વિસીસ પ્રા. લિ. અને રજિસ્ટારર-કાર્વી કોમ્પ્યુટર શેર પ્રા. લિ. છે. ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ મારફત ઓફર કરાયેલા શેરને મુંબઈ શેરબજારના એસએમઈ પ્લેટફોર્મ પર લિસ્ટ કરાશે.

ઈસ્યુના નાણાંનો ઉપયોગ કંપની નવા કોચિંગ સેન્ટરો ઉભા કરવામાં કરશે. કંપનીએ ૧૦ સ્થળો આ માટે પસંદ કર્યા છે. હ્યુમન રિસોર્સ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ અને અન્ય વ્યુહાત્મક પહેલને હસ્તગત કરવામાં પણ આ નાણાંનો ઉપયોગ કરાશે. આ ઉપરાંત કંપની ઓનલાઈન લર્નિંગ પ્લેટફોર્મ વિકસાવવા ધારે છે. કંપની સોશિયલ મીડિયા મારફત ડિજિટલ માર્કેટિંગમાં પર્દાપણ કરશે. ઈસ્યુના નાણાંમાંથી તે બાદ બચેલી રકમનો ઉપયોગ જનરલ કોર્પોરેટ હેતુઓ માટે કરાશે.

## શેફ ગૌતમ મહર્ષિ લિવિંગ ફૂડ્ઝમાં '૧૦૦% વેજ. હેલ્થ કા ડોઝ'માં હોસ્ટ બન્યા



મગફળી કે મખને કી કઢીબનાવવાનો સમય - ૧૫ મિનિટતૈયારીનો સમય - ૧૦ મિનિટસામગ્રી જથ્થો પફ્ડ લોટસ ૧ કપ અમરનાથ લોટ ૧ કપ રોક સોલ્ટ સ્વાદ અનુસાર ખાંડ અડધી ચમચી દહીં ૨ ચમચી પાણી દોઢ કપ દેશી ઘીદોઢ ચમચી ક્યુમિન સીડ ૧ ચમચી લીલા મરચા ૨ સિનેમોન સ્ટીક્સ ૩ થી ૪ નાનીસીમ્ડ મગફળી ૧ કપ પાણી ૧ કપ.પદ્ધતિ એક મોટા હોટ પોટમાં એક કપ પફ્ડ લોટસ સીડ્સ ઉમેરો અને શેકો. તેને પ્લેટમાં દોઢ બે મિનિટ માટે રાખો.બાઉલમાં એક કપ અમરનાથ લોટ ઉમેરો, રોક સોલ્ટ સ્વાદ પ્રમાણે, અડધી ચમચી ખાંડ, બે ચમચી દહીં અને દોઢ કપ પાણી ઉમેરો. તેને ઘટ્ટ થાય ત્યાં સુધી મિક્સ કરો.હોટ પોટમાં દોઢ ચમચી દેશી ઘી ઉમેરો, એક ચમચી જીરુ, એક લીલું મરચું, ૩થી ૪ નાની સિનેમોન સ્ટીક અને એક કપ સ્ટીમ્ડ રો મગફળીના દાણા ઉમેરી તેને બરાબર મિક્સ કરો.અમરનાથ લોટને મોટાવાસણમાં લો અને તેને ઓછા તાપે દોઢથી બે મિનિટ સુધી કૂક કરો. એક કપ પાણી ઉમેરી તેને બે મિનિટ સુધી રાંધો. ત્યારપછી એક કપ પફ્ડ લોટસ સીડ્સ ઉમેરી ગેસ બંધ કરી દો.બાઉલમાં કઢી પીરસવા માટે તેને લોટસ સીડ્સ, ગ્રેટેડ નાળિયેર, રોસ્ટેડ ક્યુમિન પાઉડર, લીલા મરચાં, ગુલાબ પાંદડી અને સિંગદાણાથી ગાર્નિશ કરો.

- મૂંગફલી કે મખનાકી કડી પીરસવા માટે તૈયાર છે.

## કળિયુગના ઢોંગીઓથી ભગવાન બચાવે

ધર્મ એ એવો આસ્થાનો વિષય છે કે જ્યાં લોકો આંધળો વિશ્વાસ મુકીને અર્પણની ભાવનાથી સમર્પિત બનીને કાર્ય કરે છે.આજે કોઈપણ કાર્ય કરવું હોય તો તમે નહી ચાલો પરંતુ ધર્મના નામં ફંડ એકત્રિત કરશો તો ત્યાં ફંડ જ નહિ પણ તમામ મદદ મળી રહશે.

ધર્મ પ્રત્યે લોકોની આંધળી અંધશ્રધ્ધા ઘર કરી ગઈ છે.પરિણામ સ્વરૂપ સમાજમાં બાબાઓ આશ્રમો બનાવી મંદિરો બનાવી લોકોને પોતાના અનુયાયીઓ બનાવી લાખો રૂપિયા ભેગા કરી પોતાના વૈભવો પુરા કરે છે ને પછી તો માત્ર વૈભવ જ નહી કામલીલાઓનો આરંભ કરી નીતનવા નુસ્ખાઓ કરે છે એમની ભક્તિમાં આંધળા બનેલા એમના ભક્તો પણ એમની ભક્તિમાં લાગી જાય છે ને એમના વર્તનો તરફ ધ્યાન ન આપી આવા લંપટ લોકોને પૈસાથી મોટા કરી દે છે ને આજના સમયમાં પૈસા એ સર્વસ્વ છે એટલે પૈસાથી મોટા મોટા વૈભવો, મોટા-મોટા સમારંભો યોજી લોકોના ટોળે-ટોળા ભેગા કરી આ ઢોંગી બાબાઓ પોતાનું સામ્રાજ્ય જમાવી દે છે ને સમાજમાં નિર્દોષ લોકો કે જેમને ચમત્કારોમાં રસ હોય તેવા લોકો આવા બાબાઓના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ મેળવે છે.

સનાતન ધર્મમાં આટ આટલા ગ્રંથો, ઉપદેશકો, શાસ્ત્રો ઉપરાંત તેત્રીસ કોટી દેવતાઓનું સ્થાન હોવા છતાં લોકો સાચો ધર્મ સમજ્યા વિના આવા ચમત્કારિ બાબાઓ પાસે પહોંચી જાય છે.કથાકારો, ઉપદેશકો પણ ઉપદેશો મોટા-મોટા આપે ને વર્તનમાં શુન્ય લોકોની પણ સમજણ શક્તિ ઘટતી જતી હોય તેમ આવા લોકો પાછળ કરોડા લોકો દોરવાઈ જાય છે.

જરૂરિયાત મંદોને મદદ કરવી એ ધર્મ છે, જ્યારે આજે તો મોટા-મોટા મેળાવડાઓ, મોટા-મોટા જમણવારો, મોટા ટોળાઓ ભેગા કરી શકે, વધુ વૈભવ કરી શકે તે જ ધર્માત્મા બની જાય છે ને પછી મોટા-મોટા આશ્રમો બાંધી ભક્તોરૂપી ટોળાઓ બનાવી સેક્સ લીલાઓ આચારાય છે ને વળી કોર્ટ દોષિત ઠેરવે તો આવા બાબાઓના ભક્તો છાટકા બની રાષ્ટ્રની અમુલ્ય સંપત્તિને બાળી દે છે.આ છે કળિકાળની કર્મ કહાની.

એવું પણ નથી કે તમામ ગુરૂઓ આવુ કરે છે.સત્યવાદી સંતોય છે.પણ એ લોકો પ્રસિધ્ધિ કરતા નથી. ભક્તોનાં ટોળા પેદા કરતા નથી એટલે આવા સાચા સંતો જાહેરમાં દેખાવ ઓછો કરીને એનો ધર્મ અને આધ્યાત્મિકતાની શોધમાં જ લીન રહે છે.સાધુનો મતલબ જ સાદું જેનું જીવન છે તે પણ આજે સાધુને જ વૈભવશાળી બનાવી દેવાયા છે.જૈન સાધુઓ હાલે પણ આવી સાદાઈ અપનાવી ધર્મના-પ્રચાર પ્રસારનું કાર્ય કરતા નજરે ચઢે છે આવા સાચા સાધુઓનો અહેસાસ મળે ત્યારે એમની વાણીથી સમાજને સો ટકા લાભ થાય સમાજના લોકોને અંધકારથી પ્રકાશ તરફ લઈ જાય.

આમ તો ભાગવતમાં કૃષ્ણએ આ કળિયુગના ગુણો વર્ણવેલા છે ને એ જે વર્ણન કર્યું તે આજના સમાજમાં જોવા મળી રહ્યું છે.ને છેલ્લે કૃષ્ણનું વચન યાદ આવે છે કે 'યદા-યદા હી ધર્મસ્ય, ગ્લાનિર્ભવતિ ભારતમ' જ્યારે જ્યારે ધર્મની હાની થશે ત્યારે પરમાત્મા પધારીને અધર્મનો નાશ કરે છે.એ સમયની તો વાર છે એટલે આ કાળમાં તો આપણે આવા બાબાઓના ચમત્કારોને લીલાઓ જ જોવાની લાગે છે.

**-અશોક બી.પ્રજાપતિ માંડલા**

BIRAC દ્વારા દિલ્લી ખાતે બે દિવસીય સંશોધકો ની મીટીંગ અને બાયો ઈનોવેશન ફેર નુ આયોજન કરવામાં આવ્યુ

બાયોટેકનોલોજી ઈન્ડસ્ટ્રી રિસર્ચ આસિસ્ટન્ટ કાઉન્સીલ ( BIRAC) પબ્લીક સેકટર અન્ડર ટેકીંગ ડીપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજી ( DBT) દ્વારા ઈન્ડિયા હેબીટેટ સેન્ટર નવી દિલ્લી ખાતે બે દિવસીય સંશોધકોની મીટીંગ અને બાયો ઈનોવેશન ફેરનુ આયોજન કરવામાં આવ્યુ આ સભાનું ઉદઘાટન સાયન્સ એન્ડ ટેકનોલોજી અને અર્થ સાયન્સીસના માનનીય યુનિયન મીનીસ્ટર ડો. હર્ષવર્ધન દ્વારા કરાયુ અને અતિથી વિશેષ, ઓનરેલબલ મિનીસ્ટર ઓફ સ્ટેટ, વાયએસ ચોધરી ઉપસ્થિત રહયા . આ સભામાં ઈન્ડસ્ટ્રી, અભ્યાસુ, પબ્લીક અને પ્રાઈવેટ સેકટર, પોલિસી મેકર્સ, અને નેશનલ ઈન્ટરનેશનલ સંસ્થાઓના આશરે ૩૦૦ જેટલા સંશોધકો અને સ્ટાર્ટઅપ સાયન્ટીસ્ટ ઉપસ્થિત રહયા હતા DBT દ્વારા કાર્યરત BIRAC એ ૧૦૦ બિલિયન ડોલર ઈન્ડિયન બાયો ઈકોનોમી મા મહત્વનુ યોગદાન આપ્યુ છે. હવે આપણે સંશોધન અને ઉધોગસાહસિકતાની ક્ષમતાઓનો અસરકારક રીતે ઉપયોગ કરી લોકો સુધી વાજબી પ્રોડકટ પહોચાડી શકવામાં સક્ષમ બન્યા છીએ. અમારી સરકાર ભારતને સંશોધન માટે ગ્લોબલ હબ બનાવવા મા ધ્યાન કેન્દ્રિત કરે છે અને તેમાટે BIRAC મહત્વનો ભાગ ભજવે છે.

## ટે પાપા ટોંગરેવાએ વિશ્વના ટોચના ૨૫ મ્યુઝિયમમાં સ્થાન મેળવ્યું



ન્યુઝિલેન્ડના નેશનલ મ્યુઝિયમ ટે પાપાને ટ્રીપ એડવાઈઝર દ્વારા વિશ્વના ટોચના ૨૫ મ્યુઝિયમ પૈકીના એકમાં સ્થાન આપવામાં આવ્યું છે.વિશ્વની અગ્રણી ટ્રાવેલ સાઈટ્સ પૈકીની એક ટ્રીપ એડવાઈઝરે તેના વાર્ષિક ટ્રાવેલર્સ ચોઈસ એવોર્ડ્સના ભાગરૂપે ટોચના મ્યુઝિયમ માટે રિવ્યુઅર્સની પસંદગીની જાહેરાત કરી છે.ઉલ્લેખનીય છે કે આ યાદીમાં ટે પાપા ૧૯માં ક્રમે સ્થાન પામ્યું છે, જેમાં ન્યુ યોર્કના મેટ્રોપોલિટન મ્યુઝિયમ ઓફ આર્ટ, પેસિસના મ્યુસે દે ઓર્સે, સેન્ટ પિટ્સબર્ગના સ્ટેટ હેર્મિટેગ મ્યુઝિયમ એન્ડ વિન્ટર પ્લેસ, લંડનના વીએન્ડએ - વિક્ટોરિયા એન્ડ આલ્બર્ટ મ્યુઝિમનો પણ સમાવેશ થાય છે. "ટે પાપા એક્ઝિબિશનમાં પૂર્ણ રિન્યુઅલ કરી રહ્યું છે અને તે ટે પાપાના કાયમી એક્ઝિબિશનનું અદ્ભુત રિઈમેજીંગ છે. અતુલ્ય આર્ટ ગેલેરી આગામી વર્ષના ફેબ્રુઆરીમાં ટે પાપાની ૨૦મી વર્ષગાંઠ નિમિત્તે ખુલશે. અમે આગામી વર્ષોમાં પણ આ યાદીમાં સ્થાન મેળવતા રહીએ તેવી અપેક્ષા છે," તેમ તેમણે ઉમેર્યું હતું. મહત્વપૂર્ણ છે કે ટે પાપા છેલ્લાં ચાર વર્ષથી સતત ટોપ ૨૫ની યાદીમાં સમાવિષ્ટ થયું આવ્યું છે અને આ વર્ષે ટે પાપાએ સૌતી વધુ સારા પ્રતિસાદો પ્રાપ્ત કર્યા છે.

દિવ્યજ્યોત
અધ્યાત્મ, ધર્મ, ભકિતને લગતાં સાહિત્યનાં અજવાળાં...

## સુવાકયો

સ્વાતંત્ર્યની ક્યારીમાં જ પ્રેમના પુષ્પો ખીલી શકે છે.
દેવું, શત્રુ અને વ્યાધીનોજલ્દી નાશ કરવો જોઇએ.
ગુસ્સો હંમેશા મુર્ખતાથી શરૂ થઈ પશ્ચાતાપ પર પૂરો થાય છે.
કર્તવ્યનો સમય વિતી ગયા બાદ તેની સફળતાનું રહસ્ય સમજાય છે.
કષ્ટને સહન કરવાથી જ અનુભવની પ્રાપ્તિ થાય છે.
હૃદયની વિશાળતા એ ઉન્નતિનો પાયો છે.
ઈચ્છા બધા જ દુઃખોનું મૂળ છે.
વિશ્વાસનો અભાવ એ અજ્ઞાનતા છે.



આરાધના | નાથાલાલ બ્રહ્મક્ષત્રીય

## હનુમાનજીની જેમ પ્રભુ પાસે માત્ર સેવા જ માંગવી

કોઈની સાથે મૈત્રી નિભાવવી હોય કે સંબંધ જાળવી રાખવો હોય તો તેની પાસે કાંઈ માંગવું નહીં કે કોઈ અપેક્ષા રાખવી નહીં તો જ સંબંધોની મીઠાશ લાંબો સમય ટકી રહેશે.

મહાત્મા ગાંધીજી પણ કહેતા હતા. કોઈપણ સંબંધ બલિદાન વગર લાંબો સમય ટકતો નથી. આ બલિદાન એટલે આપણા અંગત હિતનું બલિદાન. સમાજનો એકમ પરિવાર છે અને પરિવારનો એકમ વ્યક્તિ છે. દરેક વ્યક્તિ માત્ર પોતાના હિતની જ વાત વિચારે તો પરિવાર વેરવિખેર થઈ જાય, આવા વિખેરાઈ ગયેલા પરિવારો સમાજની એકતામાં મદદરૂપ થઈ શકે નહીં. માટે જો સમાજની એકતા ટકાવવી હોય તો દરેક પરિવાર સંસ્કારીત બને અને દરેક વ્યક્તિ સહનશીલ બને તેવો અભિગમ આપણા શાસ્ત્રકારોએ રાખ્યો છે.

વૃક્ષો મીઠાં ફળ આપે છે, શીતળ છાયા આપે છે અને સૂર્ય પ્રકાશની હાજરીમાં પોતે તપીને, અંગાર વાયુનું શોષણ કરીને, આપણા જીવનને ટકાવવા માટે મદદરૂપ થાય તેવો પ્રાણવાયુ આપે છે. તે કયારેય બદલાની અપેક્ષા નથી રાખતું પરંતુ આપણે જો આપણા હિતની વાત વિચારીએ તો આવાં વૃક્ષોનું જતન અને સંવર્ધન કરવુ જ જોઈએ પરંતુ આપણા નિજી સ્વાર્થ માટે સુકાં વૃક્ષોની સાથે કયાંક લીલાંછમ વૃક્ષોને પણ કાપીને અંગત હીત માટે ઉપયોગ કરવા લાગીએ છીએ ત્યારે સૃષ્ટીનો લય ખોરવાય છે. તેથી જાગૃત નાગરિક તરીકે આપણા અને સમાજના હિત-કારક વૃક્ષોની માવજત કરીએ.

તે રીતેજે કોઈ સંપન્ન વ્યક્તી છે તેણે પોતાનાથી ઓછી આવક ધરાવનારા પરિવારજનો સાથે ઉદાર ભાવે મદદ કરવાનો પ્રયત્ન કરવાનો છે. આપણી પાંચેય આંગળીઓ પણ સરખી નથી. લાંબી ટુંકી છે, છતાં પાંચેય ભેગી થઈને મુઠી બને છે ત્યારે અનિષ્ઠને પડકારી શકે છે અને અન્યને મદદરૂપ પણ થઈ શકે છે. ઘર પરિવારમાં પણ આ રીતે દરેક વ્યક્તિ સમાન બુધ્ધિશાળી, શક્તિશાળી કે આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરી શકે તેવી ન હોય ત્યારે વધારે કમાનાર, વધારે બળશાળી કે વધારે બુધ્ધિશાળીએ પોતાના અંગત હીતનું બલીદાન આપીને પ્રમાણમાં ઓછા બળ, બુધ્ધિ અને આર્થિક સંકડામણ અનુભવતા વ્યક્તિઓને મદદરૂપ બનવું જોઈએ.હનુમાનજીના અનેક ગુણો સાથે સરળતા, સૌમ્યતા અનુસંધાન પાના નં.૬ ઉપર

## યસ્યનાહંકૃતો ભાવો બુધ્ધિર્યસ્ય ન લિપ્યતે । હત્વાપિસ ઈમાંલ્લોકાન્ન હન્તી ન નિબધ્યતે ।।

અધ્યાત્મ | ૫૮૪ | પ્રિ.ડૉ.હેમરાજભાઈ આર.પટેલ

ભગવદ્ ગીતાએ 'ફલાશા' એટલે કે 'આસક્તિ' ના ત્યાગનો ઉપદેશ આપ્યો છે. ફલાસા અને આસક્તિનું મુળ કારણ માનવીમાં રહેલો 'અહંકાર' છે. જો કોઈ વ્યક્તિ અહંકારથી પોતાને જ એક માત્ર કર્તા માને છે તે આગળના શ્લોકમાં કહ્યા પ્રમાણે દુર્મતિ એટલે અજ્ઞાની કે મૂર્ખ છે. યથાર્થ-સાચું જોનારો કોણ છે ? તે જણાવતાં નીચેના શ્લોકમાં ભગવાન કહે છે કે :

**યસ્યનાહંકૃતો ભાવો બુધ્ધિર્યસ્ય ન લિપ્યતે ।**
**હત્વાપિસ ઈમાંલ્લોકાન્ન હન્તી ન નિબધ્યતે ।। ૧૮-૧૭ ।।**

'જેને જે મનુષ્યને (યસ્ય) હું કર્તા છું એવો અહંકાર વાળો (અહંકૃત) ભાવ-સ્વભાવ (ભાવઃ) નથી (ન) જેની (યસ્ય) બુધ્ધિ (બુધ્ધિ) કર્મમાં લેપાતી નથી-આસકત થતી નથી. (ન લિપ્યતે) તે પુરૂષ (સઃ) આ (ઈમાન્) જગતને, સઘળા લોકોને (લોકાન્) હણીને (હત્વા) પણ (અપિ) હણતો નથી. (ન હન્તિ) (કે) પાપથી બંધાતો નથી, કર્મથી બંધનને પામતો નથી. (ન નિબધ્યતે)'

આ શ્લોકમાં ભગવાન અર્જુનને કહે છે કે યુદ્ધ ન કરવાની ઈચ્છા અહંકારથી ઉત્પન્ન થાય છે.અર્જુન પોતાને જ કર્મનો કર્તા માનતો હતો પરંતુ તે અંદર અને બહાર વ્યાપ્ત એવા સર્વોપરી પરમાત્માનો વિચાર કરતો નહોતો. જે મનુષ્ય કર્મના ઉપકરણોને, કર્તા તરીકે પોતાને અને પરમ નિર્દેશક તરીકે પરમાત્માને માનેછે તે પ્રત્યેક કાર્યને સિદ્ધ કરવામાં સમર્થ હોય છે.આવા પ્રકારનો મનુષ્ય કયારેય મોહગ્રસ્ત થતો નથી. જો વ્યક્તિ 'નાહંકૃત' અર્થાત 'અહંકાર વિનાનો બને' હું કાંઈ ડરતો નથી' પણ તે ઈશ્વર જ કરાવે છે' એવી ભાવનાથી નિર્લેપ બને પછી કોઈને હણે તો પણ તે નિઃસંગતાથી નિઃસ્વાર્થ ભાવથી કરે છે તેથીતેનો દોષ તેને લાગતો નથી. ભોકતાપણાની વાસનાથી રહીત હોવાથી તેની બુધ્ધિ લોપાતી નથી.તે કર્મના ઈષ્ટ, અનિષ્ટ કે મિશ્ર એમ ત્રણ પ્રકારના ફળને ભોગવતો નથી.

આ શ્લોક ઉપર ઉપરથી વાંચતાં મનુષ્યને ભ્રમમાં નાખી દે છે. ગીતાના ઘણા શ્લોકો કાલ્પનિક આદર્શને અવલંબનારા છે. જેનો સચોટ નમુનો જગતમાં ન મળે આ ઉપયોગ માટે જેમ ભૂમિતિમાં કાલ્પનિક આદર્શ આકૃતિઓની આવશ્યકતા છે તેમ ધર્મ વ્યવહાર માટે પણ છે. આ શ્લોક પર ડૉ.રાધાકૃષ્ણનની નોંધ મનનીય છે. મુકત મનુષ્ય પોતાનાં કર્મો વિશ્વાત્માના ઉપકરણના રૂપમાં અને વિશ્વની વ્યવસ્થાને ટકાવી રાખવા માટે કરે છે તે ભયંકર કર્મ પણ પોતાની સ્વાર્થી ઈચ્છા પુર્ણ કરવા માટે કરતો નથી. તે પોતાનું આદર્શ કર્તવ્ય છે એમ માનીને જ કરે છે કર્તવ્ય પરાયણ થાય છે. મુંડક ઉપનિષદ ૨-૧-૨ માં પણ કહ્યું છે કે 'જેને અહંકાર નથી જેને કર્તાપણું નથી જે કર્મ માત્રનો સાક્ષી થઈને વર્તે છે.

'અહંકૃત ભાવ' અર્થાત 'હું કર્મ કરૂં છું' એવો ભાવ હોવાથી જ મનુષ્ય કર્મોનો કર્તા બને છે અને ફળની ઈચ્છાથી એ ફળના ભાગી થવું પડે છે પરંતુ જે માણસની અંદર અહંકૃત ભાવ નથી અને ફળની ઈચ્છા પણ નથી તે બધું જકરતો હોવા છતાં પણ વાસ્તવમાં કંઈ જ કરતો નથી અને ફળનો ભાગી પણ થતો નથી. આ શ્લોકમાં પ્રયોજાયેલ 'હત્વા અપિ' પદથી ભગવાન અર્જુનને યુદ્ધ માટે પ્રેરે છે. 'અપિ' પદનું તાત્પર્ય અધ્યાય ૪ ના શ્લોક ૨૦ પ્રમાણે કર્મોમાં સારી રીતે પ્રવૃત્ત હોવા છતાં પણ તે કાંઈ કરતો નથી' અધ્યાય ૬ ના શ્લોક ૩૧ પ્રમાણે 'તે સર્વ પ્રકારે વર્તતો હોવા છતાં મારામાં રહેલો છે' અધ્યાય ૧૩ ના શ્લોક ૩૧ પ્રમાણે 'શરીરમાં રહેલો હોવા છતાં કંઈ જ કરતો નથી, કશાથી લેપાતો નથી'

જેમ જળ, અગ્નિ કે વાયુ વડે પ્રારબ્ધવશ કોઈ પ્રાણીની હિંસા થતી હોય એમ દેખાવા છતાં એ જળ, અગ્નિ કે વાયુ દ્વારા વાસ્તવમાં હિંસા નથી તેમ જે માણસનું દેહમાં અભિમાન નથી જેની બધી જ ક્રીયાઓ સ્વાર્થ વિના કેવળ સંસારના હીતાર્થે જ થાય છે એ માણસના શરીર અને ઈન્દ્રીયો દ્વારા કોઈ પ્રાણીની હિંસા નથી થતી, લોકદ્રષ્ટીમાં જોવામાં આવે તો પણ એ માણસ દ્વારા વાસ્તવમાં હિંસા નથી કારણ કે અહંકાર,આસક્તિ અને સ્વાર્થ તેનામાં ન હોવાને કારણે કોઈ પ્રાણીની હિંસા થઈ જ શકતી નથી. વળી કર્તૃત્વના અભિમાન વિના કરેલું કર્મ ખરેખર તો અકર્મ જ છે. તેથી એ માણસ પાપથી લેપાતો નથી, પાપથી બંધાતો નથી જે વ્યક્તિ વિશાળ આત્માની ચેતનામાં જીવન પસાર કરે છે તેને કોઈ પાપ કરવાની હિંસા કરવાની આવશ્યકતા જ ન હોય.

જીવન દર્શન | ભગવાનદાસ બંધુ

## ગરીબોના બેલી, અનેક સત્કાર્યોના સાથી અને વિશ્વ રઘુવંશ ગૌરવ સમાન નારણદાસભાઈ ભાયાણીની રૂઆબદાર વિદાય



જેનું જીવન મ્હેંકતું હોય એનું મૃત્યુ પણ મહેંકતું અને રૂઆબદાર હોય છે. જેમના દર્શન માત્રથી આનંદ થાય એવા રઘુવંશના ઉજ્જવળ દીવડા સમાન પૂજ્ય, વંદનીય, આદરણીય અને જ્ઞાતિગૌરવ કહેવાય તેવા નારણદાસ ભાયાણીજીનું તાજેતરમાં ૮૪ વર્ષની વયે લંડન ખાતે તા.૨૦-૯-૨૦૧૭ ને બુધવારે નિધન થયું ત્યારે ગુ-જરાત,ભારત અને સમગ્ર વિશ્વમાં વસવાટ કરતા રઘુવંશી લોહાણા સમાજે જબરજસ્ત આંચકો અનુભવ્યો. ગરીબોના બેલી, લાખોના તારણહાર, અનેક સત્કાર્યોના સાક્ષી અને સાથી, સમાજના માર્ગદર્શક-પથદર્શક અને રાહબર એવા નારણબાપા ભાયાણી વિદેશની ધરતી ઉપર રહેતા હતા પરંતુ ગુજરાત અને ભારત પ્રત્યેની તેમની લાગણી સવિશેષ હતી. શિક્ષણ, મેડીકલ, આવાસ વ્યવસ્થા, ભોજન વ્યવસ્થા, આર્થિક સહાય જેવી અનેક બાબતોમાં રઘુવંશી લોહાણા સમાજના અતિ મજબુત ટેકેદાર બનીને પૂજ્ય જલારામ બાપાને માધ્યમ બનાવી અદકેરૂ કામ કરનાર નારણબાપા માત્ર રઘુવંશી લોહાણા સમાજ માટે જ નહીં પરંતુ સમગ્ર માનવજાત માટે એક સાચા માર્ગદર્શક બનીને વિદાય થયા છે.

જગતપિતા પરમકૃપાળુ પરમાત્માના આ પૃથ્વી ઉપર કેટલાક એવા માયાળુ, દયાળુ, કરૂણાસભર, દ્રષ્ટીવાન, ઉદાર, સમજુ, પરગજુ, પરહિતકારી માણસોને પૃથ્વી ઉપર મોકલીને પોતાના દૂત બનાવી સારાં કામો કરાવી લે છે. એવા પૂજ્ય નારણબાપા સાચા અર્થમાં રામદુત બનીને જ આ પૃથ્વી ઉપર આવ્યા હતા. મુળ ભારતના પરંતુ જન્મથી જ કીસુમુ-કેન્યા ખાતે સ્થાયી થયેલા નારણબાપા જલારામ બાપાના અનન્ય ભકત અને રઘુવંશી લોહાણા સમાજના ભામાશા તરીકે પ્રખ્યાતિ પામ્યા હતા. રાજકોટની જલારામ હોસ્પિટલ હોય કે સૌરાષ્ટ્રમાં રઘુવંશી સમાજમાં જરૂરીયાતમંદ પરિવારો માટે આવાસ નિવાસની વ્યવસ્થા ઉભી કરવાની હોય તેમાં નારણબાપાએ પોતાનું યોગદાન આપીને વિશ્વમાં વસવાટ કરતાં રઘુવંશી લોહાણા શ્રેષ્ઠીઓ પાસેથી ખુબ જ મહત્વનું યોગદાન પ્રાપ્ત કરાવી આપવામાં ઉંચી ભૂમિકા ભજવી હતી. વલસાડ જેવા આદિવાસી વિસ્તારમાં બહેન શ્રીમતી પ્રજ્ઞાબેન રાજાના માધ્યમથી આદિવાસી સમાજમાં સમૂહલગ્ન કરવાનાં હોય કે અખિલ ગુજરાત લોહાણા સમાજમાં ભાઈ ધનવાનભાઈ કોટકના માધ્યમથી વિધવા-વિધુર સહાયકારી યોજનાની કામગીરી હોય એ બધી જ બાબતોમાં નારણબાપા ભાયાણી હરહંમેશાં સેતુબંધની કામગીરી કરીને દાતાઓના દાનનો શ્રેષ્ઠત્તમ ઉપયોગ થાય તે માટે અતિ પ્રયત્નશીલ હતા. વિશ્વકક્ષાએ કાર્યરત લોહાણા મહાપરિષદની કામગીરીમાં પણ ભુતકાળમાં તેઓ ઉપયોગી નીવડેલા છે. નારણદાસ બાપા જ્યારે જ્યારે પણ દાન આપતા કે અપાવતા ત્યારે તેમની શરત એક જ રહેતી કે જલારામ બાપાનું જ દરેક સંસ્થામાં નામ રાખવું. પોતાની જીંદગી દરમ્યાન વ્યક્તિગત રીતે અબજો રૂપિયાનું દાન આપ્યું અને અનેક દાતાઓ પાસેથી દાન અપાવીને રઘુવંશી લોહાણા સમાજમાં શ્રેષ્ઠત્તમ સમાજ ઉપયોગી સત્કાર્યો થાય તે માટે જશ-અપજશની પરવા કર્યા સિવાય નિર્દોષ-નિર્લેપ-નિખાલસ અને નીડરભાવે કામ કર્યું.

નૈરોબી, અમેરિકા, લંડન, કેન્યા જેવા દુનિયાના વિવિધ દેશોમાં હજારો-લાખોની સંખ્યામાં રઘુવંશી લોહાણા સમાજના ભામાશાઓ સદીઓથી વેપાર અર્થે વસવાટ કરી રહેલ છે. આ બધા જ દાતાઓનું સંકલન કરીને ભારતની ભૂમિ ઉપર વધારે ને વધારે સત્કાર્યો થાય તે માટે તેમણે ૮૪ વર્ષની ઉંમર સુધી એટલે કે જીંદગીના છેલ્લા શ્વાસ સુધી કામ કર્યું અને પરમાત્માએ પણ તેમને એક પણ મીનીટ પથારીવશ કર્યા સિવાય પોતાની પાસે બોલાવી લીધા. જેનું જીવન સુગંધમય હોય એનું મૃત્યુ પણ રૂઆબદાર અને સુગંધમય હોય તે માટેનું ઉમદા ઉદાહરણ એટલે નારણબાપા ભાયાણી.

પોરબંદરમાં ૨૩૯ ફ્લેટસ ઉપરાંત મહાજનવાડી, જલારામ મંદિર, બાલમંદિર,દવાખાનુ, ચરખા કેન્દ્ર બનાવી સૌરાષ્ટ્રનાં મોટા ભાગનાં નગરોમાં તેમણે જાગૃતિ લાવી. ભાણવડ, સુરજકરાડી, જામખંભાળીયા, દ્વારકા, જામનગર, મોરબી, ઓખા, ધોરાજી, વીરપુર સહિત તમામ સ્થળોએ થઈને એમણે ૧૧૦૦ (અગિયારસો) જેટલાં મકાનો બનાવી ખુબ જ ગરીબ અને જરૂરીયાતમંદ રઘુવંશી લોહાણા પરિવારોને રહેવા માટે સમર્પિત કર્યા અને આ રીતે અંદાજે પાંચથી છ હજાર રઘુવંશીઓને એમણે રહેવા માટે ઓટલો અને ભોજન માટે રોટલો આપ્યો. આ બધી જ વ્યવસ્થા આજે પણ શ્રી જલારામ આવાસ યોજના તરીકે જ ઓળખાય છે. જેમાં સ્થાનિક મહાજનોએ પણ સહયોગ આપેલ છે.રાજકોટની જલારામ રઘુકુળ સાર્વજનિક હોસ્પિટલમાં પૂજ્ય નારણબાપાએ મહોત્વનું યોગદાન આપી અપાવી સૌરાષ્ટ્રની પ્રજાની ખુબ જ મોટી સેવા કરી છે. આ ધરતી ઉપર કોઈપણ સારૂં સત્કાર્ય કરવું હોય જેમ કે શિક્ષણ, આરોગ્ય, ગૌશાળા, વૃધ્ધાશ્રમ, બાલાશ્રમ, અતિથિગૃહ, પાંજરાપોળ, પક્ષીઘર, આવાસ વ્યવસ્થા તો તેમાં હંમેશાં રઘુવંશી લોહાણા સમાજનો સિંહફાળો હશે. જે ગામમાં રઘુવંશી લોહાણાઓ રહેતા હોય ત્યાં મોટા પાયે ધાર્મિક, સાર્વજનિક પ્રવૃત્તિઓ પણ ચાલતી જ હોય. પુજય જલારામ બાપાનું જીવન અનેક રઘુવંશી આગેવાનો અને સમગ્ર માનવ જીવન માટે જાહેરહિતનાં કામો કરતા હોય તે સૌ માટે પ્રેરણાદાયી છે. ગુજરાત-ભારત અને વિદેશમાં પણ અનેક સ્થળોએ નારણબાપાની શ્રદ્ધાંજલી સભાઓ યોજાઈ છે. એક મુઠી ઉંચેરો માનવી, અદનો સેવક, સાચો રામદુત, ગરીબોનો બેલી, અનેકજનોનો રાહબર કહી શકાય એવો વિશાળ વડલા સમાન માનવી નારણબાપાના સ્વરૂપે આપણી વચ્ચે આવ્યો અને અલવિદા પણ થયો પણ એક વિશિષ્ટ પ્રકારની સુગંધ મુકીને ગયો તે ગૌ-રવ સાથે પૂજ્ય નારણબાપાને કોટિ કોટિ વંદન,તેમના સત્કાર્યોને અભિનંદન અને આદર તેમજ અદબપૂર્વક ભાવભીની શ્રદ્ધાંજલી..

ભગવાનદાસ બંધુ મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩

## વિદ્યામદોઃ ધનમદ સ્તૃતીયોડભિજનો મદ : ! મદા એતેડવલિયાનામેત એવ સતા દમા : !!

ચિંતન | યશપાલસીહ ટી.વાઘેલા

મા આદ્ય શક્તિની ઉપાસના-આરાધનાનું પર્વ નવલાં નોરતાં આંખના પલકારામાં જાણે ઝડપભેર ચાલ્યાં જઈ રહ્યાં હોય તેવું લાગે છે. આવતીકાલે કેટલાક માઈભકતો હવનાષ્ટમી કરશે તો લગભગ આરાધકો ગુરૂવાર આમ તિથિની મિશ્રતામાં આ વખતે નવલાં નોરતાંમાં વૃધ્ધિ સાથે અવઢવની માનસિકતા છવાયેલી જોવા મળી આજે છઠ્ઠું સાતમું નોરતું એ રીતે થયું છે. દશેરા, વિજયાદશમી શનિવારે થશે. દુર્ગાપુજાની પુર્ણાહુતિ ભારતીય સંસ્કૃતિમાં જે સંસ્કારોનું સિંચન થયું છે તેમાં આરોગ્ય, એકતા, સ્વચ્છતાની સાથોસાથ મોજમજા, મનોરંજનની ભાવનાને ધર્મની સાંકળથી જોડીને ગોઠવવામાં આવી છે. શ્રાદ્ધ પર્વમાં મૃતાત્મા પૂર્વજોના અર્પણ -તર્પણમાં ખીર, દુધપાક પુરીને અન્ય મિષ્ટાનો ખુબ ખાધા હતા. આ પખવાડીયામાં છાશ દહીંનો ત્યાગને દુધ ખીર પુરીનો આહારગ્રહણ કરવા પાછળ અદ્ભૂત આરોગ્ય ઉપચાર છુપાયેલો છે. જેની અનુભૂતિ એ રીતે જીવનમાં ઉતારો ત્યારે જ ખબર પડે બાકી તો 'સબ સોમલા' જેવું જ થાય. કુટુંબ, સમાજ, પરિવારમાં એકતા, અખંડીતતાની ભાવના અકબંધ રહે તેવા ઉમદા ઉદ્દેશથી આપણા પરિવારના ચોકમાં માં શક્તિની પધરામણી કરવામાં આવે ને શ્રાદ્ધ પર્વમાં જે મેવા, મિષ્ટાન્ન ખાધા હોય તેનાથી શરીરમાં ચરબી ઉત્પન્ન થઈ હોય તેનો ગરબા ગરબીની શ્રદ્ધાપુર્વક રમઝટ બોલાવીને ઓગાળવાની પ્રક્રિયા માનવીય તંદુરસ્તી બક્ષવાનું ભગીરથ કાર્ય આસ્થા-શ્રદ્ધાની દિવ્ય જયોતના પ્રકાશમાં ચોક્કસ થાય છે. નવલાં નોરતાં માં શક્તિ ઉપાસનાનું પર્વ અનેક રીતે શ્રેષ્ઠ ગણાય છે ને આ પર્વમાં હૃદય-મનની વિકૃતિઓ શોધી શોધીને એકઠી કરવામાં આવે છે ને હવાનાષ્ટમીના હવનમાં તેની આહુતિ અર્પીને પ્રફુલ્લિત બનવા પ્રયત્ન કરીએ છીએ તેમ છતાં કોઈ વિકૃતિ મદ, મોહ, અભિમાનરૂપે રહી ગઈ હોય તો દશેરા 'રાવણ દહન' માં તેનું દહન કરીને વિજય ઉત્સવ મનાવવા થનગનાટ કરીએ. આ વિજય ઉત્સવનો પ્રકાશ આસો વદ અમાસના ગાઢ અંધકારમાં દિવ્ય પ્રકાશ પ્રજ્જવલીત કરીને 'દિપોત્સવી' બની રહે છે ને એ દિવ્ય પ્રકાશ પુજમાં નવા વર્ષનો આરંભ કરીએ છીએ. હું જેટલો સુખી બનવા પ્રયત્ન કરૂં છું તેટલો જ અન્ય વ્યક્તિ-સમાજ-પરિવાર-સુખ-શાંતિ ભોગવવા માટે હક્કદાર છે. આપણી આ દિવ્ય પરંપરા જ આપણને અનેક મુશ્કેલીઓ વેદનાને ભુલવીને સાચું જીવન જીવવાની ડગર તરફ આગળ વધારે છે. ધર્મ એ જીવન જીવવાની અદ્ભૂત કળા છે. ધર્મ કયારેય માનવીય મન વિહવળતા અનુભવે તેવો ચમત્કાર બતાવતો નથી તેમ છતાંય તે મોટા ચમત્કારથી કંઈ કમ પણ નથી એ વાત સારી અને સાચી રીતે સમજવી પડે. રામ રહીમ, કેશવાનંદ, આશારામ, રાધેમાને કેટલાક બની બેઠેલ બાબા ભુવાજીઓ, માતાજીઓ સમાજમાં જેમ પકવવામાં જ રાત દિવસ મસ્ત બનોલા હોય છે જેની વાત આપણે અહીં નથી કરતા. આપ સૌ જાણો જ છો કે આપણી આજુબાજુ ઘટનાઓમાં કયાંકને કયાંક આપણે જવાબદાર છીએ અથવા ન છુટકે તેવી બાબતોને સમર્થન આપવા મજબુર બનવું પડે છે. નવરાત્રીના અંતિમ તબક્કામાં પરિવારનું રક્ષણ કરતી કુળદેવીની પલ્લી હવન જેમાં આપણે સૌ સાથે મળી વિકૃતિઓનું દહન કરતા હોઈએ છીએ ને ત્યારબાદ મિષ્ટાન્ન, ભોજન, નૈવેદ, પ્રસાદ રૂપે માં શક્તિ-રક્ષા કરતી દેવી કુળદેવીને ધરાવીને એક સાથે બેસી ગ્રહણ કરીએ છીએ સંસાર, પરિવાર, કબીલામાં પડયા છીએ તો કકળાટ વિકૃતિઓ આવવાની શકયતા રહે તે સ્વાભાવિક છે ને તેમાંય પૃથ્વીલોકના આપણે શ્રેષ્ઠ બુદ્ધિશાળી વર્ચસ્વ ધરાવતા જીવ છીએ એટલે તેવી વિકૃતિ કકળાટ આવવામાં કંઈ બાકી ન રહે. ઘરમાં બે વાસણ ખખડે તેમાં આશ્ચર્ય અનુભવવાની કોઈ જરૂર નથી. પણ એ વાસણોને પાછા એની હરોળમાં ગોઠવી વ્યવસ્થિત લાગે તે કરવાની જવાબદારી આપણી ચોક્કસ બને છે. ને આપણે જીવનમાં આ મહત્વનું કાર્ય જ કરવાનું છે. નવલાં નોરતા હવનાષ્ટમી દશેરો,વાઘબારસ, ધનતેરસ, કાળી ચૌદશ, દિવાળી કે નવું વર્ષ જીવનમાં આવવાનું છે પણ તેના થકી આપણે નવી ઉર્જાનો સંચાર કરી દિવ્ય પ્રકાશપુંજ જ પાથરવા પ્રયત્ન કરવાનો છે. હું જેટલો સુખી શાંત બનવા ઈચ્છું છું તેટલો જ મારો પરિવાર પાડોશી પણ બને તો જ હું સાચી સુખ શાંતિ ભોગવી શકીશ એ ભાવના જીવનમાં કાયમી રહેવી જ જોઈએ. જેમાં કોઈ ભુલચુક કરે તો તેની માનસિકતા છે ને એ જ દુઃખી થવાનો બાકી હું તો કોઈનું કયારેય ખરાબ કરીશ નહીં, ઈચ્છીશ પણ નહીં હું પૃથ્વીલોક પર માનવ થઈને આવ્યો છું ને માનવતા સિવાય મારો બીજો ધર્મ કે ફરજ હોઈ જ ન શકે. અનુસંધાન પાના નં.૬ ઉપર

## જેવા સાથે તેવા

શ્રદ્ધા અને સંસ્કાર

**ગતાંકથી ચાલુ**

એક દિવસ કુશલ જલ્દીથી સવારનું કામ પતાવીને દુકાને ગયો. રોજ કરતાં પુત્રને વહેલો આવેલો જોઈ અચલ શ્રેષ્ઠી ખુબ ખુશ થયા. તેમણે વિચાર્યું કે રોજ તો કુશલ મારી સાથે રહીને વ્યાપાર કરે છે. આજે એને જાતે વેપાર કરવાની તક આપું એટલે મને ખ્યાલ તો આવે કે તે વ્યાપારમાં જોડાઈ શકે એમ છે કે નહીં ? તેમણે કુશલને કહ્યું : 'બેટા તું હોંશિયાર છે એ મને ખબર છે.. બધા તને મુર્ખ માને છે પણ ખરેખર એવું નથી. મારો પુત્ર કુશલ ખરેખર કુશલ છે. આમ માનસિક રીતે તેને તૈયાર કરીને પછી કહ્યું, પુત્રતને હું એક કામ સોંપું છું. આજે હું તને થોડું ધન આપીશ.. સાથે સાથે બે સેવકો અને એક ગાડું અને બીજા ગામમાં જઈને તેનું વેચાણ કરજે જે કંઈ લાભ થાય તે મેળવજે. એટલે બધાનો ભ્રમ નીકળી જાય,બધાને ખબર પડે કે અચલ શ્રેષ્ઠીનો પુત્ર કુશલ ખરેખર કુશલ જ છે. બે ત્રણ દિવસમાં પાછો આવી જજે. તારી સાથે બે સેવક મોકલું છું એટલે બહુ ચિંતા કરીશ નહીં.

તરત જ કુશલ પિતાજી પાસેથી જોઈતું ધન લઈને બે સેવકો સાથે ગાડા ઉપર બેસીને મોટા નગરમાં જવા નીકળી ગયો. નગરમાં પહોંચીને કુશલે વિચાર કર્યો કે આજ સાંજ સુધીમાં વસ્તુઓની ખરીદી કરી લઈએ. સાંજ અહીં જ ધર્મશાળામાં રોકાઈ જશું. સવારે બીજા ગામોમાં વ્યાપાર કરવા નીકળી જશું.

ધાન્ય વગેરે વસ્તુઓની ખરીદી કરવા કુશલ સેવકો સાથે નીકળ્યો. ભાવ તાલ વગેરે નક્કી કર્યા પછી ખરીદી કરવાનો સમય આવ્યો ત્યારે સેવકોએ તેને કહ્યું,આપ હમણાં સીધી ખરીદી ન કરી લો. હજી બે ત્રણ જગ્યાએ પણ ફરો.. પછી ખરીદી કરજો.. તેમની વાત કુશલને યોગ્ય લાગી એટલે કુશલ બજારમાં ફર્યો. ફરતાં ફરતાં લગભગ સાંજ પડી ગઈ. તેથી તેણે વિચાર બદલ્યો કે જો હમણાં ખરીદી કરવા જઈશ તો બહુ મોડું થઈ જશે. એટલે દુકાનદારો સાથે આજે માત્ર કઈ કઈ વસ્તુઓ ખરીદવી તે નક્કી કરીને રાખું. સવારેનીકળતાં જ બધી વસ્તુઓ લઈને નીકળશું.. સેવકોએ પણ કુશલની આ વાત માન્ય રાખી.

કુશલ સેવકો લઈને રાત રોકાવવા માટે ધર્મશાળામાં ગયો. ધર્મશાળાના માલિક શંકરભાઈએ તથા તેમની પત્ની ભારતીએ કુશલને સારી સેવા કરી. ભારતીએ કુશલના ઓરડાના કચરા પોતાં કર્યા. ભારતી મહા ઉસ્તાદ હતી. ઝીણી વાત ઉપરથી તે ઘણું બધું પારખી લેતી. તેને ખબર પડી ગઈ કે આ કુશલ ઘણું ધન લઈને અહીં આવ્યો છે અને આમ પણ આજે કુશલે ધાન્ય વગેરે વસ્તુઓની ખરીદી કરવાનું જ નક્કી કર્યું હતું ને ! ખરીદી કયાં કરી હતી ?

અનુસંધાન પાના નં.૬ ઉપર

## સોશીયલ એનીમલ

સૌરભ | બી.કે.નીતાબેન

કહેવામાં આવે છે કે Man is a social animal માણસ એક સામાજિક પ્રાણી છે અને સમાજની વ્યાખ્યા કરીએતો અનેક સંબંધોનો સમુહ, સંબંધોનોની માળામાં પરોવાયેલ માણસ એ એક મણકો છે. જેમ એક મણકાનું મહત્વ ત્યારે છે જ્યારે એ એક દોરામાં પરોવવામાં આવ્યા હોય ત્યારે જ એ સુંદર માળાના રૂપમાં શોભા આપે છે. તેવી જ રીતે માણસ એકલો એટલો રહી શકતો નથી. એને પણ અનેક વ્યક્તિઓના સંબંધોની માળામાં પરોવાવું પડે છે. અને તે એને માટે છે એની શોભા પણ ત્યારે જ છે. માણસને જીવવા માટે તો કોઈના કોઈ સહારાની જરૂર તો પડે જ છે. જેમ વેલ ને ચઢવા માટે નાનું અમથુ કોઈ ઝાડ અથવા સહારાની જરૂર પડે છે. એમ માણસને પણ વેલની જેમ આધાર અથવા સહારાની જરૂર પડે છે. આપણા જીવનમાં સંબંધોની શરૂઆત જન્મથી જ થાય છે અને અંત આવે છે મૃત્યુ બાદ માતા, પિતા, ભાઈ, બહેન, મિત્ર, પતિ-પત્નિ, આવા અનેક સંબંધોની સોનેરી જાળમાં ફસાવું આપણને ગમે છે. અને એ જાળ જ કદાચ આપણને જીવન જીવવા માટે પ્રેરકબળ આપે છે. સંબંધોનું આપણા જીવનમાં આગવું સ્થાન હોય છે. દરેક વ્યક્તિ પાસેથી આપણને ઘણુ બધુ પ્રાપ્ત થાય છે. જેમ ભીની માટી જ્યારે ઘડો બને છે તો કેટલી લાંબી પ્રક્રિયા અને મહેનત પછી એ ઘડો આપણને એ ઘડો ઠંડુ પાણી આપવાના લાયક બને છે. કેટલા ખંતથી કુંભાર એને આકાર આપે છે. એવી જ રીતે આપણે પણ આ સંસારમાં આવ્યા ત્યારે ભીની માટી જેવા જ હતા. આપણે માતા-પિતા, ભાઈ-બહેને, ગુરૂશિક્ષક, મિત્રો આવા અનેક સંબંધીઓએ સુંદર જીવન ઘડતર કર્યું છે અને ત્યારે જ આપણે શ્રેષ્ઠ જીવન, આદર્શ જીવનરૂપી ઘડા સ્વરૂપે તૈયાર થઈએ છીએ. અનેકોની સેવામાં અથવા અનેકોને આપણા જીવનથી લાભાન્વિત કરીએ છીએ. ઘણીવાર એવું પણ બને છે કેટકેટલી મહેનત કરવા છતાંય કોઈ કોઈ ઘડા કુરૂપ, બેડોળ અથવા પાણી ભરવા લાયક બની શકતા નથી. ત્યારે કુંભારને પોતાની મહેનત જરૂર યાદ આવે છે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

## બનાસકાંઠાના ...

પાના નં .૧ ચાલુ

સેવા ખોરવાઈ હોવાના અહેવાલ મળ્યા છે.

NHM અને RCH કરાર આધારિત કર્મીઓ હડતાલ પર ગયા હતા. તેઓએ પોતાના થતા શોષણ સામે આવાજ ઉઠાવતા સરકાર વિરોધી સુત્રોચ્ચાર કર્યો હતો. આ કર્મચારીઓએ પોતાની ન્યાયી માંગણીઓ સત્વરે સંતોષવાની માંગ કરી હતી.

## ચડોતર પાસે ...

પાના નં .૧ ચાલુ

અકસ્માતને પગલે લોકોના ટોળેટોળાં એકત્ર થઇ ગયા હતા. જેઓએ ગાડીમાં ફસાયેલા મૃતક અને ઘાયલોને બહાર કાઢ્યા હતા. જોકે, ઘટનાસ્થળે ઉપસ્થિત પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ ગાડીમાં દારૂ ભરેલો હતો. વળી, કેટલાક લોકોએ તો કારમાં બેઠેલા લોકો પણ પીધેલા હોવાનું જણાવ્યું હતું.

## ગનાપીપળીન ...

પાના નં .૧ ચાલુ

જ્યારે અકસ્માતના તમામ મુસાફરોને અમદાવાદ જવા અન્ય વાહનની પણ વ્યવસ્થા કરી હતી. તેમજ ટ્રાફિક પણ હટાવાયો હતો. હડાદ પોલીસની આ કામગીરીમાં અંબાજી પી.આઈ. સી.જે.સોલંકી સાથે અન્ય વાહનોના ડ્રાયવરો અને મુસાફરો પણ જોતરાયા હતા. તેથી ટ્રેલર ચાલકનો બચાવ થયો હતો.

## "સ્વચ્છતા" અભિયાન...

અનુસંધાન ૨ નુ ચાલુ..

સ્વચ્છતા અંગે જનકભાઈ કહે છે કે સ્વચ્છતાની શરૂઆત આપણે આપણા ઘરથી ચાલુ કરી પછી સોસાયટી, પછી ગામ, પછી મહાનગર પછી, જિલ્લો પછી, રાજ્ય અને પછી દેશ, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જે સ્વચ્છતાનું બીડું ઉપાડ્યું છે એનાથી હું અને આખું કલા જગત ખૂબ જ પ્રભાવિત થયું છે.

હું ગાંધીનગર સ્વચ્છતા અભિયાન "બ્રાન્ડ એમ્બેસેડર" તરીકે સૌથી પહેલા સ્વચ્છતાથી જ શરૂઆત મારી આજુબાજુના વિસ્તારથી કરીશ. મહાનગરપાલિકા સાથે મળીને જે લોકો જાગૃતિના કાર્યો ઈચ્છતા હશે. તે ટુંક સમયમાં કરવામાં આવશે.

"હેપ્પી સ્ટ્રીટ" ના માધ્યમથી ઘણાં લોકો જાગૃતિના કાર્યક્રમો આગળ થયા છે. પણ એને કઈ રીતે વેગ મળે એવા મનોરંજનના માધ્યમથી લોકો સુધી સ્વચ્છતાનો સંદેશ પહોંચે એવા પ્રયત્નો બહુ જલ્દી કરવામાં આવશે.

આવા કાર્યક્રમોમાં ગાંધીનગરના (યુથ) યુવાનોનો સહકાર લેવામાં આવશે અને બીજા અનેક વિવિધ કાર્યક્રમો આગળના સમયમાં નક્કી કરવામાં આવશે.

## ડીસા ખાતે સ્વર્ગસ્થ...

અનુસંધાન ૨ નુ ચાલુ..

ધનંજયભાઈ ત્રિવેદી, વિષ્ણુભાઈ ઠક્કર તેમજ આનંદ ગરબા પરિવારના ઉષાબેન ઠક્કર, ઝેબરબેન ચૌધરી, રક્ષાબેન ઠક્કર, ચારૂબેન ઠક્કર, શિલ્પાબેન ઠક્કર, ગીતાબેન જોષી સહિત ખુબ જ સારી સંખ્યામાં ભાઈ- બહેનોએ ખાસ ઉપસ્થિત રહીને નારણબાપા ભાયાણીને શ્રદ્ધાંજલી આપી હતી. નારણબાપા ભાયાણીએ રઘુવંશી લોહાણા સમાજની સાથે સાથે સમગ્ર માનવજાતને ઉપયોગી થવા રાજકોટમાં જલારામ હોસ્પિટલનું પણ નિર્માણ કર્યું હતું.

## ડીસા ખાતે જાણીતા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ભાગવતકથા અને દેવી ભાગવત કથાનું મહત્વ સમજાવી સૌને રસ પડે તેવી સરળ શૈલીમાં કથાવાંચન કર્યું હતું. રીજમેન્ટ વિસ્તારમાં ધાર્મિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક જાગૃતિ આવે અને અહીં વસવાટ કરતા સૌ પરિવારો પણ વ્યસનમુક્ત બને તેવા ઉમદા આશયથી રાખવામાં આવેલ. કથાથી સૌએ રાજીપો વ્યક્ત કર્યો હતો અને સમગ્ર મહામૂલી કથા નવરાત્રીના નવ દિવસ સુધી ચાલનાર હોઈ લોકો તેનો લાભ લેનાર છે.

## રશિયાના મોસ્કો...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અને તે અંગે કેવા લાભો મળે તે અંગે પણ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ત્યારે જિલ્લાની બનાસબેંકના વાઈસ ચેરમેન જીગરભાઈ દેસાઈએ આ બેઠકમાં ભાગ લેતા જિલ્લા સહકારી ક્ષેત્રમાં નવો પ્રાણ ફુંકાશે. આ પ્રસંગે મોસ્કો ખાતે યોજાયેલી સહકારી બેઠકમાં યુવા સહકારી આગેવાન જીગરભાઈ દેસાઈને સન્માનિત પણ કરવામાં આવ્યા હતા.

## ડીસા તાલુકા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

જેમાં ડીસા મત વિસ્તારના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ, જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ પ્રકાશભાઈ ભરતીયા, ડીસા તાલુકા કોંગ્રેસના ઈન્ચાર્જ પ્રમુખ મુકેશભાઈ સોલંકી, ડીસા શહેર કોંગ્રેસ પ્રમુખ દિપકભાઈ પટેલ, જિલ્લા ડેલીગેટ સંજયભાઈ દેસાઈ, જિલ્લા કોંગ્રેસ સેવાદળ શૈલેષ વ્યાસ, જિલ્લા ડેલીગેટ અરજણભાઈ સોલંકી, રામસણ તાલુકા ડેલીગેટ રમેશસિંહ વાઘેલા, માજી.ડેલીગેટ અજમલજી રાનેરા લોરવાડાના ઈશ્વરભાઈ દેસાઈ, લોરવાડાના સરપંચ ધુડાભાઈ રબારી, તાલુકા કોંગ્રેસ ઉપપ્રમુખ કનુભાઈ બારોટ, કોંગ્રેસ કાર્યકર ભરતભાઈ બારોટ, ખેટવાના સરપંચ રામાભાઈ પરમાર, માજી ડે.સરપંચ મગનભાઈ રબારી ડેડોલ ગામના કોંગ્રેસ અગ્રણી રેવાભાઈ રબારી, તેમજ ઝેરડાના કોંગ્રેસ અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહીને આયોજનને સફળ બનાવેલ.

## અમદાવાદ પ્રિતમનગર...

અનુસંધાન ૩ નુ ચાલુ..

જેમાં પૂ.આચાર્ય શ્રી રાજપરમસૂરીશ્વરજી મ.સા., પૂ.મુનિરાજશ્રી રાજધર્મવિજયજી મ., પૂ.શ્રી રાજપુનિતવિજયજી મ., શ્રી રાજર્ષિવિજયજી મ.સા., પૂ.શ્રી રાજરમ્યવિજયજી મ., અને સંઘના અગ્રણી કુશળ સંચાલક વિનોદભાઈ મહેતા, હિંમતભાઈ, કાન્તીભાઈ, અયોધ્યાપુરમના વીરૂભાઈ ભરવાડ, નરેન્દ્રભાઈ કામદાર ગઢડાવાળા, વિ.વક્તાઓએ મહાન ગુરૂદેવના કલ્યાણકારી જીવન ઉપર પ્રકાશ પાથર્યો હતો. સરાગ જ્ઞાતિના ઉત્કર્ષ માટે પૂજ્યશ્રીએ કરેલા મહાન ગુરૂભક્ત જયેશભાઈ આદિ વિવિધ મહાનુભાવોએ લાભ લીધેલ. બપોરના પૂ.સાધ્વીજી મ.દ્વારા ગુરૂસંવેદના સમુહ સામાયિક અને રાત્રિના ભાવનારૂપે નરેન્દ્રભાઈ કામદાર દ્વારા કોલેજીયન સુધાકરના જીવનની કરૂણકથની તથા શ્રી વજસ્વામી પાઠશાળાના બાળકોનો ગિતિકા કાર્યક્રમ ભાવેશભાઈ દ્વારા રજૂ થયેલ. વિક્રમભાઈ તરફથી બાળકોને ઈનામો અપાયેલ. આ રીતે આ કુન્થુનાથ સંઘમાં ભવ્ય અનુષ્ઠાનો ઉજવાયેલ છે. આ પ્રસંગે પ્રસંગે ફક્ત ભાતપાણીના શુધ્ધ આયંબીલ તપ કરનાર ૯૦ તપસ્વીઓનું બહુમાન રૂા.૫૦ ની પ્રભાવના વડે થયેલ.

## થરા નગરમાં...

અનુસંધાન ૩ નુ ચાલુ..

તભાભાઈ નાયી, જયંતિભાઈ નાયી, બચુભાઈ નાયી, ગોવિંદભાઈ પ્રજાપતિ, લક્ષ્મણભાઈ પ્રજાપતિ, ભરતભાઈ પ્રજાપતિ તથા તમામ જાતિના લોકો ઉત્સાહભેર સહયોગ આપી આ દેવસ્થાનની જયોતને સતત પ્રજ્જવલીત રાખવામાં સતત પ્રયત્નશીલ રહ્યા છે. આ સ્થાનકના દિવંગત ભક્તોને ચાચરચોકમાં અવનવા પ્રસંગે શ્રધ્ધાસુમન તેમના કાર્ય સુવાસને ચોકકસ યાદ કરી અપાય છે. માના ચાચરચોકમાં પ્રાચીન ગરબી જોવી એક લાહવો છે. ગોગાચોક, તેરવાડીયાવાસ, હાઈવે બહુચરાજી મંદિરના ગરબામાં પણ બહુ સારી રીતે થાય છે. ભવાઈ જે સ્થળે થવાની હોય તેના અમુક કલાક પહેલા કાઠી - કાઠીયાણીનો ખેલ થાય છે. જેનાથી લોકોને જાણકારી મળે કે આજે અમુક ધાર્મિક કથાને સાંકળીને રાત્રે ભવાઈ વેશ ભજવાશે લોકો તે તૈયારી સાથે જ ગરબા - ગરબી રમવા આવે છે. ભવાઈવેશ પરોઢીયા સુધી ચાલે છે. હાઈ - ફાઈ યુગમાં આજે પણ લોકો ભવાઈવેશ જોવા બહાર ગામથી આવે છે.

## થરાદના યુવક...

પાના નં .૮ ચાલુ

જેનું વ્યાજ દંડ સાથે એક લાખ રૂપિયા થાય છે. તેથી આટલા રૂપિયા શાના થાય તેમ કહીને તેની ઢીમા ત્રણ રસ્તે આવેલી દુકાને ગયો હતો. જ્યાં ભરતસિંહ સાથે વિક્રમસિંહ વીરાભાઈ (ઢીમા) અને પ્રવિણસિહ કરશનસિંહ રાજપ-ુત (ઉચપા) પણ હાજર હતા. જેમણે ગડદા પાટુનો માર મારી હવે તારે રૂા.૧,૭૦,૦૦૦ આપવા પડશે તેમ કહેતા તેણે આપેલા રૂા.૪૫,૦૦૦ આપી દીધા હતા. એ પછી બાકીના રૂપિયા આપી દે જે નહિતર જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી હતી. તેમનાથી ડરી જઈને તેણે રૂા.૧,૩૫,૦૦૦ ચૂકવી દીધા હતા. તેમ છતાં પ્રવિણસિંહ અઢી લાખ ખાનપુરનો કમલેશપુરી ગોસ્વામી ૩૦,૦૦૦ અને અરજણસિંહ અઢી લાખ રૂપીયાની અવાર - નવાર પઠાણી ઉઘરાણી કરતા હતા. જેઓ તેના પિતા બપોરે ઘરે જમવા જાય તે સમયે આવી દુકાનમાં મફતમાં નાસ્તો કરી ઉપરથી ૫૦૦ - ૧૦૦૦ રૂપિયા લઈ જતા હતા. એક વખત તેને ગાડીમાં બેસાડી કેનાલ ઉપર લઈ જઈ હાથ પગે દોરડુ બાંધી કેનાલમાં ફેંકી દેવાનો પ્રયાસ કરી બાકી રૂપિયાની ઉઘરાણી કરી હતી. એ પછી તેને ફરી ભણસાળી હોસ્પિટલ બોલાવ્યો હતો. અને રૂપિયા આપી દે નહીતર તારા ઉપર બળાત્કારની ફરીયાદ નોંધાવવી આખી જીંદગી જેલમાં પુરાવી દઈશું તેવી ધમકી આપી હતી. તેમની રોજીંદી ધમકીઓથી કંટાળીને તેણે ઘરે ઉધઈ મારવાની દવા પી લીધી હતી. જેથી તેને સારવાર અર્થે થરાદ અને ત્યાંથી વધુ સારવાર અર્થે પાલનપુર ખસેડાયો હતો. જ્યાં તેણે છ વ્યાજખોરો વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

## પાલનપુરના ...

પાના નં .૮ ચાલુ

શાહુકાર બની ગયો...અને...જી.એસ.ટી.ન ા તાયફાથી વેપારી પાયમાલ થઈ ગયો" અને "વિકાસ ગાંડો થયો" ની સાથે "મારા હાળા છેતરી ગયા"ના બેનરો લાગતા ચકચાર મચી જવા પામી છે.

પાટીદારોનું પ્રભુત્વ ધરાવતા અને એક સમયે ભાજપનો ગઢ ગણાતા ગણેશપુરા વિસ્તારમાં આવા બેનરો લાગતા ભાજપની ચિંતામાં વધારો થયો છે.????

## ઠાકોર...

પાના નં .૮ ચાલુ

**સાત બેઠકો ઉપર ચૌધરી-પટેલ સમાજના ચાર અને ક્ષત્રિય- ઠાકોર સમાજના ત્રણ ઉમેદવારો વિજેતા થયા હતા. જો કે ૨૦૧૫ માં યોજાયેલ ડીસા વિધાનસભાની પેટા ચૂંટણીમાં અંગત લોકચાહનાના આધારે ગોવાભાઈ રબારીનો વિજય થતા માંડ ઈત્તર સમાજનું ખાતુ ખુલ્યું હતું. ભાજપે આપેલ "સૌનો સાથ સૌનો વિકાસ" સૂત્ર રૂપાળુ અને સારૂં લાગે છે. પરંતુ ટીકીટ ફાળવણીમાં તેને નજરઅંદાજ કરી દેવાય છે. અન્ય રાજકીય પક્ષો પણ તેને અનુસરે છે. ખેર, ઉત્તર ગુજરાતમાં ક્ષત્રિય - ઠાકોર સમાજની બહુમતિ છે. જેથી બે વર્ષ પૂર્વે આ સમાજના સર્વાંગી વિકાસના ઉદ્દેશ્ય સાથે આરંભાયેલ અલ્પેશ ઠાકોરની ક્ષત્રિય ઠાકોર સેનાને સારો પ્રતિસાદ સાંપડ્યો હતો. સેનાના કાર્યકરો દ્વારા દારૂના અડ્ડાઓ ઉપર 'જનતા રેડ' કરતા ચોંકી ઉઠેલી ભાજપ સરકારને દારૂબંધીનો કાયદો કડક બનાવવો પડ્યો છે. જે સફળતાથી પ્રેરાઈને અલ્પેશ ઠાકોરે ક્ષત્રિય ઠાકોર સમાજની સાથે સાથે અનુ.જાતિ અને જનજાતિના લોકોને પણ જોડીને ઓ.બી.સી. એસ.સી. એસ.ટી. એકતા મંચની સ્થાપના કરીને રાજ્યભરમાં તેનું કદ વધાર્યું છે. અને મુખ્યત્વે વ્યસન મુક્તિની સાથે સાથે ખેડુતોના પ્રશ્નો અને યુવાનોને રોજગારીના મુદ્દે આંદોલન ચલાવે છે. જેને વ્યાપક જન સમર્થન સાંપડ્યું છે. હવે ચૂંટણી નજીક આવતા આ પ્રશ્નોના નિરાકરણ માટે અલ્પેશ ઠાકોરે રાજકારણમાં જોડાવવું કે નહીં? તે પ્રશ્નના જવાબ માટે ઠેરઠેર જનાદેશ સંમેલનો શરૂ કર્યા છે. તે બાદ આગામી ૯ ઓકટોબરે ગાંધીનગર ખાતે વિશાળ સભામાં ભાજપ કે કોંગ્રેસમાં જોડાવાનો નિર્ણય લેનાર છે.**

**રાજ્યમાં ત્રીજો મોરચો સફળ થતો નથી. ગત ૨૦૧૨ ની વિધાનસભાની ચૂંટણીમાં પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ પ્રેરિત ગુજરાત પરિવર્તન પાર્ટીએ રાજ્યમાં ૭૨ ઉમેદવારો ઉભા રાખ્યા હતા. પરંતુ તેમાંથી માત્ર બે ઉમેદવાર જીત્યા હતા. પણ તેમના ઉમેદવારો હાર-જીતમાં નિર્ણાયક રહ્યા હતા. જેનો ભાજપને ફાયદો થયો હતો. આ વાત અલ્પેશ ઠાકોર સારી રીતે જાણે છે તેથી તેણે નવા મોરચાને બદલે ભાજપ કે કોંગ્રેસનો જ વિકલ્પ પસંદ કર્યો છે. પરંતુ વર્ષોથી જે પ્રશ્ને તેમની સેના લડત ચલાવે છે. તેને વર્તમાન ભાજપની સરકાર નજરઅંદાજ કરે છે. પણ સેનાના વધેલા પ્રભુત્વને જોતા તેમનો સહયોગ ચૂંટણીમાં ભાજપ કે કોંગ્રેસને મોટો ફાયદો કરાવશે તે નક્કી છે. તેથી તેમના જનાદેશ ઉપર આમ પ્રજાની નજર મંડાઈ છે. જ્યારે ભાજપ અને કોંગ્રેસના મોવડીઓ તેને પોતાના પક્ષમાં જોડવા રાત- દિવસ એક કરી રહ્યાં છે.**

## થરાદમાંથી...

પાના નં .૮ ચાલુ

આધારે વોચ ગોઠવી ચોરીના ૧૪ મોબાઈલ સાથે એક કિશોરને ઝડપી લીધો હતો. જેની પુછપરછ કરતાં તેને અલગ અલગ જગ્યાએથી મોબાઈલ ચોરી ડીસામાં મોબાઈલની દુકાન ચલાવતા ભરતભાઈ વીરૂભાઈ માળીને વેચ્યા હોવાનુ જણાવ્યું હતું. આથી થરાદ પોલીસે ડીસા ખાતે તપાસ કરી ભરતભાઈ માળીને કિ.રૂા.૪૦,૫૦૦ ના ૧૪ મોબાઈલ સાથે અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી હતી.

## આરાધના

અનુસંધાન ૫ નું ચાલુ

અને સેવાભાવનાના ગુણો હોવાથી ભગવાન રામ પાસે કાંઈ ન માંગતાં તેમના ચરણોની સેવા કરવાનો મનોરથ પ્રગટ કર્યો છે. આપણે પણ આપણા આરાધ્ય દેવ, રાષ્ટ્ર, સમાજ અને પરિવાર માટે ભગવાનને પ્રાર્થના કરીને દરેકની સેવા કરવાનું માંગીએ. ઘણું જ અઘરૂં છે બોલવું જેટલું સહેલું છે આચરણમાં ઉતારવું એટલું જ અઘરૂં છે પરંતુ સાવ અશકય નથી તે વાત આપણા ઈતિહાસ થકી આપણે જાણી શકીએ છીએ.

આવો વ્યક્તિ નિર્માણ દ્વારા પરિવાર અને સમાજ દ્વારા રાષ્ટ્રની સેવા કરવાના કામમાં લાગી જઈએ. **નાથાલાલ બ્રહ્મક્ષત્રિય**

**નાથાલાલ બ્રહ્મક્ષત્રિય**

## ચિંતન...

અનુસંધાન ૫ નું ચાલું

સંત કબીર એવું માનતા કે મન માયા એ મનનો મોહ છે અને સાથોસાથ મોહનું આલંબન પણ છે. માયાએ મનને દોડાવનારી છે. જો માનવી મોહ કરે જ નહીં તો એને કોઈપણ ચીજવસ્તુઓની માયા જાગશે નહીં, આથી જ્યારે એ મોહ કરે ત્યારે માયા જાગે છે અને પછી એ અજાગૃત હોવાને કારણે એને ધન સંપત્તિ કીર્તિ અને જમીન મકાન સહુનો મોહ જાગે છે અને એને કારણે અનર્થ આચરે છે. માનવ દેહ મૃત્યુ પામે છે કીંતુ એનું મન આશા, તૃષ્ણા કે માયામાં લપેટાયેલો હોય તે આપણે મંદિર,મસ્જીદ, ગુરૂદ્વારા ચર્ચ, દેવળ, દેરાસર, અગિયારીમાં મોક્ષ મુક્તિની માંગણી કરતો જ જોવા મળે છે. જેનાથી વિપરીત હરીના જન તો મુક્તિના માર્ગે માર્ગે પહોંચેલો એ દિવ્યાત્મા કયારેય મોક્ષ મુક્તિ માટે પ્રાર્થના કરતો નથી. એટલે જ જેટલા અવતાર મળે તેટલા પ્રભુ મને મનુષ્યાવતાર જ આપજે જેથી સારા કાર્યોની સુવાસ થકી માનવીમાં માનવતાની જયોત પ્રગટાવવામાં સફળ થાઉં.. સંત મહંતની શ્રેષ્ઠ કક્ષાએ પહોંચેલો તપસ્વી જીવ પૃથ્વીલોક પર સાચી ડગર સુવાસ પાથરવામાં જ તલ્લીન રહે છે ને આવા દિવ્યાત્માને લીધે જ પૃથ્વી પર સુખ શાંતિ ટકેલી છે. કોઈકે બહુ જ સરસ કહ્યું છે કે 'સંત ન હોત સંસાર મેં તો જલી જાત બ્રહ્માંડ' સંતની કક્ષાએ જે આત્મા પહોંચે છે તે ઈશ્વરીય અવતાર કરતાંય કયાંય આગળ હોય છે. ગુરૂ ગોવિંદ દોનો ખડે કીસ કો લાગું પાય.. બલીહારી ગુરૂ આપકી જીને ગોવિંદ દિખાયો... સંત ગુરૂ માતાની પૃથ્વીલોક પર જે ભૂમિકા છે તેનું વર્ણન કરવું જ અશકય છે. આજે કયાંક રામરહીમ, આશારામ, કેશવાનંદ જેવા પાત્રો નજર સમક્ષ આવે તો બહુ હરખ શોક કરવાની જરૂર નથી. કારણકે આ તો કળીયુગ ચરમસીમાએ છે સત્ય યુગમાંયે રાવણ દુઃશાસન દુર્યોધન હોય તો પછી કળીયુગની કહાની જ કંઈક જુદી જોવા મળે. આપણી આજુબાજુ આપણે જ આશારામ, રામરહીશ પેદા કરીએ છીએ ને જ્યારે અતીશયોક્તિ થાય છે ત્યારે મુર્ખામીભર્યા ઉભરા કાઢીએ છીએ. તમે જ હૃદય મન પર હાથ મુકીને કહો જેને સમાજ, રાષ્ટ્રને સારો સંદેશો આપવા માટે સર્વ સુખ સંપત્તિ, પરિવારનો ત્યાગ કરીને ભગવા, લીલા, લાલ, કાળા, સફેદ, ઉદા કે બીજા કોઈ પ્રકારના પહેર્યા હોય તેને તમે એટલે કે આપણે જ ૫૦ લાખ કે કરોડની સંપત્તિના સિંહાસન પર બેસાડીને વાહ વાહ કરતા હોઈએ ત્યારે શું થવાનું ? રામ રહીમ કે આશારામ જ ઉભરીને બહાર આવે ને તમારી આપણી આજુબાજુ આજે ઘણાય રામ રહીમ આશારામ જલસા કરી બહેન બેટીઓની ઈજ્જત સાથે રમત રમી રહ્યા છે. બોલી તો જુઓ. પચ્ચીસ પચ્ચાસ.. લાખની ગાડી ને બીજા સંસારી ન કરે તેવા જલસા છતાંય આપણે તો તેના જલસાને પ્રોત્સાહીત જ કરીએ છીએ. તેને કોઈ જ્ઞાન પ્રાપ્ત કરવાનું નહીં બસ ધર્મના નામે ધંધો જ કરવાનો કે આપણે ભેગા થઈને કરાવવાનો. પછી બુમરાડો પાડવાની 'બાવો' બગડયો અલ્યા એ બગડયો.. નથી તેને બગાડવાની ચેષ્ટા કયાંક ને કયાંક આપણે જ કરી છે. પહેલાં થોડી કાળજી રાખી હોત તો??

જે હોય તે પણ સંતો, મહંતોની ભૂમિકા પૃથ્વીલોકો પર મહત્વની છે.'રાવણ' ની દશા દિશા અવદશા વિશે બહુ નહીં પણ જાગૃતિ જરૂર રાખવી જોઈએ. નવલાં નોરતામાં શક્તિ ઉપાસના આરાધના સૌને ફળે, દેશમાંથી મોંઘવારી, ભ્રષ્ટાચાર, ભેળસેળ, સંગ્રાહખોરી, સટ્ટાખોરીનો દાનવ કાયમી દહન થાય. આ ભ્રષ્ટ નેતાઓને ઉચ્ચ અધિકારીઓની ફોજ આ પાંચ રાક્ષસોના આશ્રય દાતા બની બેઠા છે. એટલે બહુ સારી સ્થિતિ થશે તેવી આશા પણ ન રાખવી. ટેકસ બેફામ વધશે પ્રજા પર જ ભાર છે. એટલે બહુ વિચારીને જ આગળ વધવું. નેતાઓ, અધિકારીઓને ટેકસ કે બીજા ભારણ કયાં નડે છે ? કોને સજા કે તપાસમાં કંઈ થયું.. નવલાં નોરતાં મોહરમની શુભકામના સહ અસ્તુ.. ભારત માતા કી જય.. વંદે માતરમ.. મુઠી વાળીને જોરથી બોલો પાકિસ્તાનના હાડકા ધ્રુજી જાય..

**યશપાલસીંહ ટી. વાઘેલા મો.૯૪૨૮૬૭૮૬૯૯**

## સૌરભ...

અનુસંધાન ૫ નું ચાલું

એવી જ રીતે આપણા જીવન ઘડતર માટે કેટકેટલી મહેનત ઉઠાવ્યા પછી, અનેક તકલીફો વેઠ્યા પછી આપણને શ્રેષ્ઠ બનવવા માટે તૈયાર કરવામાં આવે છે. પરંતુ જો આપણે જીવનને શ્રેષ્ઠ બનાવી ન શક્યા અથવા કુસંગમાં ફસાઈને અથવા અવળા માર્ગે ચઢીને જીવન બરબાદ કરીએ તો આપણી પાછળ જે પણ મહેનત થઈ તે બધી જ નકામી જાય છે. ઘણીવાર એવું પણ બને છે કે જે સબંધો કે પછી સહારો સુખ આપે છે તે દુઃખ આપવાને નીમીત બનતા હોય છે, જે સંબંધોની છત્રછાયામાં રહેવા આતુર હોઈએ છીએ એ જ છાયા ક્યારેક તો સબંધો એવી તો બળતરા પેદા કરતા હોય છે. સબંધોના સુખને આપણે માણીએ છીએ એનાથી ઘણુ મેળવીએ છીએ. પરંતુ એ દુઃખ ક્યારે આપે છે એને આપણે સમજી શકતા નથી. પ્રેમના રસથી તરબતર સબંધો વિષ વાળા કેવી રીતે બની જાય છે એ સમયે આપણને એ યાદ આવતું નથી. કે બીજાનો ખરાબ બોલ હું બીજાને બોલીશ તો સામેના વ્યક્તિનું શું થશે ? આટલું વિચારીને બોલીએ તો પશ્ચાતાપ કરવાનો વારો ક્યારેય ન આવે.

ભગવાને આપણને આ જીભની માટે બે દરવાજા પણ આપ્યા છે છતાં પણ કેટલી એને કંટ્રોલ કરી શકીએ છીએ. કહેવત છે "this tongue has no bones but if can't create many bones " નાની અઢી ઈંચની જીભ કોઈકને તખ્ત પર બેસાડી શકે છે તો ઉતારી પણ શકે છે. ઘણા વ્યક્તિઓને બોલનું અભિમાન ખુબજ હોય છે. મારા એક જ બોલથી બધું જ કામ થવું જોઈએ. મારા દરેક બોલને ફોલો કરવો જોઈએ, મે જે કહ્યું તે થવું જ જોઈએ.

હું જે બોલું તે સત્ય જ હોય, શ્રેષ્ઠ જ હોય આવા અનેક અભિમાનથી ખરડાયેલ વાક્યો બીજાના કેટલા શ્વાસ રૂંધતા હોય છે. એ બોલનારને કદી અનુભવ થતો નથી. આપણે જાણીએ છીએ એક બોલ કેટલું સારું અને કેટલું ખરાબ રિઝલ્ટ આપી શકે છે. શબ્દો એ શબ્દો છે પણ એની સાથેનો ભાવ પણ કામ કરતો હોય છે. મહાભારતમાં દ્રોપદીએ બોલેલ વાક્ય 'અંધો કી ઔલાદ અંધે' એ વાક્યને કારણે તેને કેટલું સહન કરવું પડ્યું.

આવા ઉદાહરણથી આપણા બોલની તરફ ધ્યાન આપીએ તો આપણે આપણા જીવનને શ્રેષ્ઠ બનાવી શકીએ તેમ છે. ઘણીવાર કડવા શબ્દો બોલનાર વ્યક્તિએ એ પણ નથી સમજાતું કે મારા શબ્દોનો બધા અનાદાર કેમ કરે છે ? દ્વિર્ઝેહ કેમ થાય છે. બીજાને બદલવા કરતા થોડી તીક્ષ્ણ નજર કરી પોતાના તરફ ધ્યાન કેન્દ્રીત કરવાની જરૂરીયાત હોય છે. કે મારા બોલ એવા હોય છે કે જે બધાને ગમે, બધાના દિલને જીતીએ એવા હોવા જોઈએ. તડ ને ફડ બોલ બોલી દેવાની ટેવવાળા માણસોએ થોડો વિચાર કરી બોલવાની ટેવ પાડવાની જરૂર છે.

**બી.કે. નીતાબેન**


**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચય: ........................................................
સરનામુ : ......................................................
મોકલનારની સહી : ...........................................


## શ્રધા અને સંસ્કાર...

અનુસંધાન ૫ નું ચાલુ

એટલે પિતાએ ખરીદી કરવા માટે આપેલું બધું ધન તેની પાસે જ હતું. વારંવાર કુશલ પાસે આવીને ભારતીએ તેનો પરીચય કર્યો અને વાતમાં ને વાતમાં તેણે કુશલને કહ્યું, તમારે સમય પસાર કરવો હોય તો અહીં જુગારની પણ વ્યવસ્થા છે.'

કુશલ તો જુગાર શબ્દ સાંભળીને જ ખુશ ખુશ થઈ ગયો. તેને જુગાર રમવામાં ખુબ મજા આવી. ઘરે તો જુગાર રમવામાં માતા પિતા પણ અંતરાયભુત હતા. અહીં તો કુશલ એકદમ સ્વતંત્ર હતો. રોકટોક કરાર કોઈ નહીં અને રમવા માટે ધન પણ પુરતું હતું. એટલે એ પણ ચિંતા ન હતી. તરત જ તેણે જુગાર રમવા માટે તૈયારી બતાવી સોગઠા લઈને ભારતી આવી ગઈ. દીવાના આછેરા અજવાળામાં ભારતીએ કુશલ સાથે જુગાર રમવાની શરૂઆત કરી. પહેલીવાર અને બીજી વાર તો જુગારમાં કુશલ તો જીતી ગયો. એટલે તેને વધારે વિશ્વાસ બેઠો કે હવે હું આરામથી ભારતીને જીતી જઈશ. જોકે પહેલી અને બીજી વાર કુશલ જીત્યો ન હતો. પણ નારાજ ન થાય એટલે ભારતીએ સામેથી જ જીતાવ્યો હતો.

**(ક્રમશઃ) મુનિ રાજસુંદર વિજય**

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
- **ચાંદી ચોરસા ૪૦૦૦૦-૪૦૩૦૦**
- રૂપુ કાચું ૪૦૦૦૦-૪૦૩૦૦
- સોનુ તોલો ૩૦૦૦૦-૩૦૨૦૦

**તેલ બજાર**
- **રાધે પામોલીન ૮૯૦-૯૬૦**
- પામોલીન ૮૮૫-૯૭૦
- સોયા રીફાઈન ૧૨૯૦
- રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦
- સીંગતેલ૧૫ કી. ૧૪૦૦
- સીંગતેલ ૧૫ લી.૧૨૯૦
- સીગતેલ ૫ લી. ૪૪૦
- તિરૂપતી કપા. ૧૨૧૦
- ૫ લીટર ૪૦૦
- વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦
- કોપરેલ ૧૫ કિલો ૨૨૦૦-૨૬૦૦
- ૫ કે. કોપરેલ૮૬૦
- ૫લી. અંકુર સીંગતેલ ૪૪૦
- **૧૫ લીટર સનફલાય ૧૧૮૦**
- ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૨૦
- ૫ લી. ૩૭૦
- ૨ લી. ૧૫૭

**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
- ગેટવે પ્રીમીયમ ૬૫૦૦
- ગેટ વ. રોયલ ૫૫૦૦
- ગેટવે રેગ્યુલર૫૦૦૦
- ગેટવે રીઝાના૪૫૦૦
- ગેટવે એવરેડી૪૦૦૦
- ગેટવે ડેઈલી ૩૫૦૦
- ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
- ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
- ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
- ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
- ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
- ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
- ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
- ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
- ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
- ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
- ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
- ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
- ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
- ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
- ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
- ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
- દુન પ્રીમીયમ ૯૦૦૦
- દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
- દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
- દુન તીબાર ૫ કી.૮૨૦૦
- દુન તીબાર ૧ કી.૮૨૦૦
- નર્મદા મગ પોલીસ ૫૮૦૦
- મગદાળ નર્મદા સુપર ૫૮૦૦
- નર્મદા મગ મોગર ૬૦૦૦
- મગમોગરનર્મદાપ્રીમી ૬૧૦૦
- નર્મદા અડદદાળ ૬૯૦૦
- દુન દેહરાદુન દુબાર જુના ૭૦૦૦
- દુન દહેરાદૂન મીની દુબારજુના ૫૦૦૦
- દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦
- દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦
- દુન કણકી જુની ૩૦૦૦
- ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
- ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
- ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
- ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
- હાથી ૮૧૭ આખા નવા ૭૭૦૦
- હાથી૮૧૭ નવા દુબાર પાંણાં ૫૮૦૦
- તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
- તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
- તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
- દાવત સીલેકટનવા ૮૮૦૦
- દાવત સુપર જુના ૧૧૦૦૦
- દાવત દીલખુશ નવા ૭૫૦૦
- દાવત દીલખુશ જુના ૬૫૦૦
- દાવત દુબાર જુના ૭૦૦૦
- દાવત રોઝાના જુના ૫૫૦૦
- દાવત ૭૦ જુના ૪૩૦૦
- દાવત ૬૦ મીની જુના ૩૫૦૦
- લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
- લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
- લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
- લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
- લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
- હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૫૦૦
- હેરીટેજ તીબાર ૭૨૦૦
- હેરીટેજ દુબાર ૫૫૦૦
- હેરીટેજ મીની દુબા ૪૫૦૦
- કાયનાત પી ૮૫૦૦
- કાયનાત સુપર ૮૦૦૦
- કાયનાત ૬૮૦૦
- રાજા બાસમતી ૪૦૦૦
- કુરૂક્ષેત્ર ૫૮૦૦
- એપ્પલ પ્રીમીય ૪૮૦૦
- ઓરેન્જ ૬૦૦૦
- દાવત અપ્સરા ૫૦૦૦
- જીરાસર ચંદન ૩૮૦૦
- ચણાદાળ ૪૪૪ ૭૮૦૦
- મગદાળ સમરદીપ ૭૨૦૦
- મગમોગર રીયલ ૮૦૦૦
- અડદદાળ અક્ષર ૮૩૦૦૦
- મગ ૫૭૦૦
- અંગુર તુવેરદાળ ૬૦૦૦
- અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
- ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
- કિસાન તુવેરદાળ ૬૨૦૦
- પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
- પરખ સ્પેશીયલ ૫૨૦૦
- લાલપરી તીબાર જુના ૪૨૦૦
- લાલપરી દુબાર જુના ૩૮૦૦
- લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
- લાલપરી દુબાર નવા ૩૯૦૦
- રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
- લાલમંદિર બાસમતી ૩૬૦૦

**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
- **ખાંડ એસ. ૩૮૫૦-૪૦૨૦**
- **ખાંડ એમ. ૪૦૦૦**
- ખાંડએલ. ૪૦૫૦-૪૦૦૦

**ચા-બજાર**
- સુરજ છાપ ચા ૩૦૦
- હરણ છાપ ચા ૨૨૦

**આખા મરચાં-હળદર**
- હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
- હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
- હળદર આખી સેલમ ૯૦
- હળદર તળેલી સાંગલી ૮૦
- મરચા વન્ડર હાટ ૨૦૫૦
- મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
- મરચા તેજા ૧૮૦૦
- મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
- મરચા ટોમેટો ૨૨૦૦
- મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
- કાશ્મીરી ૯૦
- કાશ્મીરી મમરી ૯૦
- સુપર પટની ૧૦૫
- સુપર રજવાડી ૧૯૦
- મરચા ડેકીટ ૧૨૫
- મરચાં ૫૮૦૦

**ગોળ બજાર**
- વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
- વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
- વડેચા ૫ કી. ૪૮૦૦
- વડેચા ૧ કી. ૫૦૦૦
- વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
- સાંગલી ૧૦ કે. ૪૩૦૦

**ખોળ બજાર**
- દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
- મોરબી ખોળ ૯૫૦-૧૦૦૦
- જીરાળુ ૧૭૪૦
- ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
- મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
- જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦

**પરચુરણ**
- સોજી ૮૬૦
- મેંદો ૮૬૦
- શ્રીફળ એમ. ૮૮૦
- નિરમા સાબુ ૫૨૫
- મેદી ૬૦-૧૦૦
- અજમો ૧૫૦-૨૪૦
- સાકરીયા ૪૫૦૦
- ખાંડ બુરૂ ૪૨૦૦
- કોકમ ફુલ ૧૮૦
- એલચી ૧૧૦૦-૧૪૦૦
- મોરૈયો ૬૫-૯૪
- તલ ૯૦-૧૦૦
- ખસ-ખસ ૩૫૦-૫૮૦
- સીંગદાણા ૬૫-૮૦

**શાકભાજી**(૨૦ કિલોના ભાવ)
- દુધી ૩૦૦-૪૦૦
- સુકી ડુંગળી ૩૦૦-૪૦૦
- લસણ ૭૦૦-૮૦૦
- ધાણા ૧૦૦૦-૧૨૦૦
- મરચાં ૩૦૦-૪૦૦
- લીંબુ ૫૦૦-૭૦૦
- અડવી પત્તા ૩૦૦-૪૦૦
- આદુ ૭૦૦
- રીંગણ ૭૦૦-૮૦૦
- ટામેટા ૩૦૦-૪૦૦
- ભીંડા ૩૦૦-૪૦૦
- કોબી ૬૦૦-૭૦૦
- વટાણા ૯૦૦-૧૧૦૦
- ટીંડસા ૬૦૦-૭૦૦
- ગવાર ૮૦૦-૯૦૦
- બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
- સાંગા બટાકા ૧૨૦-૧૪૦
- ચોળી ૮૦૦-૧૦૦૦
- તુરીયા ૩૦૦-૫૦૦

## શ્રી હર્ષિત અજય ગાંધી પૂર્વ પ્રાથમિક શાળા, રાધનપુરમાં વાલીસંમેલન યોજાયું

રાધનપુર

શ્રી હિંમત વિદ્યાનગર સ્થિત શ્રી અમરજ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી હર્ષિત અજય ગાંધી પૂર્વ પ્રાથમિક શાળામાં આચાર્યા રેખાબેન ઠક્કરના નેજા હેઠળ વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. વાલીઓ સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વાલી દિવસેને દિવસે પોતાના બાળકના એજ્યુકેશન પ્રત્યે વધારે જાગૃત થતાં જાય છે. વાલી તથા શિક્ષકો સાથે બાળકના ઘડતર માટેની કલાક સુધી ચર્ચા વિચારણા ચાલી. દરેક જણને વાલી મીટીંગથી પૂર્ણ સંતોષ થયેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુપરવાઈઝર દિપાબેન ઠક્કરે કર્યું હતું. તથા સ્ટાફમિત્રોએ પુરતો સાથ સહકાર આપ્યો હતો.

આ કાર્યક્રમની સફળતા બદલ ટ્રસ્ટના પ્રમુખ ડૉ.મહેશભાઈ મુલાણી, મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ કે. ઠક્કર, ઓનેરરી સેક્રેટરી ડૉ.નવિનભાઈ ઠક્કર તેમજ કોષાધ્યક્ષ ધીરૂભાઈ પી. ઠક્કર (પંપવાળા) એ શુભેચ્છાઓ પાઠવી હતી.

## મોડાસામાં બારબોરની બંદૂક લઈ ફરતા શખ્સની ધરપકડ

મોડાસા

મોડાસામાં નવરાત્રીના પ્રથમ દિવસે જ પેટ્રોલિંગ કરતી પોલીસે ગેરકાયદે હથિયાર સાથે એક શખ્સની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. ઉત્સવના માહોલમાં પોલીસે સુરક્ષાને લઈને કાર્યવાહી શરૂ કરી છે. જાણવા મળતી વિગતો અનુસાર મોડાસાના એસ.ઓ.જી.ની ટીમના પી.આઈ. પી.ડી.દરજી સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગ કરી રહ્યા હતા. ત્યારે તેઓને મળેલી બાતમીના આધારે મળેલી માહિતી મુજબ આનંદપુરા કંપાની સીમમાં એક ઈસમ પોતાની પાસે બારબોરની બંદૂક રાખી ગ્રામ વિસ્તારમાં ફરે છે. જેને આધારે આનંદપુરા કંપામાં તપાસ ચલાવતા મામદ ઈબ્રાહીમભાઈ નોડે (સિંધી) રહે. આનંદપુરા અને તે કચ્છના વતની હોવાનું જણાવેલ. તેની પાસે ૨૫૦૦ ની કિંમતની મજર લોડ ફૂલ્લીદાર બંદૂક મળતાં તેની ધરપકડ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે નવરાત્રિના સમયમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવાયેલ છે. ત્યારે ગેરકાયદેસર હથિયાર મળી આવતાં અનેક જાતના તર્ક- વિતર્કો વહેતા થયા છે.

## પાટણમાં અનેક ઠેકાણે ટ્રાફિકની સમસ્યાથી વાહનચાલકો- રાહદારીઓ ત્રસ્ત

પાટણ

પાટણ શહેરમાં ટ્રાફિક સમસ્યા માટે અનેક ઉપાયો કરવા છતાં પણ હલ થતા નથી. લોકો ટ્રાફિકથી હેરાન પરેશાન થતાં વહીવટીતંત્ર સામે રોષે ભરાયા છે. ત્યારે જુના ગંજબજારમાં ટ્રકોનો પ્રવેશ થતાં છેક ચતુર્ભુજ બગીચાથી માંડી જુનાગંજના નાકા સુધી ટ્રાફિકમાં અનેક વાહનો એક બીજાને અથડાતાં બોલાચાલી અને મારામારીના બનાવો પણ બનતા હોય છે. આ બાબતે શહેરીજનો ત્રાસી ઉઠ્યા છે.

શહેરના મુખ્ય સ્ટેશન રોડ પરની ફુટપાથ પર ૨૦૦ થી વધુ શાકભાજીની લારીઓ અને પાથરણાવાળાઓના દબાણના કારણે ટ્રાફિક સમસ્યા કેન્સર જેવી બની છે. જુનાગંજ બજારમાં પોલીસ ચોકી હોવા છતાં ટ્રાફિકની કામગીરી તરફ બેધ્યાન અકસ્માતના બનાવો બને છે. ત્યારે જુનાગંજથી પંચાલ ભુવન થઈને ભાટીયાવાડ જતા રસ્તામાં અનેક ઠેકાણે પાણીપુરીની લારીઓ ટ્રાફિકની સમસ્યામાં વધારો કરી રહી છે. શહેરના ગાંધી રોડ પર પાઈપ બદલવાની કામગીરીથી વેપારીઓ ત્રાસી ઉઠ્યા છે. જ્યારે પાટણ-સિધ્ધપુર ચાર રસ્તા પર પણ ટ્રાફિકના નિયમો જળવાતા નથી.

## વિવિધ બજાર ભાવ

**ડીસા**

| | |
|---|---|
| એરંડા | ૮૯૦-૮૯૭ |
| રાયડો | ૬૩૫-૬૪૭ |
| ઘઉં | ૩૦૪-૩૧૬ |
| બાજરી | ૨૩૫-૨૪૭ |
| રાજગરો | ૭૫૧-૮૧૫ |
| અડદ | ૭૧૧ |
| મગફળી | ૪૬૧-૭૦૧ |
| મગ | ૬૨૧-૭૩૪ |

**પાલનપુર**

| | |
|---|---|
| એરંડા | ૮૮૦-૮૯૮ |
| ઘઉં | ૩૦૦-૩૫૯ |
| બાજરી | ૨૮૦-૨૪૯ |
| રાયડો | ૬૫૦-૬૫૪ |
| મગફળી | ૪૫૧-૭૦૦ |
| રાજગરો | ૭૧૪-૮૨૩ |

**લાખણી**

| | |
|---|---|
| એરંડા | ૮૭૫-૮૯૩ |
| રાયડો | ૬૩૯-૬૪૯ |
| બાજરી | ૨૩૧-૨૫૭ |
| રજકો | ૨૧૨૫-૨૭૦૦ |
| ચીકુડી | ૬૯૯-૮૭૪ |
| ગવાર | ૬૪૦-૬૮૫ |
| ઈસ. | ૧૬૩૫ |
| સવા | ૭૧૫ |

**થરાદ**

| | |
|---|---|
| એરંડા | ૮૭૫-૮૮૭ |
| રાયડો | ૬૪૦-૬૮૫ |
| મેથી | ૪૯૦-૬૦૫ |
| મગ | ૭૦૦-૯૮૧ |
| ગવાર | ૬૫૦-૬૮૫ |
| અજમો | ૭૦૦-૧૨૨૫ |
| જીરૂ | ૩૧૦૦-૩૪૯૦ |
| ઈસ. | ૧૮૦૦-૧૯૫૦ |
| વરી. | ૭૬૦-૮૩૦ |
| રજકો | ૨૫૦૦-૨૬૫૧ |

**રાહ**

| | |
|---|---|
| બાજરી | ૨૩૦-૨૫૦ |
| રાયડો | ૬૫૦-૬૬૫ |
| ચીકુડી | ૮૫૦-૮૮૦ |
| એરંડા | ૮૭૫-૮૮૦ |

**વાવ**

| | |
|---|---|
| ગવાર | ૬૫૦-૬૮૦ |
| રાયડો | ૬૩૭-૬૪૫ |
| જીરૂ | ૨૮૦૦-૩૪૨૫ |

**ધાનેરા**

| | |
|---|---|
| બાજરી | ૨૨૧-૨૫૮ |
| મગ | ૯૦૪-૯૫૨ |
| ચોળા | ૬૦૦-૬૩૬ |
| ગવાર | ૬૬૦-૬૮૮ |
| રાયડો | ૬૧૦-૬૭૮ |
| એરંડા | ૮૮૦-૮૯૪ |
| તલ | ૮૮૦-૯૨૧ |
| મેથી | ૫૦૧-૫૩૬ |
| સુવા | ૯૦૦-૯૪૨ |
| રાજગરો | ૭૬૩-૭૭૯ |
| અન્ય | ૭૫૦-૮૬૫ |

**થરા**

| | |
|---|---|
| જીરૂ | ૩૨૨૬-૩૬૯૧ |
| એરંડા | ૯૦૦-૯૦૮ |
| રાયડો | ૬૩૦-૬૫૦ |
| ગવાર | ૬૮૦-૭૦૦ |
| ઘઉં | ૨૯૫-૩૧૬ |
| બાજરી | ૨૧૫-૨૪૨ |
| મગ | ૭૮૧-૮૩૦ |
| સુવા | ૮૦૦-૮૧૫ |
| રજકો | ૨૦૬૦-૨૭૦૦ |

**પાટણ**

| | |
|---|---|
| જીરૂ | ૨૩૦૦-૩૨૯૨ |
| એરંડા | ૮૭૫-૯૧૩ |
| વરી. | ૭૫૦-૯૪૨ |
| સુવા | ૭૭૦-૯૨૯ |
| અજમો | ૬૬૬-૭૯૮ |
| મેથી | ૩૫૦-૪૯૦ |
| રાયડો | ૬૦૦-૬૫૨ |
| અજમો | ૫૦૦-૮૫૧ |
| ગવાર | ૬૪૦-૬૮૨ |
| ઘઉં | ૩૦૦-૩૪૫ |
| જુવાર | ૩૩૦ |
| બાજરી | ૨૧૧-૨૪૨ |
| બંટી | ૨૭૧-૩૩૮ |
| મગ | ૬૦૦-૮૩૫ |

**સિદ્ધપુર**

| | |
|---|---|
| રાયડો | ૬૨૦-૬૫૫ |
| એરંડા | ૮૮૫-૯૧૪ |
| ગવાર | ૬૮૦-૬૯૦ |
| ચોળા | ૪૦૬-૬૭૦ |
| ઘઉં | ૩૦૫-૩૬૦ |
| બાજરી | ૨૦૦-૨૫૫ |

## ચાણસ્મા-બહુચરાજી વિસ્તારમાં રવિપાક માટે નર્મદાનું પાણી પુષ્પાવતી નદીમાં છોડવા માંગ

ચાણસ્મા

૧૫ મી સપ્ટેમ્બર બાદ વાતાવરણમાં ઠંડકની સાથે ગુજરાતભરમાં ચોમાસાએ વિદાય લીધી હોય તેવો માહોલ સર્જાયો છે અને હવે વરસાદ થવાના કોઈ ચિન્હો જણાતાં નથી ત્યારે છેલ્લે એકાદ વરસાદની ખેંચના કારણે કઠોળ, કપાસ, એરંડા સહિત અન્ય રવિ પાકના ઉત્પાદન ઉપર તેની માઠી અસર થશે તેવો ભય ચાણસ્મા- બહુચરાજી પંથકના ખેડુતો વ્યક્ત કરી રહ્યા છે. ત્યારે આ વિસ્તારમાંથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાંથી રૂપેણ, ખારી અને પુષ્પાવતી નદીમાં રવિ પાકના વાવેતર માટે સત્વરે પાણી છોડવાની ખેડુતો દ્વારા માગણી કરવામાં આવી રહી છે. ચાણસ્મા અને બહુચરાજી પંથકમાં હજુ સુધી નર્મદાની પેટા કેનાલોનું બાંધકામ પૂરું કરાયું નથી. જ્યારે મુખ્ય કેનાલમાં પાણીનો પ્રવાહ બંધ કરાતાં નદીકાંઠા ઉપરના તેમજ જ્યાં પેટા કેનાલોની સગવડ છે તેવા વિસ્તારોમાં રવિ પાકના વાવેતર માટે સમસ્યા ઉભી થઈ છે. આ વિસ્તારમાં અન્ય વિકલ્પરૂપે પાતાળકૂવા ઉપરથી સિંચાઈ કરવામાં આવે છે, જે આર્થિક દષ્ટિએ પોષાય તેમ નથી. આ વિસ્તારની નદીઓમાં સિંચાઈ માટે પાણી છોડવામાં આવતું નથી. પરિણામે હાલમાં બીટી કપાસ, એરંડા, તેમજ રાયડાના પાકના વાવેતર માટે ખેડુતોને મુશ્કેલી પડી રહી છે. જરૂર ન હોય ત્યારે તંત્ર દ્વારા પાણી છોડાય છે, પરંતુ સિંચાઈ માટે પાણી છોડવાની ખેડુતોની માગણી ઠોકરે ચડાવાય છે. જેથી રવિ પાકનું વાવેતર સમયસર થઈ શકે તે માટે નર્મદા વિભાગ તેમજ સુજલામ સુફલામ યોજનામાંથી સત્વરે પાણી છોડવાની આ વિસ્તારના ખેડુતોની માંગણી સંતોષવાની જરૂર છે.

## જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને જિલ્લા સુખાકારી સમિતિની બેઠક યોજાઈ



પાટણ

પાટણ જિલ્લા પંચાયત કચેરી ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજેશ રાજય ગુરૂના અધ્યક્ષસ્થાને જિલ્લા સુખાકારી સમિતિની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી દિનેશભાઇ પરમાર, જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ એસ.કે. મકવાણા ઉપસ્થિત રહયા હતા. જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજેશ રાજયગુરૂની ઉપસ્થિતિમાં ગત મીટીંગની કાર્યવાહીની નોંધ વંચાણે લઇ બહાલી આપવામાં આવી હતી. રાષ્ટ્રીય સ્તરે સ્વચ્છ ભારત મીશન ગ્રામીણ યોજના અંતર્ગત ઘન કચરાનો વૈજ્ઞાનિક ધોરણે નિકાલ થાય તે અગત્યનું છે. પાટણ જિલ્લાના ૯૫ ગામો ૩૦૦૦ થી વધારે વસ્તીવાળા ગામોમાં ઘન કચરાના વ્યવસ્થાપન માટેના પ્રોજેકટને જિલ્લા સુખાકારી સમિતિમાં મંજૂરી આપવામાં આવી હતી. દરેક ગામે ટ્રાઇસીકલ, પુશકાર્ટ/હેન્ડકાર્ટ અને બી.પી.એલ. કુટુંબ દીઠ ૨ કન્ટેનર, ૧૫ થી ૨૦ લીટર શેરી રસ્તાની સફાઇના કચરાના એકત્રીકરણ માટે પુશકાર્ટ, હેન્ડકાર્ટ ૧૦૦૦ની વસ્તી દીઠ નંગ-૧ પુરા પાડવાના રહેશે. મનરેગા અંતર્ગત ઘન કચરાના નિકાલ માટેના શેડ સ્વચ્છતા સંકુલ કંપોસ્ટ પીટ અને લેન્ડ ફિલ સાઇટસની જમીનોની વ્યવસ્થા ગ્રામ પંચાયતે કરવાની રહેશે. ગ્રામ પંચાયતો મારફતે અંદાજીત ૫ લાખથી કામગીરી થશે.

વસ્તીના ધોરણે કામગીરીનું મોનટરીંગ કરવાની સુચના આપી હતી.

આ કાર્યક્રમમાં કચેરીઓના અધિકારીઓ, કર્મચારીઓ, કમીટીના સભ્યો ઉપસ્થિત રહયા હતા.

## નોટબંધી અને જીએસટીના કારણે વેપારીમથક બહુચરાજીમાં મંદીનો માહોલ

ચાણસ્મા

નવરાત્રી ચાલી રહી છે અને દિવાળીના તહેવારો સામે આવી રહ્યા છે આમ છતાં જીએસટી અને નોટબંધીના કારણે વેપારીમથક બહુચરા જીમાં મંદીનો માહોલ પ્રવર્તી રહ્યો છે. સ્થાનિક વેપારીઓના મતે આ દિવસોમાં ખરીદીની ધુમ રહેતી હોય છે તેની જગ્યાએ આ વર્ષે એકલ-દોકલ ઘરાક સિવાય ખાસ કોઈ ધંધો મળતો નથી જેના કારણે નવરાધૂપ બેસી રહેવું પડે છે. બહુચરાજી એ ચુંવાળ પંથકનું મુખ્ય વેપારી મથક છે. અહીં આજુબાજુના ૬૦ થી વધુ ગામોના લોકો જીવન જરૂરિયાતની ચીજ વસ્તુની ખરીદી માટે આવે છે. અહી કરિયાણું, કપડાં, વાસણ સહિતનું મોટું બજાર છે જ્યાં વ્યાજબી ભાવે વેચાણ થતું હોઈ લોકો માટે ખરીદીનું પહેલી પસંદગીનું સ્થાનક છે. પરંતુ ચાલુ વર્ષે કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા નોટબંધીનો ડામ આપ્યા બાદ જીએસટી કાયદાનો અમલ કરાતાં વેપારી અને બજારની કેડ જ ભાંગી ગઈ છે. જે ચીજવસ્તુઓના ભાવ ઘટવા જોઈએ તેમાં કોઈપણ જાતનો ઘટાડો નોંધાયો નથી અને બીજામાં ભાવ વધી જતાં છેવટે ગ્રાહકોને માથે બેવડો માર પડ્યો છે જેની સીધી અસર બહુચરાજીના બજારમાં જોવા મળી રહ્યી છે. હાલમાં નવરાત્રી પર્વ ચાલી રહ્યું છે. સામાન્ય સંજોગોમાં આ દિવસોમાં રેડીમેડ કપડાં, મિઠાઈ સહિતના બજારોમાં સારી ખરીદી રહેતી હોય છે તેની સામે આ વર્ષે મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. જોઈએ તેવી ઘરાકી નથી. તેવો જવાબ દરેક વેપારીના મોંઢે સાંભળવા મળે છે. હાલમાં આ સ્થિતિ છે તો આગામી સમયમાં આવતા દિવાળીના તહેવારોમાં શુ સ્થિતિ સર્જાશે તેની ચિંતામાં પણ હોલસેલ વેપારીઓ ખરીદી ટાળી રહ્યાં છે અને જરૂર પૂરતી ખરીદીથી વેપાર કરવાનું મુનાસિબ માની રહ્યા છે.

## ઉંઝામાં મિલ્કત વિરૂધ્ધના ગુનાઓ નિવારવામાં સ્થાનિક પોલીસ નિષ્ફળ

ઉંઝા

ઉંઝા વિસ્તારમાં પોલીસની નિષ્ક્રિયતાને કારણે છેલ્લા ઘણા સમયથી મિલકત વિરૂધ્ધના ગુનાઓનું પ્રમાણ વધી જતાં લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી ફેલાઈ છે.

ઉંઝા નજીક મક્તુપુર ગામે નિલકંઠ વિદ્યાલયના પટાંગણમાં આવેલ સિંડીકેટ બેંકમાં મધરાત બાદ કોઈ તસ્કરો ત્રાટક્યા હતા. તસ્કરોએ બેંકના મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. બાદ બેંકની અંદર એટીએમ મશીન તથા રોકડ રકમ રાખવાની લોખંડની તિજોરી તોડવાની કોશીશ કરી રૂપિયા એક લાખનું નુકશાન કર્યું હતું. કહે છે કે તસ્કરોએ રાત્રિના સમયે વિદ્યાલયના પટાંગણમાં દેખરેખનું કામ કરતા વૃધ્ધ વ્યક્તિને તિક્ષ્ણ હથિયારની અણીએ ડરાવી ધમકાવી તેમને બંધક બનાવી દીધા હતા ત્યારબાદ સિંડીકેંટ બેંકમાં ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. આ બનાવ અંગે બેંકના મેનેજર ગૌરવકુમાર નવનીતભાઈ ગુપ્તાએ ઉંઝા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસ ચોરી અને જાહેર મિલકતને નુકશાન કરવા અંગેનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

જ્યારે બીજા કિસ્સામાં ઉંઝા ખાતે વિસનગર રોડ પર રેસાતનગરની સામે આવેલ અંબેનગર સોસાયટીમાં રહેતા હિમાંશુ ડાહ્યાલાલ પટેલ બપોરના સમયે ઘરે જમવા માટે આવ્યા હતા ત્યારે તેમણે ઘરની બહાર ખુલ્લી જગ્યામાં પોતાનું એક્ટિવા પાર્ક કર્યું હતું. જેની ધોળા દિવસે કોઈ તસ્કરો ઉઠાંતરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હતા.

ચોરાયેલ એક્ટિવાની કિંમત રૂ.૨૫૦૦૦ ની થવા જાય છે. આ અંગે મોડેથી ફરીયાદ થતા પોલીસે ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વેપારી મથક ઉંઝા શહેર અને તેની આસપાસના ગામોમાં મિલકત વિરૂધ્ધના ગંભીર પ્રકારના ગુનાઓના વધતા જતા પ્રમાણને અટકાવવામાં તેમજ તેના ભેદ ઉકેલવામાં સ્થાનિક પોલીસતંત્ર નિષ્ફળ નિવડ્યું હોવાની છાપ જનમાનસમાં ઉભી થઈ છે. વધુમાં આ વિસ્તારમાં દેશી-વિદેશી દારૂ, જુગારના અડ્ડાઓ તેમજ અન્ય સમાજ વિરોધી પ્રવૃત્તિઓનો વ્યાપ વધી ગયો હોવાનું કહેવાય છે. આ પંથકમાં જાણે પોલીસતંત્ર જેવું કશું જ ન હોય તેવી સ્થિતિ પેદા થતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી જવા પામી છે. કહે છે કે, તગડા હપ્તાઓની લાલચે પોલીસ તરફથી કોઈ જ અસરકારક કડક પગલાં ભરાતા નથી તેવા આક્ષેપો પ્રજામાં થઈ રહ્યા છે.

## ચાણસ્મામાં વર્ષોથી ચાલતો તિજોરી કબાટનો ઉદ્યોગ મૃત અવસ્થામાં

ચાણસ્મા

ચાણસ્મા તાલુકા મથકે અગાઉ વર્ષોથી ચાલતો તિજોરી કબાટનો ઉદ્યોગ ચાણસ્માની આગવી ઓળખ હતી. તેમજ અહીંનું રેલ્વે સ્ટેશન તેમજ ગંજબજાર ધમધમતું હોવાથી સવારથી જ ચાણસ્માના બજારમાં લોકોની હકડેઠઠ ભીડ જામતી હતી. પરંતુ આજે તિજોરી કબાટ, ગંજબજાર અને રેલ્વે સ્ટેશન સહિતના ઉદ્યોગો મૃત અવસ્થામાં પડ્યા હોઈ બપોરે કરફ્યૂ જેવો માહોલ સર્જાય છે.ચાણસ્મા શહેરમાં આજથી ૧૦ વર્ષ પહેલાં તિજોરી કબાટના આશરે ૩૦૦ કરતાં પણ વધુ કારાખાનાં ધમધમતાં હતા અને વર્ષે દહાડે આ વિસ્તારના ગામડામાંથી ૨૦૦૦ કરતાં પણ વધારે રોજગારી મેળવતા હતા. તિજોરી, કબાટ, તાળાં, ખુરશી-ટેબલ કે લોખંડનું તમામ પ્રકારનું ફર્નિચર ચાણસ્મામાં જ તૈયાર થતું હતું અને આ વિસ્તાર સહિત રાજ્યમાં અને છેક પરદેશ સુધી તેની નિકાસ થતી હતી. જે ચાણસ્માની આગવી ઓળખ હતી.ચાણસ્માનું અગાઉનું ગંજબજાર અને રેલવે સ્ટેશન અને બંને નજીકમાં હતા. વહેલી સવારે અમદાવાદથી ચાણસ્મા તરફ જતી આવતી રેલવેમાં લોકો માલ વેચવા તેમજ ખરીદી માટે આવતા હતા. જેના કારણે આખો દિવસ ચાણસ્માના બજારમાં ભારે ભીડ રહેતી હતી. પરંતુ છેલ્લા ઘણા સમયથી અહીંના તિજોરી-કબાટના ઉદ્યોગને મંદીનું ગ્રહણ નડતાં આજે માંડ ૫૦ કરતાં પણ ઓછા કારખાનાં થઈ ગયાં છે. કારીગરોની રોજગારી છીનવાઈ છે. ગંજબજાર બંધ હાલતમાં છે. અહીંના વિસ્તારનો ખેડુત ખેતીના પાકનું વેચાણ કરવા ૫૦ કિમી દૂર આવેલા મહેસાણા કે પાટણના ગંજમાં વેચવા માટે જાય છે. રેલ્વે સ્ટેશન હાલમાં તો સ્મશાન જેવું ભાસી રહ્યું છે. ચાણસ્મા તાલુકા મથકે સરકારી કચેરીઓ જો કાર્યરત ન હોય તો બપોરના સમયે ૧૨ થી ૩ ના સમયગાળા દરમિયાન બજાર બંધ રહેતા કરફ્યૂ જેવો માહોલ સર્જાય છે. અગાઉના ચાણસ્માની સારી ઓળખ દિવસે દિવસે ભુલાતી જતી હોય તેમ જણાય છે. તેની ચિંતા આ શહેરના વેપારીઓ સહિત પંથકની જનતા કરી રહી છે.

## રાધનપુરમાં પ્રથમવાર રાષ્ટ્ર સેવાસમિતિ દ્વારા પથસંચલન

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર શહેરમાં પ્રથમ જ વાર રાષ્ટ્ર સેવા સમિતિ દ્વારા વિજયાદશમી નિમિત્તે પથસંચલનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમાંસમિતિના મહિલા સદસ્યો દ્વારા પહેલા શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ શહેરના મુખ્ય માર્ગો ઉપર પથસંચલન કરવામાં


કમલ ચક્રવર્તી

આવ્યું હતું, જે શીશુમંદિરથી હાઈવે ચાર રસ્તા, ગાંધીચોક, ગ્રીનપાર્ક, હાઈવે થઈને શીશુમંદિર પરત ફર્યા હતા. આ પ્રસંગે ગાંધીચોકખાતે શ્રીરામ સેવા સમિતિ દ્વારા સંસ્થાના પ્રમુખ પ્રકાશભાઈ દક્ષિણી, લાલાભાઈ ઠક્કર, નારણભાઈ રાઠોડ, ધર્મેશભાઈ ઠક્કર તેમજ કાર્યકરો દ્વારા પુષ્પ ગુચ્છ આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું.

## હિંમતનગરમાં જન વિકલ્પ યાત્રાનું આગમન

હિંમતનગર

હિંમતનગરના મોતીપુરા ખાતે શંકરસિંહ વાઘેલાની જન વિકલ્પ યાત્રા પહોચી હતી અને બાપુએ જણાવ્યુ હતુ કે કોંગ્રેસ અને ભાજપથી પ્રજાજા ત્રાસી ગઈ છે એટલે જ જન વિકલ્પ...

શામળાજીના દર્શન કર્યા બાદ શંકરસિંહ વાઘેલાની જન વિકલ્પ યાત્રા હિંમતનગર આવી પહોચી હતી અને હિંમતનગર ખાતે બાપુનુ સ્વાગત કરવામાં આવ્યુ હતુ તો બાપુએ નિવેદન આપ્યુ હતુ કે કોંગ્રેસ નોતી ગમતી તો ભાજપને મત આપ્યા અને ભારતીય જનતા પાર્ટી આવી


સતીશ ભટ્ટ

આટલા વર્ષોથી તેમની સરકાર આવી તો એમાં પણ અમે દુખી છે જેથી લોકો ક્યા જાય એટલે અમે જન વિકલ્પ લઈને આવ્યા છીએ અને વિવિધ મુદ્દાઓને લઈને અમે આવ્યા છે અને જેટલે અમે જન વિકલ્પ લઈને આવ્યા છીએ અને પ્રજાનુ દુખ સાંભળનાર કોંગ્રેસ કે ભાજપના લોકો પાસે સમય નથી જેને કારણે અમે જન વિકલ્પ લઈને આવ્યા છીએ અને ગુજરાતની ખબર પુછવા હુ નિકળ્યો છુ...

## પાટણમાં પરંપરાગત નવદુર્ગાના પૂજન સાથે નવરાત્રિ મહોત્સવની ઉજવણી

પાટણ

પાટણ શહેર સહિત જિલ્લામાં નવરાત્રિ મહોત્સવનો માહોલ હર્ષોલ્લાસ સાથે પ્રારંભાયો છે. આદ્યશક્તિ મા જગદંબાની આરાધના-અનુષ્ઠાન અને રાસ ગરબા તેમજ ધાર્મિક પર્વ ગણાતિ નવરાત્રિના પ્રથમ દિવસે શહેરના સાલવીવાડા વિસ્તારમાં આવેલ લિમ્બચ માતાની પોળમાં દર વર્ષની જેમ પ્રથમ નોરતે નવદુર્ગા સહિત બટુકોનું વિધિવત રીતે પૂજન કરાયું હતું.

જેમાં નાની નવ બાળકીઓને દુર્ગારૂપે તથા નાના પાંચ બાળકોને બટુકરૂપે માતાના ચોકમાં ઉભી રાખી મહોલ્લાના રહીશો દ્વારા તેમની વિધિવત રીતે પૂજા-અર્ચના કરવામાં આવી હતી. ત્યારબાદ જુની પરંપરા મુજબ માના ચાચર ચોકને વધાવીને નવરાત્રિ મહોત્સવનો પ્રારંભ થયો હતો અને જુની પ્રણાલિકા મુજબ ગરબાની શરૂઆત થઈ હતી. જ્યારે શહેરના હિંગળાચાચર, સોનીવાડા, ભાટીયાવાડ, ઉંડાપીર તથા હાઈવેની સોસાયટીઓમાં વિધિવત નવરાત્રિનો મહોત્સવ શરૂ થયેલ. શેઠ એમ એન હાઈસ્કૂલમાં ટ્રેડિશનલ ડ્રેસ સાથે યુવક-યુવતીઓ ગરબામાં મસ્ત બન્યા હતા.

## ધી ન્યૂ પ્રોગ્રેસિવ બી.એડ. કોલેજમાં હિન્દી દિન ઉજવાયો

મહેસાણા

ધી ન્યૂ પ્રોગ્રેસિવ કોલેજ ઓફ ટીચર્સ એજ્યુકેશન, મહેસાણા દ્વારા તા.૧૪-૯-૨૦૧૭ ના રોજ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજના પ્રશિક્ષણાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત રાષ્ટ્રભાષા હિન્દીના મહત્વને ઉજાગર કરતા વ્યાખ્યાન, ગીત, નૃત્ય, માઈમ, ડાંગી નૃત્ય વગેરે રજુ કર્યા હતા. આયોજિત ઉજવણી કાર્યક્રમમાં અતિથિ તરીકે પ્રા.તુલશીભાઈ પટેલ (સાહિત્યકાર) અને ભાનુબેન શર્મા(શિક્ષિકા, તપોવન ઈન્ટરનેશનલ સ્કૂલ) ઉપસ્થિત રહીને રાષ્ટ્રભાષા હિન્દીનું સ્થાન તેની સામેના અવરોધો અને હિન્દી ભાષાને વધુ લોકભાગ્ય બનાવવા માટેના વિચારો રજૂ કર્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોનો શાબ્દિક પરિચય ડો.એમ.કે. પટેલે રજૂ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રા. કમલેશભાઈ ગોહિલ દ્વારા કરાયું હતું. અંતે આભારવિધિ ડો.લતાબેન શર્મા દ્વારા રજૂ કરવામાં આવી હતી.

# શિહોરી પોલીસે ટ્રેક્ટર ચોર ઝડપ્યો

## ટ્રેક્ટર ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલાયો


વિજય સિલ્વા

પ્રતિ. શિહોરી

કાંકરેજ તાલુકાના રતનપુરા(શિહોરી) હાઈવે ઉપરથી ટ્રેક્ટરની ઉઠાંતરી કરનાર આરોપીને પોલીસે ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દઈ ટ્રેક્ટર ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી દીધો હતો.

રતનાપુરા(શિહોરી) ગામના મેથાજી ગંભીરજી ઠાકોર સાંજના સુમારે હાઈવે ઉપર પોતાનું ટોલી સાથેનું ટ્રેક્ટર(નં.જી.જે.૦૮.પી.૮૭ ૮૯) પાર્ક કરી ખેતરમાં ગયા હતા પરંતુ કોઈ તસ્કર ટ્રોલી સાથેના ટ્રેક્ટરની ઉઠાંતરી કરી ગયો હતો. જે મતલબની તેમણે શિહોરી પોલીસ મથકે ૪ લાખની ફરીયાદ નોંધાવી હતી. જેથી પી.એસ.આઈ. બી.એમ.કરમટાએ પોલીસની જુદી જુદી ટીમો બનાવી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. દરમ્યાન આ ટ્રેક્ટર દિયોદર ખાતે ચૌધરી(કાથરોટીયા) અલ્કેશભાઈ રમાભાઈ (રહે.રૈયા જુના, તા.દિયોદર) પાસેથી મળી આવ્યું હતું. તેણે ટ્રેક્ટર ચોર્યાની કબુલાત કરી હતી. તેથી પોલીસ તેની અટકાયત કરી જેલ હવાલે કરી દીધો હતો.


## જાહેર હરાજી

છાણીયા ખાતર (ઉકરડા) ની જાહેર હરાજી

તા.૨૮/૦૯/૨૦૧૭, ગુરૂવાર
સમય ૧-૦૦ થી ૩-૦૦ વાગે

શ્રી રાધેક્રિષ્ણ
ગૌશાળા – જુની ભીલડી, તા.ડીસા, જિ.બ.કાં.
મો.૯૭૨૪૦૮૫૫૨૦, ૯૭૨૪૪૯૫૨૪૪



## જાહેર આભાર



નાગજીભાઈ જે.દેસાઈ – પ્રમુખ, દી.તા.યુવા ભાજપ
લક્ષ્મણભાઈ વી. પટેલ – ઉપપ્રમુખ, દી.તા.યુવા ભાજપ
ભરતભાઈ એચ.જોષી – મહામંત્રી, દી.તા.યુવા ભાજપ

માન.રાજ્ય મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી, બ.કાં.જીલ્લા ભાજપ પ્રમુખ અને રાજ્યમંત્રીશ્રી કેશાજી ચૌહાણ, બ.કાં.પ્રભારી શ્રી દુષ્યંતભાઈ પંડ્યા, બ.કાં.જીલ્લાના મહામંત્રીશ્રીઓ, બ.કાં.જીલ્લા યુવા મોરચાના પ્રમુખ હરેશભાઈ ચૌધરી, બ.કાં.યુવા મોરચાના મહામંત્રીશ્રીઓ, બ.કાં.જીલ્લા યુવા ભાજપ ઉપપ્રમુખ રમેશભાઈ ચૌધરી, દી.તા.ભાજપ પ્રમુખ પરાગભાઈ જોષી, મહામંત્રી ભરતભાઈ અખાણી સહીત તાલુકાના તમામ ભાજપના કાર્યકરોના સાથ અને સહકારથી મારી દીઓદર તાલુકા યુવા ભાજપ ઉપપ્રમુખ તરીકે વરણી કરવા બદલ સૌનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

લિ.
પટેલ લક્ષ્મણભાઈ વાલાભાઈ
ઉપપ્રમુખ, દીઓદર તાલુકા યુવા ભાજપ (૯૯૦૯૭ ૮૯૫૯૦)
મું.ભેંસાણા, તા.દીઓદર, જી.બ.કાં.


# થરાદમાંથી ચોરાયેલ મોબાઈલ ખરીદનાર ડીસાના વેપારીની અટકાયત

થરાદ

થરાદ પોલીસે ચોરીના ૧૪ મોબાઈલ સાથે એક શખ્સની અટકાયત કર્યા બાદ તેની પુછપરછ કરી હતી જેમાં તેને આ તમામ મોબાઈલ ડીસાના એક વેપારીને વેચ્યા હોવાનું જણાવતાં પોલીસે વેપારીની પણ અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે. થરાદમાં મોબાઈલ ચોરીના વધતા બનાવોને લઈ પી.આઈ. એ.બી.પટેલે તેમના સ્ટાફ સાથે તપાસ હાથ ધરી હતી. જે દરમ્યાન બાતમીના

અનુસંધાન પાના નં.૬


## જાહેરાત

રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત રાજય ગ્રામ વિકાસ સંસ્થા અમદવાદ જિલ્લા પંચાયત સા.કાં., હિંમતનગર તાલુકા પંચાયત વડાલી અને શ્રી મહિલા ગ્રામ વિકાસ સંસ્થા હિમતનગર સંયુક્ત ઉપક્રમે પંચાયતી રાજ બેઝીક ફાઉન્ડેશન ૩ દિવસીય તાલીમ યોજાઈ રહી છે.

આ તાલીમમાં તમામ ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓ, સદસ્યોશ્રીઓ, તલાટી કમ મંત્રીશ્રીઓને પંચાયતી રાજ ૭૩ મો બંધારણીય સુધારો પંચાયતોની વહીવટી વ્યવસ્થા, અંદાજપત્ર હિસાબો ઓડીટ ૧૪ મું નાણાપંચ, જીપીડીપી કેન્દ્ર અને રાજય સરકારની યોજનાઓ જેવા વિષયોમાં વિષય નિષ્ણાંતો દ્વારા તાલીમ આપવામાં આવી રહી છે.

ઉપરોક્ત તાલીમ કાર્યક્રમ જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ.જે.વ્યાસ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી એ.એમ.દેસાઈ, તાલુકા વિકાસ અધિકારી શ્રી યુ.એસ.ઠાકોર તથા શ્રી મહિમા ગ્રામ વિકાસ સંસ્થાના મંત્રીશ્રીના સતત માર્ગદર્શન હેઠળ સફળ તાલીમો ચાલી રહી છે.

યુ.એસ.ઠાકોર
તાલુકા વિકાસ અધિકારી
તાલુકા પંચાયત, વડાલી


## ધાનેરાના ધારાસભ્યશ્રી જોઈતાભાઈ કે. પટેલ ધાનેરા કોંગ્રેસને નુકશાન કરવા બેઠા છે : મહેદાભાઈ કે. પટેલ

**ધાનેરા તાલુકા કોંગ્રેસના પ્રમુખ અને દાંતીવાડા તાલુકા કોંગ્રેસના પ્રમુખ ધાનેરાના ધારાસભ્યની વ્યક્તિગત પુજા કરતા ન હોઈ પદ ઉપરથી હટાવાયા**

પ્રથમ નવિન નિમણૂંક પામેલ પ્રમુખશ્રીઓને અભિનંદન પાઠવીએ છીએ. ધાનેરા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પદે શ્રી મહેદાભાઈ કે. પટેલ છેલ્લા સાત વર્ષથી કાર્યરત હતા અને દાંતીવાડા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી નટવરસિંહ કે. વાઘેલા કાર્યરત હતા અને બન્ને તાલુકામાં કોંગ્રેસનું સંગઠન બુથ સ્થરથી મજબુત કરેલ હતુ. અમો છેલ્લા સાત વર્ષથી પક્ષ માટે નિષ્ઠા અને પ્રમાણિકતાથી કામ કરતા હતા અને પક્ષ દ્વારા આપવામાં આવેલ તમામ જવાબદારી અને તેની ફરજ બજાવતા હતા તેમજ પ્રદેશના તમામ કાર્યક્રમો પક્ષની મર્યાદામાં રહીને કરતા હતા.

વધુમાં શ્રી મહેદાભાઈ કે. પટેલ જણાવે છે કે, ધાનેરા વિધાનસભાની ચૂંટણી જે કોંગ્રેસ છેલ્લા ૨૦ વર્ષોથી જીતતી ન હતી પણ અમારા સમય ગાળામાં અમારી મહેનત અને સંગઠનના આયોજનથી જીતેલા તેમજ તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકા કોંગ્રેસ પક્ષે અમારા સમયગાળામાં જીતેલી અને પક્ષ માટે સ્વ ખર્ચે અમો કામગીરી કરતા હતા. અમો સંગઠન અને પક્ષને પ્રથમ પ્રાધાન્યતા આપતા હતા અને ધારાસભ્યશ્રી જોઈતાભાઈ કે. પટેલની વ્યકિતગત જીહજુરી કરતા ન હતા. તેથી પક્ષ દ્વારા માત્રને માત્ર જોઈતાભાઈ પટેલની વાતને ધ્યાને લઈ અને અમોને કોઈપણ પ્રકારની નોટીસ અને સાંભળવાની તક આપ્યા સિવાય રાતોરાત ઓર્ડર કરી પ્રમુખ પદેથી હટાવી દીધેલ છે. આમ, ધારાસભ્યશ્રી ધાનેરામાં કોંગ્રેસ પક્ષને નુકશાન કરવાનું કામ કરી રહ્યા છે અને ધારાસભ્ય પ્રત્યે ધાનેરા મત વિસ્તારના લોકોમાં પણ આક્રોશ જોવા મળે છે.

વધુમાં શ્રી નટવરસિંહ કે. વાઘેલા જણાવે છે કે, જો આ રીતે કોંગ્રેસ પક્ષ માત્રને માત્ર એક વ્યકિતના ઈશારે હોદ્દેદારો બદલવાનું કામ કરશે તો આવનારા દિવસોમાં ધાનેરા મત વિસ્તારમાં પક્ષના અને પાયાના કાર્યકર્તાઓ કોંગ્રેસ પક્ષથી દુર થઈ જશે અને આવનારી વિધાનસભામાં તેનું પરિણામ જોવા મળશે.

# પાલનપુરના ગણેશપુરા વિસ્તાર મા અનોખા ગરબા



સંજય જોષી

પાલનપુર

માં આદ્યશક્તિની ભક્તિ-શક્તિ અને આરાધનાનું નવલા નવરાત્રી નું પર્વ ધૂમ મચાવી રહ્યું છે. ત્યારે નવરાત્રિ પર્વ દરમિયાન પાલનપુર ના ગણેશપુરા વિસ્તારમાં "વિકાસ ગાંડો થયો" ના બેનર લાગતા શાસક પક્ષ ભાજપની ઊંઘ હરામ થઈ જવાની સાથે ચકચાર મચી જવા પામી હતી. વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે. ત્યારે નવરાત્રિ પર્વ માં પણ તેની છાંટ જોવા મળી રહી છે. પાલનપુરના ગણેશપુરા વિસ્તારમાં નવરાત્રિ દરમિયાન ચાચર ચોકની આસપાસમાં અનોખા પોસ્ટર લગાવવામાં આવ્યા છે. જેમાં ગણેશપુરાની યાતના સહિત આમ આદમીની વેદના વર્ણવતા "નોટબંધીના તાયફાથી ચોર

અનુસંધાન પાના નં.૬

# ઠાકોર સેનાના જનાદેશ ઉપર જનતાની નજર

**બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં ક્ષત્રિય-ઠાકોર અને ચૌધરી-પટેલ સમાજની બહુમતિ**

વિધાનસભાની ચૂંટણી જાહેર થાય તે પૂર્વે જ 'સોશ્યિલ મીડીયા' માં પરંપરાગત હરીફ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે વિકાસના મુદ્દે ઘમાસાણ મચી રહ્યું છે. જેમાં આમ જનતા પાર્ટી, જનતાદળ(યુ) અને હવે જન વિકલ્પ મોરચો પણ જોતરાયો છે. જેને લઈ ઉત્તેજનાનો માહોલ છવાયો છે. ત્યારે બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં ટૂંકા સમયગાળામાં 'કાઠુ' કાઢનાર ક્ષત્રિય ઠાકોર સેનાના અલ્પેશ ઠાકોરને આગામી ૯ ઓક્ટોબરે રાજધાની ગાંધીનગર ખાતે મળનાર 'જનાદેશ' ને લઈને ભારે ઉત્સુકતા છવાઈ છે.

'મોદી મેજીક' ના અમુક અપવાદોને બાદ કરતા વિધાનસભાની ચૂંટણી મુખ્યત્વે જાતિવાદના સમીકરણને લઈને જ લડાય છે. ભાજપ- કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષો ચૂંટણી પૂર્વે ઉમેદવારોની લાયકાતના ઢગલાબંધ માપદંડો જાહેર કરે છે. પરંતુ ટીકિટ ફાળવણીના આખરી તબક્કામાં બહુમતિ ધરાવતા સમાજના ઉમેદવારની મોટાભાગના રાજકીય પક્ષો પસંદગી કરે છે. તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૭ ની વિધાનસભાની ચૂંટણીમાં 'એન્ટીઈન્કમબન્સી' થી બચવા જાતિવાદી સમીકરણની સાથે સાથે સ્વચ્છ પ્રતિભા ધરાવતા નવા નિશાળીયાઓને ટીકિટ ફાળવી હતી. એ વખતે તેમનો સિતારો મધ્યાહ્ને તપતો હતો. જેથી તેમનો આ દાવ કારગત નિવડ્યો હતો. પરંતુ હવે ગુજરાતમાં મોદી શાસન રહ્યું નથી. 'અચ્છે દિન' ના વાયદા વચ્ચે મોંઘવારી - ભ્રષ્ટાચાર બેકાબુ બની ગયો છે. પાટીદાર, દલિતો અને ખેડુતો પણ ભાજપથી નારાજ છે. તેથી વિકાસની આડમાં આમ પ્રજા ભાજપની ફિરકી લઈ રહી છે. જેના કારણે ભાજપની લોકપ્રિયતા ઓસરવા લાગી હોવાનું દેખાઈ રહ્યુ છે. સામા પક્ષે વર્ષોથી સુષુપ્ત કોંગ્રેસ રાજ્યસભાની ચૂંટણી જીત્યા બાદ સક્રિય થઈ ગઈ છે. ચૂંટણી પૂર્વે કોંગ્રેસના સોશ્યિલ મીડીયા સેલે વિકાસના મુદ્દે ભાજપની ઊંઘ હરામ કરી દીધી છે. તેથી બંને પરંપરાગત હરીફ વચ્ચે ચૂંટણીના 'મરણીયા જંગ' ના મંડાણ થઈ ચૂક્યા છે. જેના પગલે બંને પક્ષો જીતી શકે તેવા સક્ષમ ઉમેદવારોનો ચૂંટણીના મેદાનમાં ઉતારશે તે નક્કી છે. જેમાં જાતિવાદી સમીકરણનો પ્રાથમિકતા મળશે તે પણ નક્કી છે..!! બનાસકાંઠા સહિત ઉત્તર ગુજરાતની વાત કરીએ તો અહીં મુખ્યત્વે ક્ષત્રિય- ઠાકોર અને ચૌધરી- પટેલ સમાજની બહુમતિ છે. એકલા બનાસકાંઠામાં ૨૦૧૨ માં યોજાયેલ વિધાનસભાની ચૂંટણી ઉપર નજર કરીએ તો નવ બેઠક પૈકી બે અનામત બેઠકોને બાદ કરતા બાકીની

**બનાસકાંઠાની બે અનામતને બાદ કરતા બાકીની સાતેય બેઠક ઉપર બહુમતિ સમાજનું પ્રભુત્વ**

અનુસંધાન પાના નં.૬


**ઉત્તર ગુજરાતના લોકપ્રિય અખબાર રખેવાળ દ્વારા...**




ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પડઘમ વાગવાને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે ઉત્તર ગુજરાત અને બનાસકાંઠાની તમામ વિધાનસભાની બેઠકનો વિસ્તૃત અહેવાલ, રાજકીય ઈતિહાસ, દરેક બેઠક પર કોણ દાવેદાર છે. કયો પક્ષ મજબુત છે. વગેરે વિગતો રખેવાળ ટીમ દ્વારા વાંચકો સમક્ષ મૂકવામાં આવશે. વાંચકો પણ ચૂંટણી-૨૦૧૭ના આ વિશેષ કવરેજમાં પોતાના સૂચન - અભિપ્રાય મોકલી શકશે. તો હવે રાહ કોની જુઓ છો. તમારી નકલની વ્યવસ્થા આજથી જ કરશો - તેમજ તમારા સૂચનો - અભિપ્રાયો નીચેના નંબરે વ્હોટ્સએપ તેમજ ઈ-મેઈલ પર મોકલવા વિનંતી. વ્હોટ્સ એપ - મો.૯૮૨૪૫૦૨૧૦૨
Email : rakheval@gmail.com


**સોશ્યિલ મીડીયામાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે અત્યારથી જ ઘમાસાણ**

# થરાદના યુવકે વ્યાજખોરોના ત્રાસથી દવા ગટગટાવી

**રૂ.૧૫,૦૦૦ના રૂ.૧,૩૫,૦૦૦ ચૂકવ્યા છતાં ૬ લાખ ની પઠાણી ઉઘરાણી**

થરાદ

થરાદના વેપારીએ મોબાઈલ ખરીદવા રૂ.૧૫,૦૦૦ વ્યાજે લીધા હતા. જે પેટે હવાલા પાડીને છ વ્યાજ ખોરોએ તેમની પાસેથી રૂ.૧,૩૫,૦૦૦ વસૂલ્યા હતા. તેમ છતાં વધુ છ લાખ વસૂલવા પઠાણી ઉઘરાણી કરી માર મારી બળાત્કારના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપતા હતા. જેથી કંટાળીને તેણે ઉધઈની દવા પી લીધી હતી. જેથી તાબડતોબ સારવાર બાદ તે થરાદથી પાલનપુર દવાખાને ખસેડાયો છે.

બનાસકાંઠા જિલ્લામાં વ્યાજખોરોનો આંતક વધી પડ્યો છે. જેની દર્દનાક દાસ્તાનો અવારનવાર અખબારોના પાને ચમકતી રહે છે. ત્યારે વધુ એક પ્રકાશમાં આવેલ કિસ્સાની મળતી વિગતો મુજબ થરાદમાં મીઠાઈની દુકાન ધરાવતા અજાભાઈ પ્રજાપતિના પુત્ર ભુપેન્દ્રે (ઉ.વ.૨૦) મોબાઈલ લેવા માટે ચારડા ગામના ભરતસિંહ રૂપસિંહ રાઠોડ પાસેથી વ્યાજે રૂ.૧૫,૦૦૦/- લીધા હતા. જેથી વ્યાજ પેટે એ વખતે તેણે ૫૦૦૦ રૂ. કાપી લઈ રૂ.૧૦,૦૦૦ આપ્યા હતા. એ પછી પંદર દિવસે ભરતસિંહે વ્યાજ અને દંડ પેટે રૂ.૫૦,૦૦૦ થાય છે તે આપવા કહ્યું હતું પણ તેણે રૂપિયા ન હોવાનું જણાવતા ઢીમાના કિરણસિંહ વીરાભાઈ રાજપુત પાસેથી લઈ લઉં છું. તું તેને રૂ.૫૦,૦૦૦ આપી દેજે. તેના થોડા દિવસ બાદ કિરણસિંહે તેને તારા ૫૦,૦૦૦ મે આપી દીધા છે

અનુસંધાન પાના નં.૬


